Evergreen Rehvani Kala (Gujarati)

Avantika Gunvant

Evergreen રહેવાની કળા

જિંદગીના પાછલા વર્ષોને સોનેરી સમયમાં ફેરવી દેતી અમૂલ્ય વાતો

અવંતિકા ગુણવંત



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

Evergreen રહેવાની કળા

જિંદગીના પાછલા વર્ષોને સોનેરી સમયમાં ફેરવી દેતી અમૂલ્ય વાતો

અવંતિકા ગુણવંત



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

EVERGREEN RAHEVANI KALA

Articles on managing for sweet sixty plus life

Written by Avantika Gunvant

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad

પ્રથમ આવૃત્તિ : જુલાઈ, ૨૦૧૬

પ્રકાશક
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Cataloging-in-Publication (CIP)

Gunvant , Avantika
Evergreen Rehavani Kala /Avantika Gunvant
Ahmedabad : R. **R. Sheth & Co. Pvt. Ltd.** , 2016 120 p., 22 cm.
ISBN : 978-93-5122-443-3
(1) Articles on managing for sweet sixty plus life
I. Avantika Gunvant II. Title

અર્પણ

જેમણે કદી મને ટોકી નથી
કે વઢયાં નથી
બસ, મારી રીતે વિકસવા દીધી છે
એ
મારાં પૂજ્ય વત્સલ
બા-બાપુજીને
સ્નેહાદર સાથે

– અવંતિકા

આપણી વાત
આપણી લડાઈ આપણે જ લડવાની છે

આદરણીય સ્નેહી વાચક મિત્રો,

સતત લખાતાં મારાં લખાણોમાં હું માણસ અને જીવન વિશે લખું છું. માણસ અને માણસનું જીવન મારા પ્રિય વિષયો છે. આ પુસ્તકમાં મેં જીવનના ત્રીજા અને ચોથા તબક્કા વિશે લખ્યું છે.

મિત્રો, તમે બોલી ઊઠશો કે જીવનનો ત્રીજો અને ચોથો તબક્કો એટલે નિવૃત્તિકાળ – વૃદ્ધત્વ. આ તબક્કે વ્યક્તિ પરવશ અને લાચાર હોય છે. તમારી વાત સાચી છે, થોડા દસકાઓ પહેલાં આ તબક્કો લાચારીનો હતો પણ અત્યારે એવું નથી. દાક્તરી વિજ્ઞાને પ્રગતિ કરી છે તેથી વૃદ્ધાવસ્થાની પરવશતા ખાસ રહી નથી. દાંત નથી તો ચોકઠું વાપરો, ચલાતું નથી તો વૉકર અને વ્હીલચેર વાપરો, કાને ઓછું સંભળાતું હોય, માથે વાળ આછા થઈ ગયા હોય, આંખે ઓછું દેખાતું હોય તો ય આધુનિક વિજ્ઞાન પાસે આ બધી તકલીફોના ઉપાયો છે. માટે વૃદ્ધત્વ-નિવૃત્તિકાળ એ તો જીવનનો અંત નહીં પણ નવજીવનનો આરંભ છે.

આપણે જાણીએ છીએ કે વૃદ્ધાવસ્થા કુદરતનો અફર નિયમ છે, વૃદ્ધાવસ્થા એક શારીરિક પરિવર્તન છે, ઉંમર થાય એટલે વૃદ્ધાવસ્થાનાં લક્ષણો દેખાય જ દેખાય. માણસે વૃદ્ધ થવું કે યુવાન રહેવું એ એણે પોતે નક્કી કરવાનું છે.

મનુષ્યની કર્મેન્દ્રિયો છેક સુધી એટલે કે સો વર્ષ સુધી બરાબર કામ આપે એવી સક્ષમ હોય છે. આપણને મળેલી કુદરતની એ અદ્ભુત ભેટ છે. માણસ જો આપણા પ્રાચીન ઋષિમુનિઓએ પ્રબોધેલી જીવનશૈલી સ્વીકારે તો સો વર્ષ સુધી સક્રિય રહી શકે છે અને નિવૃત્તિકાળ એટલે કે વૃદ્ધાવસ્થા સૌંદર્ય, માધુર્ય અને ગૌરવથી છલકાતી ઓજસ્વી, સમૃદ્ધ અને દેદીપ્યમાન રહેશે, તો પછી નિવૃત્તિકાળ એટલે કે વૃદ્ધાવસ્થાથી ડરવાનું શું કામ? આપણા શરીરમાં જે પરિવર્તન આવે એને સહર્ષ સ્વીકારીને હળવા શું કામ ન રહીએ? હા, દરેક અવસ્થાની જેમ વૃદ્ધાવસ્થાના ઘણા પ્રૉબ્લેમ્સ હોય છે પણ આપણે આપણી ક્ષમતા અને સમય મુજબ જિંદગીનું આયોજન કરતા રહીએ તો પ્રૉબ્લેમ્સ ઓછા ઉદ્ભવે.

આપણે ધારીએ તો વૃદ્ધત્વને એટલે કે નિવૃત્તિકાળને અમૃતમય બનાવી શકીએ. સવાલ જીવનદૃષ્ટિનો છે, જીવનદર્શનનો છે. જીવન જીવવાની એક કળા છે. પૈસાના અભાવમાંય આનંદ શોધો તો આનંદ મળશે. પથારીવશ વ્યક્તિ પણ સુમધુર કંઠે ગાઈને પોતે પ્રસન્ન થાય છે અને ચોપાસનું વાતાવરણ પ્રસન્નતાથી છલકાવી શકે છે. જીવનને આનંદયમય સફળ બનાવવા ખાસ ચિંતનભરી જીવનદૃષ્ટિ જોઈએ. નવું નવું શીખવા માટે સદા પ્રવૃત્ત રહેવું જોઈએ. યાદ રાખો કે નિવૃત્તિ એટલે નિષ્ક્રિયતા નહીં. વૃદ્ધાવસ્થા અભિશાપ નથી.

ઉત્તરાવસ્થામાં ઘણા સંબંધો છૂટી ગયા હોય છે. જવાબદારી લગભગ પૂરી થઈ ગઈ હોય છે, ત્યારે આપણે આપણા પોતાના આગવા સત્ત્વ, અભિગમ, અભિરુચિ, માન્યતા, વિચારો અને પૂર્વગ્રહોનું વિવેકપૂર્ણ આયોજન કરીએ તો, વાર્ધક્ય જિંદગીનું સ્વર્ણિમ શિખર બની શકે છે.

અહીં મેં જે લખ્યું એ બધું મારા સ્વાનુભવની વાત છે. મારી જિંદગીના સાડાસાત

દાયકા પૂરા થયા છે, સંતાનો દૂર પરદેશમાં વસ્યાં છે, ભારતમાં અમે બેઉ પતિ-પત્ની જ છીએ પણ અમારાં મન ઉદાસ નથી, નિરાશ નથી, અમે પ્રસન્ન રહીએ છીએ.

કેવી રીતે કેમ અમે પ્રસન્ન રહી શકીએ છીએ? કારણ કે નિષ્ઠાપૂર્વક મનગમતી પ્રવૃત્તિ કરીએ છીએ. સંજોગો તો બદલાતા રહે છે, ક્યારેક અણગમતું ય બને પણ મન નારાજ નથી થતું. મન મક્કમ છે અને એ શંકા, કુશંકા, વહેમ અને નકારાત્મક વિચારોથી દૂર રહે છે.

અહીં એક વાત યાદ આવે છે કે સ્વભાવ વારસાગત હોય છે. મારાં બા- બાપુજી સ્વભાવે આશાવાદી અને ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતાં હતાં. સંકટ સમયે, મોટા નુકસાનની વેળાએ ય તેઓ ઉદાસ કે નિરાશ થતાં નહિ. બા-બાપુજીનો જીવનસંઘર્ષ અને સત્ત્વશીલ જિંદગી મેં નજરે જોયાં છે. કટોકટીની પળોમાંય એમણે બીજાને સહાય કરી છે. તેઓ મારાં પ્રેરણાસ્રોત છે. એમણે મનની પ્રસન્નતા કદી ગુમાવી ન હતી, નકારાત્મકતાથી કાયમ તેઓ દૂર રહ્યાં હતાં.

મિત્રો, આપણે ય આપણી નવી પેઢી માટે પ્રેરણાસ્રોત બનવાનું છે એ કદી ભૂલશો નહીં.

આ પુસ્તક ભલે મેં વૃદ્ધાવસ્થા વિશે લખ્યું પણ પુસ્તકનાં લખાણો બધી જ ઉંમરની વ્યક્તિઓને રસ પડે તેવાં છે. આજે સિનિયર સિટીઝન્સની સંખ્યા વધતી જાય છે, જીવનકાળ લાંબો થતો જાય છે, ત્યારે દરેક વ્યક્તિએ વૃદ્ધાવસ્થાને વધાવવાની તૈયારી અત્યારથી કરવી જોઈએ.

તમને અને મને વાર્તા ગમે છે તેથી વૃદ્ધાવસ્થા વિશે મારે જે કંઈ કહેવું છે એ મેં વાર્તામાં ગૂંથી લીધું છે. આ વાર્તાઓ તદ્દન સાચી છે, માત્ર નામઠામ બદલ્યાં છે. માત્ર હકીકત ક્યારેક શુષ્ક અને કંટાળાજનક લાગે છે, વિચારોનું અમૂર્ત આલેખન ક્યારેક નીરસ લાગે તેથી મેં વાર્તાઓનો – દૃષ્ટાન્તોનો સહારો લીધો છે અને મારે જે કહેવું છે એ કહ્યું છે.

યુવાન વાચકોને ખાસ એક વિનંતિ કે તમે ધારો તો તમારા નિવૃત્તિકાળને વસંતમાં ફેરવી શકો છો એ માટે પુસ્તકનાં લખાણો ધ્યાનથી વાંચો. દીવો જૂનો થાય પણ એનો પ્રકાશ કદી જૂનો નથી થતો. આપણાં મન, બુદ્ધિ, આત્મા કદી વૃદ્ધ નથી થતાં. તેઓ તો ચિરયૌવનનું વરદાન પામ્યાં છે. તેઓ કદી પાનખરમાં ફસાતાં નથી.

વૃદ્ધત્વ વિશેની વાતો લખ્યા પછી પણ કેટલુંક લખવાનું બાકી રહી ગયેલું લાગ્યું તેથી થોડાંક પ્રકરણ વાર્તાત્મક અંશવિહોણા લખાયાં છે, જન્મ અને મૃત્યુ આપણા હાથમાં નથી પણ જન્મ અને મૃત્યુ વચ્ચેનો ગાળો જેને આપણે જીવન કહીએ છીએ એ જીવન આપણા હાથમાં છે. એને ધાર્યો રૂપરંગ આપીને સમૃદ્ધ બનાવવું આપણા હાથમાં છે. આપણે સભાનપણે મહેનત કરીએ તો જીવન એક પ્રેરણાદાયક વિકાસયાત્રા બની શકે. આપણે પૂર્ણરૂપે વિકસી શકીએ છીએ. આપણી ચેતનાનો સર્વાંગી વિકાસ થઈ શકે.

વૃદ્ધાવસ્થામાં ય અફસોસ કરતાં કરતાં લમણે હાથ દઈને 'ઘડપણ કોણે મોકલ્યું?' એવાં રોદણાં રડવાનો વારો ન આવે. માટે જાગો, મિત્રો જાગો. વૃદ્ધાવસ્થાનું વસંતમાં પરિવર્તન કરવા તત્પર બનો.

આ પુસ્તક તૈયાર કરવાનું પ્રોત્સાહન આપનાર શ્રી ચિંતનભાઈ શેઠ તથા શ્રી ભગતભાઈ શેઠ અને આર. આર. શેઠના સમગ્ર પરિવારનો આભાર માનું છું.

– અવંતિકા ગુણવંત

'શાશ્વત'
કે. એમ. જૈન ઉપાશ્રય સામે
ઓપેરા સોસાયટી પાસે
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ટે.નં. : ૨૬૬૧૨૫૦૫

લેખિકાનાં પુસ્તકો

* આંગણની તુલસી
* બાળકોને Develop કેવી રીતે કરશો?
* ઊગે સૂર્ય વિવેકનો
* કુર્યાત્ સદા મંગલમ્
* વાતે વાતે જીવન ઝબકે
* જીવનસાથીની પસંદગી
* એક દૂજે કે લિયે
* સહજીવનનું પ્રથમ પગથિયું
* કથા અને વ્યથા
* અભરે ભરી જિંદગી
* પ્રેમ તારાં છે હજાર ધામ
* એકને આભ બીજાને ઉંબરો
* સપનાંને દૂર શું નજીક શું
* માનવતાની મહેક
* ત્રીજી ઘંટડી
* હરિ હાથ લેજે
* આપણી પ્રસન્નતા આપણા હાથમાં
* સદ્‌ગુણદર્શન
* ગૃહગંગાને તીરે
* ધૂપસળીની ધૂમ્રસેર
* તેજકુંવર ચીનમાં
* તેજકુંવર નવો અવતાર

અનુક્રમણિકા

તમને સજ્જન બનતાં કોઈ નથી રોકી શકતું

પુત્રવધૂ રાજશ્રીની તબિયત સારી નથી. ખૂબ ફિકાશ છે, હેમોગ્લોબિન સાવ ઓછું થઈ ગયું છે. રસોઈ કરતાંય થાકી જાય છે, શ્વાસ ચડે છે, છતાં રસોઈ તો કરવી જ પડે, સમયસર કરવી પડે. અલગ અલગ કેટલીય વાનગીઓ બનાવવી પડે છે, કારણ કે ઘરમાં એકને આ ભાવે ને બીજાને બીજું અને બધાંની માગણી સંતોષવી જ જોઈએ. રાજશ્રી પરણીને આવી ત્યારથી આ પ્રથા પડી છે. રાજશ્રીની સાસુ રક્ષાબહેનનો આ હુકમ છે. અનુલ્લંઘનીય હુકમ.

જો કે, રક્ષાબહેન પોતે તો દેવદર્શન, સાધુસંતોનાં પ્રવચનો અને જાપ કરવામાં જ વ્યસ્ત હોય છે. ઘરની કોઈ બાબતમાં – કામમાં એમનો સહયોગ નથી હોતો. હાં, ચાંપતી નજર હોય છે. રાજશ્રીના સસરા મયૂરભાઈએ એકબે વાર રક્ષાબહેનને કહ્યું, ‘રાજશ્રીને દવાની સાથે થોડો આરામ પણ જોઈએ. એ તો ખૂબ અશક્ત થઈ ગઈ છે.’

‘તો હું શું કરું? આ ઉંમરે ધર્મ નહીં કરું તો ક્યારે કરીશ?’

‘પણ ધર્મ એટલે શું? માત્ર દેવદર્શન, વ્યાખ્યાન અને જાપ? રક્ષા, ધર્મનો સંબંધ આપણાં જીવન અને જીવનની સમસ્યાઓ સાથે નથી? માત્ર પોતાનું જ કલ્યાણ વાંછવાનું, બીજા વિશે કશું વિચારવાનું જ નહીં? રાજશ્રી જો વધારે સમય કામ ખેંચશે અને એને કોઈ મોટો રોગ લાગુ પડી જશે તો? એના માટે તને જરાય લાગણી નથી થતી?’

‘બીજાનું વિચારવામાં મારી અડધી જિંદગી તો ગઈ. હવે હું મારું વિચારું કે લોકોની ફિકર કરું? એવા મોહમાં ફસાયેલી રહું તો મારા આત્માની ઊર્ધ્વ ગતિ ક્યારે થાય? આત્મા શુદ્ધ ક્યારે થાય?’

‘તને મોહમાં ફસાવાનું હું નથી કહેતો, પણ તારા હૈયામાં કરુણા, દયા તો હોવી જોઈએને! આપણી સાથે રહેનાર આપણા જ માણસોનો ખ્યાલ ન કરીએ તો આપણે ભગવાનના ગુનેગાર ન ઠરીએ? રોજ રાજશ્રી ઘરના દરેકનો ખ્યાલ રાખે છે, દરેકને ભાવતું રાંધે છે. એ આજે માંદી છે. જો તું થોડો વખત એને મદદ કરે તો?’

‘ના, મારાથી એ કશું નહીં થાય.’ કહીને રક્ષાબહેન તો મંદિર ચાલી ગયાં. પણ મયૂરભાઈ વહુને હેરાન થતી જોઈને નિષ્ક્રીયપણે બેસી રહે તેવા નથી. તેઓ તરત રસોડામાં ગયા અને રાજશ્રીને કહે, ‘બેટા, શું શું શાક સમારવાનાં છે એ મને બતાવી દે અને દાળ-ચોખા કાઢી આપો. હું કૂકર મૂકી દઉં.’

‘પપ્પાજી, તમે? ના પ્લીઝ તમે શાંતિથી બહાર બેસો. હું બધું કરીશ.’ આભી બનીને કંઈક સંકોચ સાથે રાજશ્રી બોલી.

મયૂરભાઈ હેતથી બોલ્યા : ‘શું કરીશ તું? બોલતાં તો તને શ્વાસ ચડે છે, દીકરી. જો

રાજશ્રી, અમારે બધાને ખાવા જોઈએ છે, તો મદદ કરવાની ફરજ બધાની છે અને આ જ સાચો ધર્મ છે. તારી સાસુ તો ધર્મ એટલે શું એ જ સમજી નથી. જડતાપૂર્વક ક્રિયાકાંડને વળગી રહે એનાથી અંતરાત્મા નિર્મળ નથી બનતો. ધર્મને અનુસરનારનું હૃદય તો કેવું પ્રેમભર્યું હોવું જોઈએ. પોતાના વેરી તરફે પ્રેમ વરસાવે. જ્યારે તું તો ઘરનો દીવો છે. મહાવીર સ્વામીને નાગે ડંખ માર્યો ત્યારે ભગવાને એને હટ હટ કહીને લાત નહોતી મારી, પણ નાગે જ્યાં જ્યાં ડંખ માર્યો હતો ત્યાંથી દૂધ નીકળ્યું હતું. ડંખ દેનાર નાગ માટેય દૂધ. રાજશ્રી, વધારે નહીં. તારી સાસુ આ એક દૃષ્ટાંત ખ્યાલમાં રાખી અને એ પ્રમાણે જીવવા પ્રયત્ન કરે તોય એનો ઉદ્ધાર થઈ જાય. બસ, પ્રેમ પ્રેમ પ્રેમ. પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ. 'પ્રેમ એ જ ધર્મ છે.'

રાજશ્રી સસરાની વાત સાંભળી ભાવથી ગળગળી થઈ ગઈ. એ બોલી : 'પપ્પાજી, તમે મને ધર્મની વાતો સંભળાવો. પ્લીઝ, કોઈ કામ ન કરો. કામ તો હું પતાવી દઈશ.'

'બેટા, ધર્મની વાત કંઈ લાંબી નથી. એ તો છે સાવ ટૂંકી અને સહેલી. આ પંડિતો અને શાસ્ત્રીઓએ એને અઘરી કરી નાખી છે અને ખોટાં થોથાં ભર્યાં છે. લાંબી લાંબી વિધિ અને ક્રિયાઓની કંઈ જરૂર નથી. કલાકો સુધી ભગવાનના ગુણગાન ગાવાની જરૂર નથી. માણસે ઈશ્વરની નજીક જવું હોય તો જાગૃત થઈને પોતાની અંદર જોવું જોઈએ. અહંકાર, દ્વેષ, ઈર્ષા, રાગ વગેરે અવગુણોથી મુક્ત થવું જોઈએ.' આપણે દરેકે યાદ રાખવું જોઈએ કે પ્રાણીમાત્ર માટે હેતપ્રેમ રાખીએ તો જ ઈશ્વર ખુશ રહે. મોટા મોટા અવાજે સ્તુતિ ગાવાથી કે ઘંટ વગાડવાથી કે આરતી ઉતારવાથી તમે ઊંચે નથી જઈ શકતા. રક્ષામાં જો સમજ હોત તો આપણી સવાર દૂષિત ન થાત. એના વિશે ઝાઝો વિચાર કરીને આપણાં હૃદય કે મન ક્લુષિત નથી કરવાં. આપણે તો એક વાત યાદ રાખવાની કે સુખની શોધમાં નીકળેલો માણસ જો માત્ર ભૌતિક સંપત્તિને જ સુખ માની બેસે તો એને કદી સાચું સુખ મળતું નથી. તેમ ધર્મ ધર્મ કરતો માણસ ક્રિયાકાંડમાં જ ફસાયેલો રહે અને એની ઉપર ન ઊઠે તો એ જ્યાં હોય, જેવો હોય એવો જ રહેશે. એને પરમતત્ત્વની ઝાંખી નહીં થાય.'

આજની આધુનિક પેઢી ધર્મવિમુખ બનતી જાય છે. એનું કારણ આ જડ ક્રિયાકાંડ અને સમજ વગરની દોડ છે. આજના વિચારશીલ યુવક-યુવતીઓને માનવતાપ્રેમી ધર્મ સ્પર્શે છે. માણસે હૃદયમનનાં દ્વાર ખોલી નાંખવાં જોઈએ. જીવનનું પ્રત્યેક પાસું ધર્મના રંગે રંગાયેલું હોવું જોઈએ. દરેક પ્રત્યે સમભાવ હોવો જોઈએ. ક્યાંય ઊણા ન ઊતરો. જોને, એક કવિએ કહ્યું છે ને, માનવનું હૃદય હોત શુદ્ધ સ્નેહથી સભર તો ખુદ અને ખુદામાં કોઈ ફરક ના હોત.

વર્ષો પહેલાં અખો કહી ગયો છે, 'તિલક કરતાં ત્રેપન થયાં, જપમાળાનાં નાકાં ગયાં, કથા સૂણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'

'પપ્પાજી, કર્મકાંડ આચરવા કરતાં તો દરેક પ્રત્યે સ્નેહ રાખવો સહેલો છે તો એ માર્ગે બધાં કેમ નહીં જતાં હોય?' નિખાલસતા અને નમ્રતાથી રાજશ્રીએ કહ્યું.

'દીકરી, તારું હૃદય વિશાળ, ઉદાર અને પ્રેમાળ છે. તને પ્રેમ કરતાં આવડે છે તેથી તને એવું સ્વાભાવિક લાગે, પણ સમભાવ, પ્રેમ, ત્યાગ, સમર્પણ, સહિષ્ણુતા, આત્મીયતા એ બધા ગુણો દોહ્યલા છે. જીવનમાં બધું સમ પર હોવું જોઈએ. તો જ સાચી શાંતિ પ્રાપ્ત થાય અને ઈશ્વર ખુશ રહે, પણ કેટલાક લોકો આવું સમજવા તૈયાર નથી અને તેથી ભારે ગરબડ થઈ જાય છે.'

આમ વાતો કરતા કરતા મયૂરભાઈએ બધાં શાક સમારી આપ્યાં. રાજશ્રીએ કૂકર મૂકી દીધું હતું જે થઈ ગયું હતું. રોટલીની કણક બાંધી ગુલ્લા કરી નાખ્યાં હતાં. ઉત્સાહથી મયૂરભાઈ હવે કહે, 'હવે તું રોટલી વણી આપ અને હું ચડાવી દઉં અને ઘી ચોપડી ગરમાગરમ થપ્પી મારી દઉં.'

'ના, પપ્પાજી ના.'

'અરે બેટા, હું મોટો રસોઈયો નહીં બની શકું, મોટો મહાન માણસેય નહીં બની શકું, પણ તને પૂરેપૂરી મદદ કરવા દે, જેથી મને લાગે કે હું સ્નેહાળ સસરો તો બની શક્યો.' સાથે જ દરેક માણસ સજ્જન, સદ્‌ગુણી, સ્નેહાળ તો બની જ શકે છે. સસરાના સ્નેહે રાજશ્રીની અશક્તિ ભગાડી દીધી. એકાએક એની તબિયત સારી થઈ ગઈ.



જીવન છે ત્યાં સુધી જીવંત રહેવાનું છે

કનુભાઈએ સરકારમાં વહીવટી ક્ષેત્રે વિવિધ ઊંચા હોદ્દા પર કામ કર્યું છે. સરકાર તરફથી એમને વિશાળ બંગલો, નોકર- ચાકરનો કાફલો અને બીજી કેટલીય સગવડો મળતી હતી. ત્યારે તો ભલભલા એમનાથી અંજાઈ જાય એવો એમનો પ્રભાવ હતો. તેઓ એમની કક્ષાના માણસ સાથે સંબંધ રાખતા.

એમના બેઉ દીકરાઓ અમેરિકામાં વસ્યા હતા તેથી નિવૃત્ત થયા પછી તેઓ પંદરેક વખત અમેરિકા જઈ આવ્યા હતા. અમેરિકામાં કાયમી વસવાટ માટે તેમણે ગ્રીનકાર્ડ પણ લીધું હતું. પત્ની શારદાબહેનને અમેરિકા ખાસ ગમતું નહીં. તેઓ કહેતા, ‘ચાલોને ઈન્ડિયા. અહીં કોઈ કંપની નહીં તેથી એકલા પડી જવાય છે.’ પણ કનુભાઈ પત્નીની વાત કાને ધરે નહીં. પોતે કાયમ માટે અમેરિકા વસવા આવ્યા છે અને દેશમાં પાછા જતાં રહે તો જાણે પોતાનું નીચું પડી જાય એમ આગ્રહપૂર્વક અમેરિકા જ રહ્યાં. ત્યાં એક દિવસ ચાલતાં ચાલતાં કનુભાઈ ખસી પડ્યા. સાથળનું હાડકું ભાંગી ગયું. ઑપરેશન કરાવ્યું પણ કોઈ ખોડ રહી ગઈ. તેઓ પરાવલંબી બની ગયા. દીકરાઓ એમની બધી ભૌતિક સગવડો સાચવતા હતા પણ ત્યાં એમને પોતાને રસ પડે એવા કોઈ મિત્ર ન હતા. મનમાં આવે ત્યારે ફોન કરીને વાતો કરી શકે એવા કોઈ સંબંધો ન હતા. ત્યારે ભારત યાદ આવ્યું અને ભારત આવી ગયા.

અહીં એમની રીતે એ ગોઠવાઈ ગયા પરંતુ ત્રણેક વર્ષ પછી શારદાબહેનનું હાર્ટફેઇલ થયું અને હવે કનુભાઈ એકલા પડ્યા. દીકરાઓએ કહ્યું, ‘ચાલો, અમારી સાથે અમેરિકા.’

‘ત્યાં આવીને શું કરું? હવે તો આંખોય નબળી પડી છે. વાંચવાનો કે ટી.વી. જોવાનો શોખ રહ્યો નથી. સોબત વગર હું અકળાઈ જાઉં.’

દીકરાઓએ વિશેષ આગ્રહ ન કર્યો ને જતા રહ્યા. એમણે એવું વિચાર્યું નહીં કે પપ્પા ઘરમાં એકલા રહીને કંટાળી જશે. હા, નોકર, રસોયો, ડ્રાઈવર છે – પૈસાની કોઈ ચિંતા નથી પણ પોતાનું માણસ તો નહીં જ ને! દીકરાઓ ગયા પછી કનુભાઈને ઓછું આવી ગયું કે મારી કોઈને ફિકર ચિંતા નથી. પહેલાં તો ઘરમાં પત્ની હતાં. જે પળેપળ એમની કાળજી લેતાં હતાં. પણ હવે તો એમના વગર કહે એમનો મૂડ સમજીને કામ કરનાર કોઈ નથી.

કનુભાઈને ખ્યાલ નથી આવતો કે આજ સુધી પોતે કોઈની સારસંભાળ નથી લીધી, કોઈને પાંચ પૈસાની મદદ નથી કરી તો પોતાની સારસંભાળ કોણ લે?

પોતે કોઈના પર હેતપ્રેમ રાખ્યા નથી. કોઈની હૂંફભરી કાળજી લીધી નથી, તો પોતાની કોણ લે? ક્યારેક તેઓ દીકરાઓને ફોન કરતા. મનમાં હતું કે દીકરાઓ ઉમળકાથી લાંબી લાંબી વાતો કરશે, પણ દીકરાઓ એમના જેવા સ્વકેન્દ્રી હતા, પોતાની કેરિયર અને પોતાનાં સ્ત્રી-બાળકોમાં એમની દુનિયા સમાઈ જતી. હા, તેઓ અત્યંત મીઠાશપૂર્વક પિતાને કહેતા, ‘પપ્પાજી, અમે તમને બહુ યાદ કરીએ છીએ. તમે અહીં આવો.’

વારંવારના દીકરાઓના પ્રેમભર્યા નિમંત્રણથી કનુભાઈ અમેરિકા ગયા. બેઉ દીકરાઓએ કહ્યું, 'તમારે જે દીકરાના ઘેર રહેવું હોય એના ઘેર રહો, બેઉ ઠેકાણે તમારી સગવડો સચવાશે.'

કનુભાઈ બોલ્યા, 'ઇન્ડિયામાં મારી બધી સગવડો સચવાય એવો બંગલો છે, પણ નિર્જીવ સગવડોને શું કરવાની? મારે તો માણસ જોઈએ, માણસનો હેતભર્યો સંગ જોઈએ.'

દીકરાઓ કંઈ ન બોલ્યા પણ મોટી વહુ મીનલ બોલી, 'તમારી સાથે વાતો કરનાર નવરા માણસો તો ઇન્ડિયામાં મળે, અહીં નહીં.'

કનુભાઈને ઝાટકો વાગ્યો. એમની સાથે વાત કરવાનો કોઈને સમય નથી. ડગલે ને પગલે એમને પોતાની અવગણના થતી લાગી. હવે એમને હેત-પ્રેમ, સ્નેહ સમભાવ, સહાનુભૂતિનું મૂલ્ય સમજાયું. આજ સુધી એ એવું માનતા હતા કે માણસ એકલોય ખુશ રહી શકે, પણ તેઓને સમજાયું કે કોઈ જ્ઞાની ફિલૉસૉફર કે કોઈ કલાકાર પોતાનામાં મસ્ત રહી શકે. આપણે નહીં.

આજ સુધી તેઓ પગારદાર માણસો પાસેથી ધાર્યું કામ લઈને સુપેરે વહીવટ કરતા હતા, પણ પોતાની લાગણીઓ પર તેઓ કોઈ નિયંત્રણ ના રાખી શક્યા. પોતાના હૈયામાં ઊઠતા ભાવોનો કોઈ વહીવટ ના કરી શક્યા.

જિંદગીમાં પ્રથમવાર તેમને લાચારીનો અનુભવ થયો. પ્રથમવાર સમજાયું કે મન પાસે ધાર્યું કામ કરાવવું કેટલું અઘરું છે, પણ હવે એકલા જીવતાં શીખવું પડશે. પોતાની લાગણીઓના પોતે સ્વામી થઈને જીવવું પડશે.

જીવનનું આ સત્ય બરાબર સમજાવવા માટે જ ઈશ્વરે મને લાંબું આયુષ્ય આપ્યું છે. કનુભાઈને આ વાત સમજાઈ એ ક્ષણે જ એમનું અભિમાન ઓસરી ગયું, હુંપદ, ગુસ્સો ઓગળી ગયાં અને નમ્રતા આવી. પોતે સર્વોપરી નથી એવું ભાન થયું. બીજાનો વિચાર કરતા થયા.

અને સાથે સાથે એમનો ઉદ્વેગ, ઉદાસીનતા, નિરાશા જતાં રહ્યાં. વર્તમાન પરિસ્થિતિનો સ્વીકાર કરતા થયા. હવે એમને કોઈ દુ:ખ નથી. એ સમજે છે, કુદરતનો આ નિયમ છે. વસંત પછી પાનખર આવે જ.

પાનખરમાં વૃક્ષનાં પાંદડાં ખરી પડે છે, પણ વૃક્ષ મરી નથી જતું. એ થડ તો ટટ્ટાર ઊભું રહે છે અને મારે ટટ્ટાર ઊભા રહેવાનું છે. જીવન છે ત્યાં સુધી સંપૂર્ણ રીતે જીવંત રહેવાનું છે.



ઈશ્વરમાં શ્રદ્ધા હોય તો કોઈ દુઃખ સ્પર્શી નહીં શકે

સંજનાએ એનાં મમ્મી-પપ્પાને કહ્યું, 'અમે કેનેડા જવાનું પ્લાનિંગ કરી રહ્યાં છીએ. આ એપ્રિલ સુધીમાં બધું ફાઈનલ થઈ જશે.'

વિનોદભાઈએ તરત પૂછ્યું, 'તારાં સાસુ-સસરાની પરવાનગી લીધી?'

'પરવાનગી શું લેવાની? હા, એમને જણાવ્યું છે ખરું.' જણાવવું એક વાત છે અને પરવાનગી બીજી વાત. તમે એમની પરવાનગી લો. એ તમારી ફરજ છે. માબાપને સાચવવાની જવાબદારી તમારી છે.' 'એકલા અમારે માથે એમની જવાબદારી નથી. મારાં દિયર-દેરાણી તો અહીં જ છે, તેઓ એમને જોશે.'

'અત્યારે તારાં દિયર-દેરાણી અહીં છે પણ તેમને ચાન્સ મળે તો તેઓ તમારી જેમ ઊડે, ત્યારે તારાં સાસુ-સસરા એકલાં અહીં રહેશે.'

'તેઓ ય પરદેશ આવશે.' સંજના બોલી.

'બેટા, તમે તમારા ભવિષ્યનો વિચાર કરો છો ત્યારે કેમ ભૂલી જાઓ છો કે આ માબાપે તમને ઉછેરતાં કેવાં મધુર સુંદર સ્વપ્નાં જોયાં હશે. એમના જીવનનું કેન્દ્ર તમે હશો અને આજે વૃદ્ધાવસ્થામાં એમને એકલાં રહેવાનું આવે ત્યારે કેવાં પડી ભાંગે? માત્ર સફળતાને તમારા જીવનનું ધ્યેય ન બનાવો. ભૌતિકવાદની દોટમાં આંધળા ન બનો. દીકરી જિંદગીને અખિલાઈપૂર્વક જુઓ, જિંદગીભરનો સંતોષ મેળવવો હોય તો માબાપ તરફ જરાય બેદરકાર ના બનો.'

'પપ્પા, અમે એમના તરફ જરાય બેદરકાર નથી બન્યાં. એમણે અમારા માટે જે સ્વપ્નાં જોયાં છે, તે સાકાર કરવા અમે જઈએ છીએ. ઘર, વતન, સ્વજનો, મિત્રો આ પરિચિત ભૂમિ છોડીને જતાં અમને ય દુઃખ થાય છે. અમારામાંથી કંઈ બાદ થતું હોય એવું લાગે છે. વળી પારકા દેશમાં અજાણ્યા લોકો વચ્ચે જઈને વસવું આસાન નથી. ત્યાં સંસ્કૃતિ બીજી, ભાષા બીજી, રીતરિવાજ, નિયમો બધું ભિન્ન. ત્યાં જઈ મુખ્ય પ્રવાહમાં ભળવું એ અમારા માટે ય એક પડકાર જ છે. અમારે ત્યાં કેવો આકરો સંઘર્ષ કરવો પડશે! અમારે બેઉએ જૉબ કરવો પડશે, આગળ વધવા, નાના-મોટા સ્ટડી કોર્સ પણ કરવા પડશે. ત્યાં થાકવાની ફરિયાદ નહીં ચાલે...'

'પણ દીકરી, તમે બેઉ યુવાન છો. તમારા પગમાં જોમ છે, આંખમાં સ્વપ્નાં છે, તમારા જેવા સેંકડો યુવકો કંઈ કેટલાય દેશોમાંથી આવીને ત્યાં વસે છે. તમારે બધાંની ઝંખના એક સમાન છે તેથી તમને એકલાપણું ના લાગે. તેમના સંગે તમને સંઘર્ષ કરવાનું બળ અને પ્રેરણા મળે. પણ તારાં સાસુ-સસરાને નિરાંત ભોગવવાનો આ સમય છે, એ તમારે ના ભૂલવું જોઈએ.'

'પપ્પા, તમારે મારી દૃષ્ટિએ વિચારવાનું હોય કે મારાં સાસુ-સસરાની દૃષ્ટિએ? હું તમારી દીકરી છું, મને આગળ વધવાની ઉમેદ છે, અત્યારે અમે છીએ એ ક્ષેત્ર અમને નાનું પડે છે, હું આઈ.ટી.નું ભણતી હતી ત્યારથી મેં ક્ષિતિજને પેલે પાર પહોંચવાની મહત્ત્વાકાંક્ષા સેવી છે.'

'દીકરી, તારી મહત્ત્વાકાંક્ષા માટે મને ગૌરવ છે, પણ તું અને તારા પતિ પ્રાંજલ પરદેશ વસવા જઈ રહ્યાં છો એ કોના પ્રતાપે? તારાં સાસુ-સસરાએ પ્રાંજલને કેળવ્યા છે. એમનો વિકાસ અને આ કેલિબર કોને આભારી છે? કોણે પ્રાંજલને આ ક્ષમતા આપી? કોણે એમનું વ્યક્તિત્વ વિકસાવ્યું છે? તારાં સાસુ- સસરાની તપશ્ચર્યાનું આ ફળ છે. તેઓ જરાય ગૂંગળાવા ના જોઈએ, મૂંઝાવા ના જોઈએ. તેમના મનમાં જરાય ઉદાસીનતા, નિરાશા કે લાચારી ના હોવાં જોઈએ.' કંઈ પણ બોલ્યા વિના સંજનાએ ડોકું ધુણાવીને હા કહી, એને એનાં મમ્મી-પપ્પાની વાત સાચી લાગી. એ એના ઘેર ગઈ. સંજનાની મમ્મી રશ્મિબહેને પતિને કહ્યું, 'આપણી દીકરી અહીં વૈભવથી રહે છે. એ અને જમાઈ બેઉ મબલખ કમાય છે, પછી પરદેશ જવાની શી જરૂર? એનાં સાસુ-સસરાએ સાચે જ આ લોકોને પરદેશ જવાની રજા આપી હશે? તમે વેવાઈને ફોન કરીને પૂછી તો જુઓ કે એમના દિલમાં ઉદ્વેગ તો નથી ને?'

વિનોદભાઈએ વેવાઈને ફોન કર્યો તો એમણે કહ્યું, 'હા, અમે રજા આપી છે, રાજીખુશીથી રજા આપી છે. પરદેશ જવાનું સપનું દેખાડનારાં આપણે જ અને એમની પાંખોમાં જોમ ભરનાર આપણે જ ને! તો પછી વાંધો શી રીતે ઉઠાવાય?'

'પણ આમ કરીને તમે નિરાંતભરી જિંદગી દૂર ઠેલી રહ્યા છો. આદર્શમાં તણાઈ નથી રહ્યા ને?'

'અરે તમે બધા છો ને. વિનોદભાઈ. સંતાનોના માર્ગમાં આપણાથી અંતરાય ન નખાય.' લાગણીભર્યા સૂરે સંજનાના સસરા મહેશભાઈ બોલ્યા.

રશ્મિબહેને વિનોદભાઈને કહ્યું, 'આવી વાત ટેલિફોન પર ના થાય. ચાલો આપણે મહેશભાઈ અને રમાબહેનને રૂબરૂ મળવા જઈએ.'

રશ્મિબહેન તથા વિનોદભાઈ સંજનાના સાસરે પહોંચ્યાં. વેવાઈનો પ્રેમ જોઈને મહેશભાઈ ગળગળા થઈ ગયા. ભાવવિભોર સૂરે તેમણે કહ્યું, 'સંજના અને પ્રાંજલ જાય છે એ વિચારે હૈયું સહેજ ઉદાસ તો થઈ જાય છે, પણ સંતાનોના સુખમાં જ આપણું સુખ આપણે માનીએ છીએ. એમના સુખ કરતાં આપણું સુખ જુદું નથી અને આપણે જાણીએ છીએ કે પ્રેમ ત્યાગ માગે છે. તો ત્યાગ કોણે કરવાનો? સંતાનો આપણા માટે એમને મળેલી તક છોડી દે એવું ઈચ્છીએ એ સ્વાર્થ ના કહેવાય? સંતાનોને ઉછેરીને મોટાં કર્યાં એની આવડી મોટી કિંમત શી રીતે માગી શકાય? ત્યાગ સંતાનોએ જ કરવાનો? ના, વિનોદભાઈ, સંતાનોને રાજીખુશીથી સમસ્ત અંત:કરણપૂર્વક શુભાષિત આપીને વિદાય કરવાના.'

'અને આપણો ખ્યાલ જ નહીં રાખવાનો?' વિનોદભાઈએ પૂછ્યું.

મહેશભાઈ ભાવથી બોલ્યા, 'આપણો ખ્યાલ ઈશ્વર રાખશે. મને ઈશ્વરમાં શ્રદ્ધા છે અને જ્યારે આપણે જીવનની સમગ્રતા સાથે ઈશ્વર સાથે ઐક્ય અનુભવીએ છીએ ત્યારે ઈશ્વરના દિવ્ય તેજથી આપણું અસ્તિત્વ સભર થઈ ઊઠે છે. પછી કોઈ ચિંતા, વ્યથા આપણને કનડતી નથી.'

દરેક પરિસ્થિતિમાં દરેક ઉંમરે હંમેશાં આપણે કંઈક શીખવાનું હોય જ છે. હૃદય મનના કમાડ ખુલ્લા રાખવાના. મહેશભાઈની વાતને પૂરી કરતાં અત્યંત સાહજિકતાથી વિનોદભાઈ બોલ્યા, 'આ માટે આપણી કલ્પના અને ચેતનાને સદા જાગૃત રાખવાની.'



ચાલો દુ:ખોને મ્હાત કરીએ, જગત રળિયાત કરીએ

રાત નું અંધારું ઊતરવા માંડયું છે, પણ અનિલભાઈ બાગમાં બાંકડા પર સૂનમૂન બેસી રહ્યા છે. અનિલભાઈના મિત્ર સિંધુભાઈ થોડીવાર તો મિત્રની સામે જોઈને બેસી રહ્યા. એમના મનમાં હતું કે હમણાં અનિલભાઈ ઊભા થશે અને કહેશે : ચાલો ઘરે જવાનો વખત થયો. બે મિત્રો વચ્ચેની વાતો તો ક્યારની અટકી ગઈ છે, પણ અનિલભાઈ તો ભીતરમાં ઊતરી ગયા હોય તેમ બેસી જ રહ્યા છે.

સિંધુભાઈ બોલ્યા, ‘ચાલો મિત્ર, ઘરે રાહ જોવાતી હશે?’

‘મારી રાહ જોનાર કોઈ નથી.’ સાવ નિષ્પ્રાણ અવાજે અનિલભાઈ બોલ્યા. અનિલભાઈનાં પત્ની વિભાનું એક વર્ષ પહેલાં અવસાન થયું છે. એમના બેઉ દીકરા પરદેશ વસ્યા છે. વિભાના અવસાન નિમિત્તે બેઉ દીકરાઓ સ્વદેશ આવ્યા હતા અને અનિલભાઈને આગ્રહપૂર્વક પ્રેમથી એમની સાથે પરદેશ લઈ ગયા હતા, પણ આજ સુધી સ્વતંત્રપણે ભારતમાં રહેલા અનિલભાઈ બેઉ દીકરાઓમાંથી એકેની સાથે ગોઠવાઈ શક્યા નહીં. દીકરાઓ એમની બધી સગવડો સાચવતા હતા, પણ ક્યાંક કશું ખૂટતું હતું અને ત્રણેક મહિનાથી અનિલભાઈ ભારત પાછા આવ્યા છે.

સ્વદેશમાં પોતાના ઘરમાં પોતાની રીતે અનિલભાઈ રહે છે. એમના દૈનિક ક્રમમાં વિક્ષેપ પાડનાર કોઈ નથી. અહીં એમણે કોઈને એડજસ્ટ થવાનું નથી. છતાં તેઓ બેચેન જ રહે છે. સિંધુભાઈ મિત્રની મનોદશા સમજી શકે. એ સાંત્વનાના બે શબ્દો કહેવા જાય એ પહેલાં અનિલભાઈ બોલ્યા, ‘આ જ સુધી તો હું બહારથી ઘરે જાઉં ત્યારે વિભા બારણે મારી રાહ જોતી ઊભી જ હોય. પહેલાં તો દીકરાઓ અહીં હતા ત્યારે તો પપ્પા આવ્યા, પપ્પા આવ્યા કહીને દીકરાઓ નાચી ઊઠતા. ઓહો, ત્યારની જિંદગી હેતપ્રેમ અને રંગરસથી છલકાતી જિંદગી.’

ઘર અને દેશ છોડીને દીકરાઓ ગયા, પરંતુ વિભા હતી ત્યાં સુધી જિંદગી રળિયામણી જ રહી હતી. વિભા કામ કરતાં ગાતી જ હોય, સવાર ઊગે ત્યારથી મારા ઘરમાં સંગીત સંભળાય. વિભાના જીવવાનો જબરજસ્ત ઉત્સાહ હતો, દરેક કામ કલાત્મક રીતે કરે. અવારનવાર ઘરની ગોઠવણી બદલે. રસોઈમાં ય ઘણી બધી વેરાઈટી હોય, પાછું પૌષ્ટિકતાનો ખ્યાલ રાખે. એની ઉંમર વધતી જતી હતી પણ એના ઉત્સાહમાં ક્યાંય જરાય ઓટ નહોતી આવી. બહારની દુનિયાના વ્યવહાર સાચવે. એની જાતને શ્રમ પડે તો ય હું થાકી કે હું કંટાળી જેવા શબ્દો એના મોંમાંથી નહોતા નીકળતા. કદી કોઈ ફરિયાદ નહીં, કોઈ નિસાસો નહીં.’ અનિલભાઈ પત્નીની વાત કહે જતા હતા. સિંધુભાઈ સમભાવથી વાત સાંભળી રહ્યા હતા. તેઓ અનિલભાઈનાં છેલ્લાં બે વાક્યો પકડીને બોલ્યા, ‘અનિલભાઈ, વિભાબહેન સાથે તમે લગભગ પચાસ વરસ જીવ્યા તો ય એમની એક વાત પચાવી નહીં? વિભાબહેને કદી ફરિયાદ ના કરી કે

દીકરાઓ દૂર ગયા ને ઘર સૂનું પડી ગયું. એમણે જે પરિસ્થિતિ ઊભી થઈ એને સ્વીકારી લીધી. તો પછી આપણે પણ આજે જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેને સ્વીકારી નહીં લેવાની? ખૂબ સ્વાભાવિકપણે, જાતમાં અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને સમયને સ્વીકારી લેવામાં જ આપણું હિત છે એ વાત કદી નહીં ભૂલવાની.'

ઈશ્વરને આપણી દરકાર છે તેથી તો તમે વતનમાં આવી શક્યા. ભલે શરીરમાં યુવાનીનું જોમ નથી રહ્યું, પણ તમારા નિત્યક્રમમાં કોઈ વાંધો નથી આવ્યો. રોજ સવાર-સાંજ બાગમાં આવો છો, જૂના મિત્રોને મળો છો, મિત્રોને તમારા માટે પ્રેમ છે. તમારી એકે જ્ઞાનેન્દ્રિયે ખોટકાઈ નથી. હા, જોવામાં સહેજ ઝાંખપ આવી છે, પણ ચશ્માંથી પ્રૉબ્લેમ સોલ્વ થઈ ગયો છે. કાને ઓછું સંભળાય છે, પણ સંભળાય તો છે જ અને મગજ બરાબર કામ આપે છે. પછી ઢીલા શું કામ પડવાનું?

મનને જરાય ઉદાસ કે નિરાશ નહીં થવા દેવાનું? એક વાત યાદ રાખવાની કે આ જીવન છે, મળવું અને છૂટા પડવું એ અનિવાર્ય ઘટના ઘટ્યા જ કરે. બીજા ઘણાય તદ્દન એકલા જીવે છે, તો આપણે કેમ નહીં?

હવે ઘરમાં હું એકલો... સંતાન છે તોય હું એકલો. એમ વિચારીને દૂર રહેતાં સંતાનોના કોઈ વર્તનનો ખટકો નહીં રાખવાનો. સંતાનોનું જીવન આપણાથી અલગ છે. એમનાં વાણી, વિચાર આપણાથી અલગ જ હોય. આપણી જીવનદૃષ્ટિથી અને આપણી બીજી અને ત્રીજી પેઢીની જીવનદૃષ્ટિ અલગ જ હોય. એ વાત પણ હૃદયમનથી સ્વીકારી લેવાની. નિરપેક્ષપણે સ્વીકારી લેવાની અને તમે એમના પિતા છો. પ્રફુલ્લિત મને એમને શુભેચ્છાઓ કે આશીર્વાદ આપો.

'સિંધુભાઈ, તમારી વાત સોએ સો ટકા સાચી છે – મને સંતાનો પર ચીડ નથી આવતી કે દુર્ભાવ નથી જાગતો, પણ સંતાનો આપણા જીવનનું કેન્દ્રબિંદુ હતાં. આપણો બધો સમય, શક્તિ, સ્વપ્નાં બધું જ સંતાનો માટે... જ્યારે સંતાનોના જીવનમાંથી આપણી સાવ બાદબાકી? આ વાત મને કઠે છે.'

'અનિલભાઈ, આપણે મહાન સાધુસંત નથી, પણ તમારાં સંતાનોના તમે પિતા છો. પરમપિતા પરમેશ્વર દરેકે દરેક માણસ પર આશીર્વાદ વરસાવે છે. તેઓ સૌને સૂર્યનો પ્રકાશ આપે છે. ચંદ્રની શીતળતા આપે છે, વરસાદનું પાણી આપે છે. આ રીતે આપણાં સંતાનોને આપણે નિરપેક્ષભાવે પ્રેમથી આપવાનું હોય. આપીને રાજી થવાનું હોય.

આપણે સ્વીકારવું ના ગમે એવું જીવનનું એક સત્ય છે, કોઈનો ય સાથ- સંગાથ ચિરકાળનો નથી હોતો. આજીવન સાથે રહેવાની પ્રતિજ્ઞા લેનાર જીવનસાથી પણ કાળક્રમે ચિરવિદાય લે છે અને માણસ એકલો પડે છે. પણ ત્યારે પાછળ રહેનાર માણસે જીવનમાંથી રસ ગુમાવીને કરમાવા માંડવાનું?

'તમારી ફિલૉસૉફી સાંભળવી સારી લાગે પણ એ પ્રમાણે જીવવું દુષ્કર છે. સિંધુભાઈ, તમે જે કહો છો એ રીતે હું વિચારું છું, પણ જીવી નથી શકતો. જીવનનો કોઈ ઉદ્દેશ તો હોવો જોઈએ ને!'

'જીવનનો ઉદ્દેશ આપણે જ ખોળી કાઢવાનો. આજ સુધી ઘર, પત્ની, સંતાનો માટે જીવ્યા. હવે ઘરની બહાર નજર કરો. આપણી ચોપાસ કેટલાય દુઃખી માણસો છે. એને તમારા સમય અને અનુભવનો લાભ આપો. કોઈ માંદાને હિંમત આપો, કોઈએ જીવનમાં બહુ મોટી ખોટ ખાધી હોય તેને સાંત્વન આપો. બીજાને પ્રેમ આપશો. એમનો પ્રેમ તમને મળશે અને જીવન હર્યુંભર્યું બનશે. કોઈનાં કાર્યો મૂલવીને કોઈનો ન્યાય નહીં તોળવાનો, કોઈનું મૂલ્યાંકન નહીં કરવાનું, બસ સમતા દાખવીને ઉદારતાથી યથાશક્તિ બીજાને આપવાનું. અવકાશ મળે

ત્યારે સારું વાંચવાનું. મનમાં નકારાત્મકતાને પ્રવેશવા જ નહીં દેવાની. આપણે આપણા શરીર અને મનને સભાનતાથી સાચવવાના, જીવનની પળેપળ જીવવાની, જાતમાં શ્રદ્ધા નહીં ગુમાવવાની.'

કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ કહે છે :

'જે મળ્યું એને કરીએ સૌથી સવાયું.'
'ચો તરફ છો ઝાઝવાનાં જળ મળે
પણ સદા શ્રદ્ધાને ગંગાજળ મળે.'



તકલીફ તો છે જીવનનો એક બોધપાઠ

આ ડત્રીસ વર્ષની સ્નેહા ઉત્સાહ-આનંદથી થનગનતી સવારમાં ઊઠે ત્યારથી ઘરનાં એક પછી એક કામ પતાવે જાય. થાકવાનું કે કંટાળવાનું નામ કદી લેતી નહીં. સ્નેહના પતિ સુજય નચિંતપણે પોતાની ફૅક્ટરીનું કામ સંભાળે. ઘરમાં વૃદ્ધ પિતા હસુભાઈ તથા દીકરા નિરાગને સંભાળવાની જવાબદારી સ્નેહાએ પોતાના માથે રાખી હતી. એ દીકરાને સ્કૂટર પર નિશાળે મૂકવા અને તેડવા જાય. વચ્ચે ઘરમાં જરૂરી હોય એ ચીજો બજારમાંથી ખરીદી લાવે. ઘરમાં સાસુ, નણંદ કોઈ છે નહીં પણ સસરાને એકલવાયું ન લાગે માટે એમની સાથે અલકમલકની વાતોય કરે. હસુભાઈ દીકરા સુજય કરતાં પુત્રવધૂ સ્નેહા સાથે વધારે આત્મીયતા અનુભવે. સ્નેહા એમના માટે દીકરી કરતાંય વિશેષ છે.

એક દિવસ સ્નેહાના પિયરથી ખબર આવી કે એની ભાભી જાગૃતિને ટાઈફૉઈડ થઈ ગયો છે. એ સાવ પથારીવશ થઈ ગઈ છે અને એના દીકરા પરમને બારમાની પરીક્ષા નજીક આવી રહી છે. ઘરમાં જાગૃતિને સાંભળનાર અને પરમની કાળજી રાખનાર કોઈ નથી. સ્નેહાના ભાઈએ નાછૂટકે અમદાવાદ સ્નેહાને ફોન કરી અને પોતાની તકલીફો જણાવી.

હસુભાઈ બોલ્યા, ‘બેટા, સ્નેહા તારે હાલ તારા પિયર જવું જોઈએ.’

‘પણ હું શી રીતે જઈ શકું? આપણા ઘરનું કોણ સંભાળે! નિરાગને પણ પરીક્ષા આવશે.’

‘હું છું ને બેટા, હું બધું સંભાળીશ.’

‘પપ્પાજી, તમે એકલા ઘર સાચવશો અને નિરાગના અભ્યાસનો ખ્યાલ રાખશો! સુજય તો એમની ફૅક્ટરીમાંથી ઊંચા જ નહીં આવે.’

‘બેટા, આપણા સગાને મદદ કરવાની આપણી ફરજ છે. તારા ભાઈએ નાછૂટકે તને ફોન કર્યો હશે. એની તકલીફોમાં તું એને સહાય ન કરે તો કોણ કરશે?’

સસરાજીએ કહ્યું ને સ્નેહા પિયર નડિયાદ ગઈ. બરાબર ત્રેવીસ દિવસ એ નડિયાદ રહી અને ભાઈનું ઘર સંભાળ્યું. ભાભીની ચાકરી કરી અને ભત્રીજા પરમને ભણાવ્યો.

સ્નેહા નડિયાદ હતી ત્યારે એના હાથે પગે જરા જરા વારમાં ખાલી ચડી જતી. અમદાવાદ આવીને એણે ઘરમાં વાત કરી ત્યારે હસુભાઈ બોલ્યા, ‘આપણે તાત્કાલિક ડૉક્ટરને બતાવીએ. શરીરની બાબતમાં ઢીલ કરે ન ચાલે.’

સ્નેહાને ડૉક્ટરને બતાવ્યું, ડૉક્ટરની સલાહ મુજબ તપાસ કરાવી. રિપોર્ટ આવ્યો કે હાથપગની નસો સુકાતી જાય છે તેથી લોહી બરાબર ફરતું નથી. ડૉક્ટરની દવા ચાલુ જ હતી

ને આંખે ધૂંધળું દેખાવા માંડ્યું. તાત્કાલિક આંખના નિષ્ણાત ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરે કહ્યું, 'આંખને લોહી પહોંચાડતી નસ સુકાવા માંડી છે તો આનો ઉપાય શું?' હસમુખભાઈએ પૂછ્યું.

'અહીં દાક્તરો લાચાર છે.' નિષ્ણાતે જરા અટકીને નિખાલસતાથી મત ઉચ્ચાર્યો. થોડા મહિનામાં તો સ્નેહાએ દૃષ્ટિ સાવ ગુમાવી. જે સ્નેહા અમદાવાદથી જાતે સ્કૂટર ચલાવીને નડિયાદ જતી હતી એ સ્નેહા હિંમત હારી બેઠી. રડતાં રડતાં એ બોલી, 'હવે શું થશે?'

ત્યારે હસુભાઈ બોલ્યા, 'આપણે કરીશું એ થશે. બેટા સ્નેહા, કેટલાય લોકો તો જન્મથી દૃષ્ટિવિહીન હોય છે, છતાં તેઓ હિંમત હારતા નથી. તેઓ સ્વાવલંબી જિંદગી જીવે છે અને તું તો આજ સુધી દેખી શકતી હતી. તું અંગ્રેજી ભાષા અને સાહિત્ય સાથે એમ.એ. થયેલી છું. સાહિત્યનો વિદ્યાર્થી કદી નિરાશ થાય. જિંદગીમાં ગમે તેવો પડકાર આવે એ એની જિંદગીમાં નિરાશા ન અનુભવે, હાર ન સ્વીકારે, એ જિંદગીને પોતાની રીતે ગોઠવે. બેટા, જીવતો નર ભદ્રા પામે. તારામાં પ્રાણ છે. એ પ્રાણશક્તિ સામે કુદરતે પડકાર ફેંક્યો છે. એ પડકાર તું ઝીલી લે. તારું કૌવત બતાવી દે.'

'પપ્પાજી, આવી બધી વાતો બોલવામાં સારી લાગે છે, પણ પોતાની જિંદગીમાં આવી આફત આવે તો કેવી રીતે હિંમત રહે?'

'બેટા સ્નેહા, આવી તકલીફ તને એકલીને નથી પડી. આપણે ડૉક્ટરને ત્યાં જઈએ ને તો ખબર પડે કે કેટલાના ય જીવનમાં આવી કસોટીની પળ આવી છે. તું જરાય નકારાત્મક ન વિચાર. તું એકલી નથી. અમે બધાં તારી સાથે છીએ. હરપળે તને સાથ આપશું. તું બ્રેઈલ લિપિ શીખી જા.'

'પપ્પાજી, આંખની તકલીફ શરૂ થઈ ત્યારથી મેં બ્રેઈલ શીખવાની શરૂ કરી દીધી હતી. હોપ ફોર ધ બેસ્ટ, પ્રિપેર ફોર ધ વર્સ્ટ. એ શીખમાં હું માનું છું.'

હસુભાઈ બોલ્યા, 'બેટા, તેં એક વસ્તુની નોંધ લીધી? જ્યારથી તારી આ તકલીફ શરૂ થઈ છે ત્યારથી ઘરનું દરેક જણ પોતાની ફરજ પ્રત્યે જાગૃત થઈ ગયું છે. સંવેદનશીલતા, સદ્ભાવ, સહિષ્ણુતા, ધીરજ જેવા ગુણો દરેકમાં જાગ્યા છે. દીકરો નિરાગ સીટી બસમાં એકલો સ્કૂલે જાય છે. જાતે એનું લેશન કરે છે. એ કહે છે કે હું સંશોધન કરીશ કે શરીરની નસો કેમ સુકાય છે. દાદાજી, હું ડૉક્ટર બનીને આ રોગને નાબૂદ કરીશ. તકલીફની સારી અસર પણ થાય છે.'



તેઓ સામાન્ય માટીનાં નથી બન્યાં

શ્રેયાબહેન અને વિરલભાઈના ત્રણેય દીકરાઓ પરદેશ વસ્યા છે. તેઓ માબાપને વારંવાર કહે છે, 'આ ઢળતી ઉંમરે તમે એકલા ના રહો, અમારી સાથે આવી જાઓ.'

વિરલભાઈ કહે છે, 'જોઈશું.'

શ્રેયાબહેન પતિને કહે છે, 'સંતાન આપણાં હાડમાંસમાંથી બનેલાં છે. એમની જિંદગીનાં બાવીસ-ચોવીસ વર્ષ તેઓ આપણી સાથે રહ્યાં છે, પણ હવે કોને ખબર કેમ મને તેઓ આપણાં નથી લાગતાં. એમનું બોલવું, ચાલવું, એમની માન્યતાઓ, વિચારસરણી, બધું આપણામાંથી જુદું લાગે છે. હું એમના હેતપ્રેમમાં શંકા નથી લાવતી પણ જો એમની સાથે રહેવું હોય તો આપણે બહુ બાંધછોડ કરવી પડે અને એમ કરતાં આપણું મન કચવાય, અને એની અસર આપણાં આરોગ્ય પર પડે.'

'તારી વાત સાચી છે. આપણી સ્વતંત્રતા ત્યાં ઝૂંટવાઈ જાય છે. ક્યારેક તો મને લાગે છે, ત્યાં આપણું ઈમોશનલ બ્લેકમેઈલિંગ થાય છે. તેઓ આપણને સમજવા પ્રયત્ન જ નથી કરતાં. આપણને શું ગમશે એ જાણવાની દરકાર જ નથી કરતાં. દીકરાઓ જ આપણી ખુશીનો વિચાર નથી કરતા પછી વહુઓની શું વાત કરવી? એમની સાથે હળવાશથી સ્વાભાવિકતાથી ના જીવી શકાય.'

'દીકરાઓ નાના હતા ત્યારે આપણે એમની નાનામાં નાની ખુશીનો વિચાર કરતાં હતાં. અરે, આપણે માબાપ બન્યાં પછી આપણાપણું ય ભૂલી જઈને માત્ર માબાપ બની ગયાં હતાં.'

'ત્યારે આપણા જીવનનું કેન્દ્ર તેઓ હતા, જ્યારે આજે એમની જિંદગીમાં આપણું કોઈ સ્થાન જ નથી. આપણે એમના માથે પડેલો બોજ છીએ. તેઓ આપણને ડોમિનેટ કરે છે. એ બધું સહન કરવાની શી જરૂર છે?'

શ્રેયાબહેને ઢીલાં થઈને પૂછ્યું, 'તો શું કરીશું? મારું મન મૂંઝાય છે. કાલે આપણે સાજાંમાંદાં થઈએ ત્યારે આપણું કોણ કરશે?'

'આપણે સાજા છીએ ત્યારે જ તેઓ એમની મરજી મુજબ જીવવાની આપણને ફરજ પાડે છે તો માંદા હોઈએ ત્યારે તેઓ શું કરશે? દવાખાનામાં નાખી આવશે. એ બધું તો આપણે આપણી રીતે અહીં મૅનેજ કરી શકીશું.'

'ભવિષ્યની ચિંતા કરીને તારા મનને નિર્બળ ના બનાવ. તું તારું મન મક્કમ કરી નાખ. ટેઈક ફૂલ ચાર્જ ઑફ યૉર સૅલ્ફ ઍન્ડ યૉર અફેર્સ. આપણે અત્યારની આપણી આવકમાંથી પૂરી સગવડતાથી અહીં રહી શકીશું.'

'અરે પૈસાની તો હું ચિંતા જ નથી કરતી. આપણી આખી યુવાની સંઘર્ષમાં જ ગઈ છે ને! છોકરા નાના હતા ત્યારે કેટકેટલી કરકસર કરી છે. કોઈ નિશ્ચિત આવક ન હતી, પણ આપણે એમને ભરપૂર પ્રેમથી ઉછેર્યા છે. તેઓને ફ્લૅટમાં નહીં, પણ સ્વતંત્ર મકાનમાં ઉછેરવા હતા માટે જમીન ખરીદીને કટકે કટકે મકાન બનાવ્યું. એ વખતની આપણી મહેનત યાદ કરું

છું ને મનમાં પ્રશ્ન થાય છે શું એ બધું નકામું કર્યું? કેટલો ઘસારો વેઠયો આપણે!'

'અરે શ્રેયા, મહેનત કરી એટલે તો આ માનસિક દૃઢતા છે અને શરીર કેવું કસાયેલું છે! મને કે તને કોઈ રોગ છે? પુરુષાર્થે તો આપણા જીવનને ઝળહળતું બનાવ્યું છે. આજે ફરી વખત જિંદગીની પસંદગી કરવાની આવે તો હું આપણી જિંદગી જ પસંદ કરું. આપણે છોકરાઓ સાથે કેટલું રમ્યાં છીએ, સાથે બેસીને ગીતો ગાયાં છે ને નાટક કર્યાં છે. ઓહો એ તો સુવર્ણ જીવન હતું, છોકરાઓએ તો આપણું જીવન સુખથી છલકાવી દીધું હતું.'

'હુંય ઈશ્વરનો ખૂબ આભાર માનું છું. ક્યારેક મને ઘડીભર એવું થાય કે છોકરાઓ તરફથી આપણે ભરપૂર આદરમાનની અપેક્ષા રાખી હતી એ સંતોષાઈ નહીં. પણ આપણે દીકરાઓની દૃષ્ટિથી આખી વાત વિચારીએ તો મને લાગે છે કે કદાચ આપણી અપેક્ષાઓ વધારે છે અથવા તો આપણાં મન વધારે પડતાં આળાં છે.'

'પણ આપણા જીવનનું શું?' અધિરાઈથી શ્રેયાબહેન બોલ્યાં.

'શ્રેયા, આપણે સામાન્ય માટીના નહીં પણ પોલાદના બનેલાં છીએ, સંતાનોથી દૂર આપણે બે અહીં એકલાં રહીશું પણ આપણું જીવન આનંદઉલ્લાસથી છલકાતું હશે.'

'નિવૃત્તિનોય આનંદ છે, પૈસા કમાવાની કોઈ ચિંતા નહીં. સમયપાલનનું કોઈ ટૅન્શન નહીં. આપણે મનગમતી પ્રવૃત્તિઓ કરીશું. જીવનમાં આપણે ઘણું બધું શીખવું હતું, કરવું હતું. રોજિંદી જિંદગીની ઘટમાળમાં આપણે એવા ફસાઈ ગયાં હતાં કે એ બધું કરી શક્યા નથી તે હવે કરીશું. હવે શીખીશું.'

'શ્રેયા, ભલેને આપણા વાળ સફેદ થયા, આંખે ચશ્માં આવ્યા, ચામડીમાં કરચલી પડી પણ આપણા મનમાં હજી ઘડપણ પેઠું નથી, મનમાં નિરાશા નથી, નિરુત્સાહ નથી ત્યાં સુધી આપણે રાજા છીએ.'

'વિરલ, આપણે ગાતા હતાં ને કે "એક બાર એક બાર પ્રભુ હાથ પકડ લે મનકા દીપ જલાઉં મૈં" મને લાગે છે પ્રભુએ આપણો હાથ પકડ્યા પછી છોડ્યો નથી અને આપણા મનનો દીવો જલતો જ છે. આપણા હૈયે પ્રકાશ છે, અંધકાર નથી, નિરાશા નથી, ફરિયાદ નથી.'



દરેકના ઘરમાં આવી દાદી હોય તો!

વૈ શાખી એની દાદીની વાત ખૂબ પ્રેમથી, હોંશથી અને કંઈક ગૌરવથી કરે. એ કહે, 'મારાં દાદી બાર વર્ષની ઉંમરે પરણીને સાસરે આવ્યાં હતાં. લગભગ બાણું વરસની ઉંમરે ગયાં પણ છેક સુધી એમની યાદશક્તિ સતેજ, કાન સરવા અને હાથમાં લાકડી તો આવી જ ન હતી.

જ્યારે જુઓ ત્યારે આનંદમાં હોય, નાના બાળકની જેમ પ્રકૃતિ અને માણસમાં રસ, પણ કદી કોઈને સવાલો પૂછી પૂછીને અકળાવી ન દે. એમને પૂછો તો સલાહ આપે, નહીં તો એમના રાજ્યમાં બધાં સ્વતંત્ર, દીકરા-વહુઓને વણમાગ્યાં સૂચનો ના આપે. કદી વ્યંગ કે કટાક્ષમાં બોલે નહીં.'

સંજોગો ગમે તેવા હોય એમના જીવને અપરંપાર શાંતિ, કોઈ વાતે ઉતાવળ નહીં, ધમાલ નહીં કે કદી નકારાત્મક વિચારે નહીં કે ભાંગતું વેણ બોલે નહીં.

ઘર, કુટુંબ અને આડોશપાડોશમાં સૌને પ્રિય પાત્ર. એમના દીકરાઓ પરણતા ગયા, ઘરમાં વહુઓ આવતી ગઈ એમ દરેકને જવાબદારી સોંપતાં ગયાં. પોતે તો હળવાફૂલ રહે. જો કે એમની ચકોર નજર બધે ફરતી રહે.

હવે મારાં નાનાં કાકી રોજ રાત્રે એમના ગળામાં પહેરવાનો અછોડો કાઢીને પલંગની બાજુની ટિપાઈ પર મૂકે અને સવારમાં પહેરી લે. હવે એક વાર એક સવારે તેઓ અછોડો પહેરવા ભૂલી ગયા. છેક અગિયાર વાગે યાદ આવ્યું, દોડતાં એમની રૂમમાં ગયાં, ટિપાઈ પર જોયું તો અછોડો ન મળે. એમને ખાતરી થઈ ગઈ કે કામ કરનારાં સવિબહેને અછોડો લઈ લીધો હશે, કારણ કે રૂમમાં એ કચરો વાળવા ગયેલાં.

કાકી તો સવિબહેનને ધમકાવવા જ માંડ્યાં. સવિબહેન કહે, મેં તો અછોડો જોયો નથી, દસ વરસથી તમારા ઘરે કામ કરું છું. પૂછો દાદીને એક સળીનેય હાથ અડાડ્યો છે, પણ કાકી તો માને નહીં. તેઓ એક જ વાત બોલે તો અછોડો જાય ક્યાં?

એ સમયે દાદીએ કહ્યું, 'તેં નજરે અછોડો લેતાં સવિબહેનને જોયાં નથી માટે એમની પર આરોપ મૂકતાં વિચાર કર. કામ કરનાર ઘરનોકરોને તો પ્રમાણિકતા એ જ એમની લાયકાત. કામ કરવાની આવડત ન હોય તો ચલાવી લેવાય પણ ચોર હોય તો ન ચલાવી લેવાય.

આપણા બિલ્ડિંગમાં સવિબહેનની આબરૂ છે તેની પર તું બટ્ટો ન લગાવ. ચૂપચાપ તું એમને છૂટાં કરી દે અને બહાર કોઈનાય મોંએ તું અછોડો ખોવાયાની વાત ના કરીશ. દાદીનો પ્રભાવ એવો કે કાકી બોલતાં બંધ થઈ ગયાં અને સવિબહેન છૂટાં થઈ ગયાં. બિલ્ડિંગમાં કોઈએ એ વાત જાણી નહીં. હવે બે- ત્રણ દિવસ પછી જ પલંગ ઝાટકતાં પલંગના માથા બાજુના લાકડામાં અછોડો ફસાઈ ગયેલો મળ્યો. કાકીએ ટિપાઈના બદલે તે રાત્રે ઓશીકાની બાજુમાં અછોડો મૂક્યો હશે તે એમને યાદ નહીં હોય અને અછોડો ત્યાંથી લાકડાની ફાટમાં

પડી ગયો હશે. કાકી પૂરી તપાસ કર્યા વિના સવિબહેનને ચોર ઠેરવવા મંડી પડેલાં. અછોડો મળ્યા પછી તો કાકીને ઘણો પસ્તાવો થયો હતો અને દાદીને કહે, સારું થયું તે દિવસે તમે મને કડકાઈથી શાંત પાડેલી નહીં તો સવિબહેન ચોર છે એવું ચારેબાજુ મેં કહી દીધું હોત. મારા હાથે કેટલો મોટો અનર્થ થઈ જાત. એમણે સવિબહેનની પણ માફી માંગેલી. એ સમયે દાદીએ કાકીને શિખામણના બે શબ્દો ય નહીં કહેલા. એ સમજે કે કાકી પસ્તાઈને જીવ બાળે છે ત્યાં એને વધારે છોભીલી ના પડાય કે દુ:ખી ના કરાય. દાદી એક જ વાત કહે, બોલતાં પહેલાં વિચાર કરો. તમારી જવાબદારી સમજો. તમારી આળસ કે બેદરકારીનું પરિણામ ક્યારેક ખરાબ આવે ત્યારે તમારી ભૂલ જુઓ. એકની એક ભૂલ બીજીવાર ના થવી જોઈએ.

બધાને દાદી પાસે બેસવાનો સમય ન મળે તેથી એમણે એમનું ધ્યાન આંગણામાં ઊગતાં છોડ, વેલીઓ અને વૃક્ષો પર આપવા માંડ્યું. ત્યાં કલરવ કરતાં પક્ષીઓને ચણ નાખે અને ત્યાં પગથિયાં પર સ્કેચબુક લઈને બેસે અને પંખીઓના સ્કેચ કરે.

હવે આ ઉંમરે ચિત્રો કરીને મારે શું ફાયદો મેળવવાનો છે એવું કદી ના વિચારે. એ તો કહે, નાનપણમાં અને જુવાનીમાં ના શીખી એ અત્યારે સમય મળે છે તો અત્યારે શીખવાનું. શીખવાને ઉંમર સાથે કોઈ સંબંધ નથી. રોજ સુગમ સંગીત સાંભળે અને પોતે ગાય પણ ખરાં. જાણે ફરી એક વાર એ મુગ્ધાવસ્થામાં પ્રવેશી ગયેલાં.

એ સ્કૂલમાં કદી નહીં ગયેલાં, પણ વાંચતાં-લખતાં શીખી ગયેલાં. કહે હવે પગથી નહીં પણ મનથી દૂર દૂર જવાનું. પાછલી ઉંમરમાં ઊંઘ ઓછી થઈ ગઈ હતી તો ઊઠીને બારી પાસે બેસે. શીતળ પવનનો સ્પર્શ પામીને તાજગીસભર બને. એક શિયાળાની રાત્રે દાદીના રૂમની બારી ખુલ્લી જોઈને મેં પૂછ્યું, દાદી બારી બંધ કરી દઉં? તો કહે ના મારું મીંદડું આવવાનું બાકી છે. એમનું મીંદડું એટલે બિલાડીનું બચ્ચું. બિલાડી એમની પાળેલી ન હતી પણ ઠંડી રાતે એ બચ્ચાને પોતાની ગોદમાં લઈને સૂઈ જાય. અમે છોકરાંઓ મોટાં થયાં, સ્કૂલ-કૉલેજમાં જતાં થયાં. એમની સાથે સૂઈ રહેતાં નહીં તો બચોળિયા પર વહાલ વરસાવીને ખુશ થતાં અને એમની ચોતરફ ખુશી પ્રસરાવતા.

પ્રેમાળ દાદીનાં પ્રેમનાં પાત્રો બદલાતાં ગયાં, પણ પ્રેમની સરવાણી અક્ષ્ચુણ્ણ રહી ઘરનાં માણસો જ માત્ર નહીં પણ પશુ-પંખી-વૃક્ષ વેલીઓનાં હૈયામાં ય દાદીએ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



ઝેરનું ઝે અમૃત પ્રભુ કરશે...

છાયાબહેન આજે ઉદાસ છે. ઉદાસીનતાના લીધે શરીર ચુસ્ત, જડ થઈ ગયું છે. કોઈ કામ કરવાનો ઉત્સાહ જાગતો નથી. શરીર સારું છે, શરીરમાં કોઈ ફરિયાદ નથી તોય કેમ આવું? દિવાળી નજીક આવે છે તોય કેમ આવી મનોદશા? સમજ આવી ત્યારથી દિવાળીને ઉલ્લાસપૂર્વક વધાવી છે. ઘરમાં સાફસૂફી કરી છે, મીઠાઈઓ બનાવી છે, આંગણે રંગોળી પૂરી છે અને રાત્રે દીવડા પ્રગટાવ્યા છે. લગ્ન પછી પોતાનું સ્વતંત્ર ઘર થયા પછી તો થાક્યા હોય તોય કોઈ કામ અધૂરું છોડયું નથી. વરસો વીતતાં જાય છે, ઉંમર વધતી જાય છે. હવે પહેલાં જેવું કામ થતું નથી, પણ ખેંચાઈને કામ કરે જ છે. કામ કરવામાં કોઈની ખાસ મદદ લેતાં નથી. એ માને છે કે, માણસો આપણી જેમ ચોક્સાઈથી કામ ના કરે, વેઠ ઉતારે અને આપણે કહીએ તો ગણકારે નહીં. 'હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારું' એવું વિચારીને તેઓ મહિના અગાઉથી કામ શરૂ કરી દે છે.

તેઓ રોજ રોજ સવારે એ દિવસ પૂરતું શું શું કામ કરશે એ નક્કી કરે છે. આજે માળિયું સાફ કરવાનું હતું. સીડી મૂકીને તેઓ માળિયે ચડ્યાં અને એક બાજુ પડેલું સંખેડાનું ઘોડિયું જોયું. સરસ રંગીન ચિતરામણવાળું અને મોર- પોપટ ઝૂલતા હોય એવું કલાત્મક ઘોડિયું.

છાયાબહેન એકીટશે ઘોડિયું જોતાં જ રહ્યાં. એમના પ્રથમ સંતાન, દીકરા ત્રિજ્ય માટે ખરીદાયેલું એ ઘોડિયું. ત્રિજ્યના જન્મ વખતે છાયાબહેન એમના પિયર ગયાં હતાં. એમનાં બાએ કુટુંબના ઘોડિયામાં ત્રિજ્યને સુવડાવ્યો હતો. એ ઘોડિયું સુંદર ચિતરામણવાળું હતું, પણ જૂનું હતું. રંગ ઝાંખા પડી ગયા હતા. છાયાબહેનને એ જૂનું ઘોડિયું ના ગમ્યું. છાયાબહેનની બાએ છાયાબહેનનો ચહેરો જોયો અને તરત જ સંખેડાનું ઘોડિયું મંગાવી લીધું. ઘોડિયું મજબૂત અને કલાત્મક હતું. ઘોડિયું જોઈને છાયાબહેન ખુશ થઈ ગયાં. અરે નાનકડો ત્રિજ્ય પણ દાંડા પર મોર, પોપટ, ચકલીઓ લટકતી જોઈને ખુશ થાય, હાથ-પગ ઉછાળે અને કિલકારીઓ કરે. ત્રિજ્ય મોટો થયો અને પલંગમાં સૂવા માંડ્યા એટલે છાયાબહેને કાગળ અને કપડાં વીંટાળીને ઘોડિયું સાચવીને માળિયે ચડાવી દીધું. મનમાં હતું કે ત્રિજ્ય મોટો થયો. હવે એનું સંતાન આ ઘોડિયામાં હિંચશે. ત્રિજ્ય ભણી- ગણીને મોટો થયો, પરણ્યો, એના ઘેર પણ દીકરો આવ્યો તન્મય. પુત્રવધૂ અસ્મિતા હૉસ્પિટલથી ઘેર આવી ત્યારે છાયાબહેને ખૂબ વહાલથી તન્મયને ખોયામાં સુવાડ્યો અને હાલરડું ગાવા માંડ્યા.

ત્યાં અસ્મિતા એકદમ બોલી ઊઠી, 'એને ખોયામાં ના સુવાડો.'

એના અવાજમાં હુકમ હતો.

'કેમ? ખોયામાં તો બાળકને હૂંફ લાગે અને નિરાંતે ઊંઘી જાય.' છાયાબહેન બોલ્યાં. એકાદ સેકન્ડ માટે તો છાયાબહેન પૂત્રવધૂનો અવાજ સાંભળીને હબકી ગયાં હતાં પણ પછી સ્વસ્થ બની ગયાં અને તન્મયને ખોયામાં જ રહેવા દીધો.

'છોકરું ઊંઘી તો જાય પણ એ ખૂંધું થઈ જાય.' અસ્મિતા રૂક્ષતાથી બોલી અને તન્મયને ખોયામાંથી બહાર કાઢ્યો.

'કોણે કહ્યું ખૂંધું થઈ જાય? ત્રિજય ખોયામાં સૂઈને જ મોટો થયો છે. બધાંના છોકરા ખોયામાં જ સૂવે છે.' છાયાબહેને ભારપૂર્વક કહ્યું, પણ અસ્મિતા તો પોતાની વાત પર જ અડગ રહી.

એ બોલી, 'તન્મય માટે પારણું મારી મમ્મી લેતી આવશે. મેં એને કહ્યું છે.' અસ્મિતાના અવાજમાં કંઈક અભિમાન હતું, તોછડાઈ હતી.

અસ્મિતાનું કહેવું સાંભળીને છાયાબહેનને ઓછું આવી ગયું. આ તો કેવી પુત્રવધૂ જે મારા પ્રેમ અને હોંશનો ખ્યાલ જ નથી કરતી! દીકરાને ખોયામાં ન સુવાડશો એય કેવા મિજાજથી કહ્યું હતું અને અત્યારે બે-ચાર દિવસ પારણું આવે ત્યાં સુધી ખોયામાં સુવાડ્યો હોત તો! કેટલાંય બાળકો ઘોડિયામાં સૂઈને જ મોટાં થતાં હોય છે, કોઈને ખૂંધ નથી નીકળતી. પણ અસ્મિતા સાંભળવા, સમજવા ક્યાં તૈયાર છે? એ પોતે માને એ જ સાચું એવું એનું જક્કી વલણ ઘણી વાર છાયાબહેનને નડ્યું છે, ખૂંચ્યું છે. અસ્મિતા સ્વભાવે તોછડી અને અભિમાની છે. પણ અસ્મિતાના આજના વર્તનથી છાયાબહેનને ખૂબ ખરાબ લાગ્યું. એમને થયું હું વડીલ છું, હું જે કંઈ કહું એ અનુભવવાણી હોય એટલોય ખ્યાલ અસ્મિતા કેમ નથી કરતી? કેટલીયવાર અસ્મિતાએ છાયાબહેનની અવગણના કરી છે. પણ આજે તો છાયાબહેનને ખૂબ ખરાબ લાગ્યું. આજે એમની લાગણી ઘવાઈ હતી. છાયાબહેને ઘોડિયું છૂટું કર્યું, ખોયું છોડી દીધું અને ઘોડિયું માળિયે ચડાવી દીધું. આજે પંદર વર્ષ થયાં, એ દિવસ પછી ઘોડિયું કદી નીચે ઊતર્યું જ નથી. દરેક દિવાળીએ માળિયા પર જ એને લૂછીને સાફ કરીને મૂકી દેતાં હતાં. છાયાબહેને આજે ઘોડિયું જોયું ને તેમને એ દિવસ યાદ આવી ગયો. આજે તેઓ બહુ ભાવુક બની ગયાં. એમને ગભરામણ જેવું થવા માંડ્યું.

છાયાબહેનના પતિ પંકજભાઈ ઘરમાં જ હતા. એ પત્નીને ઢીલી પડતાં જોઈ રહ્યા હતા. તેમણે રાહ જોઈ કે પત્ની એને મેળે સ્વસ્થ થઈ જશે, કારણ કે પુત્રવધૂ અસ્મિતા હૃદયની નિષ્ઠુર અને સંવેદનાહીન છે તેવું એ જાણતા હતા.

છાયાબહેન અને એમની વચ્ચે આ બાબતે ચર્ચા થતી હતી ત્યારે દરેક વખતે પંકજભાઈ કહેતા, 'આપણને આપણા કર્માનુસાર સગાંવહાલાં મળે છે, જે મળ્યાં એને સ્વીકારી લેવાના, તેઓના માટે હરખશોક નહીં કરવાનો.'

પતિના કહેવા સાથે છાયાબહેન કાયમ સંમત થતાં અને તેઓ સ્વસ્થ રહેતાં, પણ આજે તેઓ સાવ ઉદાસ છે. પંકજભાઈએ આ જોયું અને બોલ્યા, 'છાયા, આટલી બધી લાગણીમાં તણાવું નિરર્થક છે, આપણને નુકસાનકર્તા છે. તું થોડી પ્રૅક્ટિલ બન, વ્યવહારકુશળ બન. જો ભાવનામાં તણાઈશ તો તને બહુ દુ:ખ થશે અને અસ્મિતા પ્રત્યે તને અણગમો પેદા થશે. છાયા, તું તારી લાગણીને વધારે પડતું મહત્ત્વ ના આપે. સ્વકેન્દ્રીયતામાંથી મુક્ત બન. અસ્મિતા, આપણા એકના એક દીકરાની વહુ છે, એ આપણી છે, આપણી જિંદગી સાથે જોડાયેલી છે, એના માટે તું હેતભાવ રાખ. તું એનાં વાણી-વર્તનને તપાસીને દુ:ખી ના થઈશ.'

'હું તો એને મારી વહુ ગણતી જ નથી ને! એણે કદી મને એના વડીલ તરીકે માન નથી આપ્યું, મારું કહ્યું કદી સાંભળ્યું નથી, વાર-તહેવારે અરે! એની વર્ષગાંઠ, લગ્નતિથિ કે બેસતા

વરસેય મને પગે લાગીને આશીર્વાદ નથી લીધાં. આનાં કરતાં તો આડોશી-પાડોશીની વહુઓ સારી, જે માન તો રાખે છે ને! આને તો મેં મારા મનમાંથી કાઢીને ફેંકી દીધી છે.'

પંકજભાઈ બોલ્યા, 'ઓ છાયા, અસ્મિતા તો નાદાન છે, પણ આપણે તો સમજદાર છીએ ને! જો તું એને મનમાંથી કાઢી નાખીશ તો તું વધારે દુ:ખી થઈશ. માટે તું એને તારા હૃદયમનમાં રાખ, તું તારું મોટપણ ના છોડીશ. તું પ્રભુને પ્રાર્થના કર કે અસ્મિતાને ઋજુ, સંવેદનશીલ અને પ્રેમાળ બનાવે.'

'એમ કાંઈ પ્રાર્થના ફળતી હશે?'

'જોને! મીરાંબાઈને વિષનો પ્યાલો રાણાએ મોકલ્યો હતો પણ મીરાંબાઈ શ્રદ્ધાથી એને ગટગટાવી ગયાં તો વિષ અમૃત થઈ ગયું. એ જ રીતે પ્રભુ અસ્મિતાની તોછડાઈ, મિજાજ, અભિમાનને પ્રેમમાં પલટાવી નાખશે.'



માબાપ કાયમ માબાપ જ રહે છે , પ્રેમાળ, ઉદાર...

હરીશભાઈ અને યશુબહેન એક બેડરૂમના નાના ફ્લૅટમાં રહેતાં હતાં. એમના દીકરા મલયે એક બિલ્ડર સાથે ભાગીદારીમાં ધંધો કર્યો અને સારું કમાયો. એણે પોતાનો આલિશાન ફ્લૅટ લીધો, પાંચ વિશાળ બેડરૂમ્સ, મોટો ડ્રોઇંગરૂમ, ડાઈનિંગ રૂમ અને અધતન સાધનોથી સુસજ્જ રસોડું.

મલયે માબાપને પોતાની સાથે રહેવા આવવાનું કહ્યું પણ હરીશભાઈ- યશુબહેન બોલ્યાં, 'અમે વરસોથી જ્યાં રહીએ છીએ ત્યાં જ ફાવે. તમે તમારી રીતે નવા ફ્લૅટમાં રહો અને સુખી થાઓ.'

આજ સુધી મલય સમાજમાં અને સગાવહાલામાં સામાન્ય બાપનો સાધારણ છોકરો ગણાતો હતો. કોઈ એને ગણતરીમાં લેતું નહિ પણ હવે સૌએ એની મબલખ કમાણી અને ઠાઠ જોયાં એટલે એને સલામો ભરવા માંડ્યાં. આજ સુધી સામાન્યમાં ખપતો મલય ગુણવાન અને કાબેલ ગણાવા માંડ્યો.

મલય પણ તાનમાં આવીને ધંધામાં મોટા સાહસ કરવા માંડ્યો. એ પોતાના ગજા કરતાં વધુ ખેડાણ કરવા માંડ્યો અને એક સોદામાં એ એવો ફસાઈ ગયો કે પોતાની બધી મિલકત વેચી કાઢે તો ય બહાર નીકળી શકે એમ ન હતું. ચારેબાજુથી એ ઘેરાઈ ગયો. હવે શું? કોની પાસે જવું?

એ અને એની પત્ની નેહા હરીશભાઈ અને યશુભાઈ પાસે ગયાં. મલયે ગળગળા અવાજે પોતાની વિપત્તીની વાત કરી. હરીશભાઈ બોલ્યા, 'દીકરા, ગભરાય છે શું કામ? હું બેઠો છું ને, ગમે ત્યાંથી પૈસા લાવી આપીશ. તું જરાય હિંમત ના હારીશ.'

'પણ પપ્પા, આ તો હજારો નહિ, લાખ્ખો કરોડોનો મામલો છે.' મલય રુંધાયેલા અવાજે બોલ્યો.

'લાખ્ખો નહિ ને કરોડો હોય તો ય શું થઈ ગયું, હું આખેઆખો વેચાઈ જઈશ, પણ તને ઉની આંચે નહિ આવવા દઉં. તું તારી હતાશા ખંખેરી નાખ, મને ફોડ પાડીને બધી વાત કર, હાલ તાત્કાલિક તારે કેટલા પૈસા જોઈએ? એ કહે, પછી આપણે આગળનું વિચારીશું.'

'ઓ પપ્પાજી, અમે ઘણું વિચાર્યું, વિચારી વિચારીને તો બેહાલ થઈ ગયાં છીએ.' અધિરાઈ અને અકળામણથી નેહા બોલી.

પુત્રવધૂની મૂંઝવણ હરીશભાઈ સમજી શક્યા, તેમણે સાંત્વનાભર્યા સૂરે કહ્યું, 'દીકરી, જિંદગીમાં તકલીફો તો આવે. ગભરાવાનું નહિ, ધીરજ અને સમતાથી માર્ગ કાઢવાનો.' પછી મલય સામે જોઈને હરીશભાઈ બોલ્યા, 'દીકરા, તું હાથમાં કાગળ-પેન લે અને ક્યાં કેટલા પૈસા ચૂકવવાના છે એ નોંધ.'

'એ નોંધ આ રહી, પણ નોંધથી શું વળે. પપ્પા, પૈસા જોઈએ. જ્યાંથી લાવી શકાય

ત્યાંથી લાવો. હું લઈ આવ્યો છું. હવે ક્યાં હાથ લંબાવું?'

'પૈસા હું આપીશ, દીકરા તું શું કામ આમ ઢીલો થઈ ગયો છે?' યશુબહેને દીકરાને કહ્યું અને પછી હરીશભાઈને કહે, 'આપણે આપણો આ ફ્લૅટ વેચી કાઢીએ. ફ્લૅટ નાનો છે પણ જગ્યા મોકાની છે તેથી સારા પૈસા આવશે.'

નેહાએ પૂછ્યું, 'પછી તમે ક્યાં રહેવા જશો, મમ્મી?'

'ગમે ત્યાં ભાડાની જગ્યામાં.' યશુબહેન બોલ્યાં. યશુબહેનને પોતાની નહીં, દીકરાની ચિંતા હતી.

'પણ ફ્લૅટની રકમ આવતાં તો દિવસો વીતી જાય, અને મારે તો અબઘડી પૈસા જોઈએ. પૈસા નહીં મળે તો મારે ઝેર ખાવું પડશે!' નિસાસો નાખતાં મલય બોલ્યો. 'નહીં તો જેલમાં જવું પડશે.' નેહા બોલી.

'નેહા, હું બેઠી છું ત્યાં સુધી મારો દીકરો જેલમાંય ના જાય કે ઝેર પણ ના ખાય. મારા બાપુજીએ મને આપેલું સો તોલા સોનું અકબંધ પડયું છે. હમણાં બૅન્કમાંથી લાવીને વેચી મારીશ. એ તો ચોવીસ કેરેટના દાગીના છે.'

માની વાત સાંભળીને મલય સ્તબ્ધ થઈ ગયો. મા પોતાની બધી મિલકત મારા માટે હોમી દેવા તૈયાર થઈ ગઈ! એ રડી પડ્યો. રડતાં રડતાં બોલ્યો, 'મમ્મી, એટલે તું સાવ ખાલી થઈ જઈશ?'

'ના બેટા, જરાય ખાલી નહિ થાઉં. જ્યાં સુધી દીકરો મારી પાસે છે ત્યાં સુધી મારી જિંદગી સભર છે.'

'મા તારું ઋણ...'

'દીકરા, માદીકરા વચ્ચે ઋણની ગણતરી મુકાય? હું ને તું જુદાં છીએ? તું જરાય હીણો ભાવ ના અનુભવીશ. તારાં આંસુ લૂછી નાખ. ધંધામાં ચડતી પડતી તો આવે. એટલે તો કહ્યું છે, ધંધો રાંડીરાંડનાં ખેલ નથી, ધંધા માટે તો છપ્પનની છાતી જોઈએ.'

માબાપના વાસ્તલ્યભર્યા સાથ-સહકાર અને વ્યવહારિક અભિગમથી મલયમાં હિંમત આવી. દાગીના વેચાયા, ફ્લૅટ વેચાયા, મલયે પોતાનો ફ્લૅટ પણ પણ વેચી કાઢ્યો તેથી સંકટ ટળ્યું ને બેત્રણ વરસમાં ગાડી પાટે ચડી. નસીબે પણ યારી આપી તેથી મહેનત દેખાઈ આવી. આ બેત્રણ વરસ બાપ દીકરો એક ભાડાના ઘરમાં ભેગાં રહેતાં હતાં. હવે પૈસા ફાજલ પડયા એટલે મલયે યશુબહેનને પૂછયું, 'મમ્મી, પહેલાં તારા દાગીના કરાવવા છે કે ફ્લૅટ લેવો છે?'

યશુબહેનમાં ઊંડી સમજ અને શાણપણ હતું. એ બોલ્યાં, 'બેટા, દાગીના કરાવીશું તો ય એ તો બૅન્કમાં લોકરમાં પડી રહેશે. એના કરતાં ફ્લૅટ લઈએ તો ભાડા ભરવામાંથી બચી જઈએ અને હવે આપણે કોઈ ચિંતા નથી એવી હળવાશ અનુભવાય.'

યશુબહેનને દીકરા માટે અત્યંત પ્રેમ હતો. તેઓ સમજતાં હતાં કે ફ્લૅટ વેચવાથી આબરૂ ગઈ છે માટે ગયેલી આબરૂ પાછી મેળવવી હોય તો સૌથી પહેલાં પોતાની માલિકીનો ફ્લૅટ લેવો જોઈએ. જે દાગીના વેચ્યા હતા એ એમના પિતાના ઘરના હતા, એની પર માત્ર એમનો જ હક હતો. એ દાગીના મુશ્કેલીમાં ખપ લાગે એટલે એમણે સાચવી રાખ્યા હતા પણ એનો એમને મોહ ન હતો. દાગીના કરતાં દીકરાની આબરૂની એમને વધારે પડી હતી. તેથી તેમણે હોંશભેર કહ્યું, 'દીકરા, હવે ફ્લૅટ જોવા માંડો.' અને મલયે ફ્લૅટ જોવા માંડ્યા. એ ફ્લૅટ જોવા જાય ત્યારે હરીશભાઈને સાથે લઈ જતો.

યશુબહેન એવું સમજતાં હતાં કે હવે અમે અને દીકરોવહુ સાથે જ રહીશું. કેટલાય ફ્લૅટ જોયા પછી એક ફ્લૅટ બધાંને ગમ્યો. હરીશભાઈ શુકન મુહૂર્ત કે વિધિવિધાનમાં માનતા નહીં. તેઓ બોલ્યા, 'બેટા, આપણે વાસ્તુની ધમાલ કરવી નથી, ફ્લૅટનો કબજો મળે એટલે

સામાન ખસેડીને રહેવા જતા રહીશું.'

હમણાં હમણાંથી મલય દરેક વાતમાં હરીશભાઈની સલાહ મુજબ કરતો એ નેહાને ગમતું નહીં. નેહા પોતાનું સ્વતંત્ર આધિપત્ય ઈચ્છતી હતી. પતિ માત્ર એને એકલીને જ પૂછે એમ ઈચ્છતી હતી. આ પહેલાં જે ફ્લૅટમાં નેહા અને મલય રહેતા હતાં એ નેહાના નામનો હતો. મોંઘું રાચરચીલું પણ નેહાના નામે જ હતું. નેહા તો માત્ર ગૃહિણી હતી. મલય કમાતો હતો પણ એમના સંસારમાં નેહાનું શાસન ચાલતું અને મલય નેહાની ઈચ્છા માથે ચડાવતો. એને કકળાટ ગમતો નહીં.

નેહા ઈચ્છતી હતી કે જે નવો ફ્લૅટ લેવાય એ એના નામ પર લેવાય, પણ ખુલ્લંખુલ્લા તો એ એવું કહી શકે એમ ન હતી કારણ કે એ જાણતી હતી કે સાસુસસરાએ પોતાની બધી મિલકત આપી દીધી છે તો આ ફ્લૅટમાં એમનો હક, હિસ્સો અને નામ રાખવાનું તેઓ કહે જ. તેથી એણે એકાંતમાં મલયને કહ્યું, 'મને તો આ નવા ફ્લૅટમાં રહેવા જવાનો ખાસ કોઈ ઉમંગ નથી.'

'કેમ?' આશ્ચર્ય પામતાં મલયે પૂછ્યું.

'એ ક્યાં મારી એકલીના નામ પર લેવાવાનો છે? મારે તો મારા નામ પર ફ્લૅટ જોઈએ, હું એકલી માલિક.'

મલયને એક આંચકો લાગ્યો. નેહા કેવી બેહૂદી, અન્યાયી માગણી કરે છે! પણ નેહા આગળ એનું કંઈ ચાલ્યું નહિ. છેવટે એણે કહ્યું, 'સારું તારી ઈચ્છા મુજબ કરીશ.'

એ પછીના રવિવારે મલયે કહ્યું, 'પપ્પા, આપણે નવા ફ્લૅટમાં આજકાલમાં સામાન ખસેડી લઈએ. ફ્લૅટનો કબજો મળી ગયો છે.'

'પણ દીકરા હજી દસ્તાવેજ ક્યાં થયો છે?' હરીશભાઈએ પૂછયું.

'થઈ ગયો છે, પપ્પા.' અચકાતાં અચકાતાં મલય બોલ્યો.

'ક્યારે? ક્યારે સહીસિક્કા થઈ ગયા?' હરીશભાઈ એક આઘાત સાથે બોલ્યા. સંકટની પળોમાં જે દીકરાવહુને તન, મન, ધનથી સાથ આપ્યો એ દીકરોવહુ ફરી એક વાર પ્રોપર્ટી લેતાં એમને ટાળે છે? એમની સાવ બાદબાકી કરી નાખી.

હરીશભાઈ અને યશુબહેનને આંચકો લાગ્યો. દીકરાએ એમને છેતર્યાં! તેઓને ખ્યાલ આવ્યો કે માથે આવેલું સંકટ ગયું એટલે નેહા એના ઓરિજિનલ ફોમમાં આવી ગઈ છે. નેહા પરણીને એમના ઘરમાં આવી ત્યારથી એના સ્વકેન્દ્રી, સ્વાર્થી, સંવેદનારહિત, સંકુચિત માનસનો એમને ખ્યાલ આવી ગયો હતો તેથી તો પ્રથમવાર તેઓ દીકરાના મોટા ફ્લૅટમાં એની સાથે રહેવા ગયાં ન હતાં. ત્યારે જ યશુબહેન બોલ્યાં હતાં કે દીકરાવહુ સાથે રહેવામાં આપણે પ્રસન્નતાથી રહી નહિ શકીએ. નાની નાની વાતમાં ભલેને આપણે વારંવાર જતું કરીએ તેથી ઝઘડો ના થાય પણ આપણું મન તો દુભાય જ. મનમાં ગાંઠ બંધાતી જાય અને એનો વિસ્ફોટ ક્યારે થાય કંઈ કહેવાય નહીં, માટે દૂર રહેવામાં જ શાણપણ છે.

ત્યારે હરીશભાઈને પણ નેહાનાં વાણીવર્તનમાં પોતાપણાની લાગણીની ઊણપ વરતાઈ હતી. નેહા એમને પોતાના માની શકી નહોતી તેવું સમજાયું હતું. તેથી તેઓ સ્વેચ્છાએ દૂર જ રહ્યા હતા, પણ દીકરો આપત્તિથી ઘેરાઈ જાય ત્યારે કયાં માબાપ દૂર રહી શકે? તેમણે તરત જ દીકરાને હૈયે ચાંપીને સાથ- સહકાર આપ્યો હતો. ત્યારે નેહાનો સ્વભાવ વાણીવર્તન બધું તેઓ ભૂલી ગયાં હતાં પણ આજે કોઈ આપત્તિ વિપત્તિ નથી ત્યારે એમની જરૂર નથી. નેહા એમને ઈચ્છતી નથી.

તો હવે શું કરવું? પોતાની પાસે રહેવાનું ઠેકાણુંય રહ્યું નથી. હા, એમની નાનકડી દુકાન છે, ત્યાંથી નિર્વાહ પૂરતું મળી રહેશે. પણ રહેશે ક્યાં? પોતાનું ઘર ક્યાં?

યશુબહેન બોલ્યાં, ‘એ નવા ફ્લૅટમાં હું નહીં રહી શકું, એ મને પારકો લાગશે. ત્યાં નિરાંત નહિ લાગે. ત્યાં હરક્ષણે મને છેતરાયાની યાદ આવશે. દીકરા- વહુએ નિખાલસતાથી આપણને કહ્યું હોત તો મને ડંખ ના લાગત.’

દીકરાવહુની ખુશી કરતાં આપણા માટે બીજું કંઈ વધારે નથી. વહુના નામનો ફ્લૅટ લે. એમાં આપણે શું કામ નારાજ થવાનું? આપણે માલિક નથી બનવું, હક નથી જોઈતો પણ આપણે માબાપ છીએ, એ વાત પણ ભૂલી જાય? આપણને માન-આદર તો મળવાં જ જોઈએ. પણ આ તો રીતસર જાકારો છે.’

મલયે આ વાત જાણી ત્યારે કહ્યું, ‘મમ્મી, ફ્લૅટ ગમે તેના નામ પર હોય તને ત્યાં રહેવાનો પૂરો હક છે.’

‘પ્રેમ વગરના હક્કને શું કરવાનો? દીકરા જ્યાં અમને પોતાનાં ના ગણવામાં આવે ત્યાં રહેવાનું મન થાય નહિ. તું જ કહે તું અમારી દૃષ્ટિથી વિચાર કર.’

યશુબહેનની વાતનો મલય કોઈ જવાબ ના આપી શક્યો, પણ એનો ચહેરો સાવ ઊતરી ગયો. અપરાધભાવે એ ચૂપ હતો. ત્યારે હરીશભાઈ બોલ્યા, ‘બેટા, અમારે સમાજમાં તને હલકો નથી પાડવો. અમે સાવ અશક્ત થઈશું ત્યારે વૃદ્ધાશ્રમમાં નહિ જઈએ, તારે ત્યાં જ આવીશું, પણ હજી અમારા હાથપગ ચાલે છે, ત્યાં સુધી અમે સ્વતંત્રપણે જીવીએ અને તમે પણ નચિંતપણે જીવો. અમારી ચિંતા તું કરીશ નહિ.’

યશુબહેન અને હરીશભાઈ ભાડાના ઘરમાં રહેવા ગયાં. મલય નવા મોટા ફ્લૅટમાં રહેવા ગયો પણ એના હૈયે ઉમંગ નથી, એક પ્રકારની ઉદાનસીતાથી એ અવારનવાર ઘેરાઈ જાય છે પણ એ જોવા-સમજવાની સંવેદના નેહા ધરાવતી નથી. જીવનમાં આમ જ વિસંવાદિતા સર્જાતી હશે?

મલય માબાપને ઝંખે છે પણ નેહા પાસે પતિની લાગણીઓ સમજવા જેટલું ઋજુ દિલ નથી, સમજ નથી. એ શું ગુમાવી રહી છે એનો એને ખ્યાલ નથી, અને ખ્યાલ આવશે ત્યારે હરિયાળી ખતમ થઈ ગઈ હશે. બધે ગરમ રેતી ઊડતી હશે.



હું મારાં સાસુની ઋણી છું

મીનાબેન લગભગ ૬૫ વરસનાં છે. ઘર કુટુંબ અને સમાજમાં એમની પ્રેમાળ, સરળ અને સમજદાર સન્નારી તરીકેની છાપ છે. તેઓ ક્યારેય કોઈની નિંદા નથી કરતાં કે કોઈનું ઘસાતું નથી બોલતાં. જ્યારે એમને મળો ત્યારે એ પ્રસન્નચિત્ત હોય, એમનાં આંખ, વાણી અને વર્તનમાંથી વહાલ ઝરતું હોય.

એમનાં સંપર્કમાં આવનારા સૌ એમને આદરમાનથી જોતાં. આ મીનાબેન આજ સવારથી ઉદાસ, ઉદાસ છે. ચાળીસ વરસ પહેલાંનો એક જૂનો પ્રસંગ એમને યાદ આવી ગયો. એમનાં લગ્નને એકાદ મહિનાની વાર હતી ત્યારે એમનાં સાસરેથી દાગીનો પસંદ કરવા એમને બોલાવ્યાં હતાં. એમની જ્ઞાતિમાં વહુને દાગીના, સાડીઓ આપવાનો રિવાજ. દાગીના, સાડીઓ પસંદ કરવા વહુને બોલાવાય. સાસુ અને કુટુંબના બીજા વડીલો સાથે તેઓ સોનીની દુકાને ગયાં હતાં. સાસુએ એમને ખાનગીમાં કહ્યું હતું, 'ઓછામાં ઓછો આઠ તોલા અને વધારેમાં વધારે દસ તોલાનો સેટ પસંદ કરજે. મેં મોટી વહુને બાર તોલા સોનું આપ્યું છે, તને પણ ઘરમાં પહેરવાની ચાર બંગડીઓ કરાવી આપીશ. મોટી વહુને મેં ઘરમાં પહેરવાની બંગડીઓ કરાવી આપી છે.'

પરંતુ મીનાબેને બાર તોલાનો સેટ પસંદ કર્યો, મીનાબેનને એમનાં ભાભીએ કહ્યું, 'સાસુ કહે એના કરતાં ભારે દાગીનો પસંદ કરજો, કારણ કે સાસુ એમની શોભા વધારવા તમે જે પસંદ કરશો એ લઈ આપશે, અને આ એક જ વખત એવો છે કે તમારી પસંદગી પ્રમાણે તમને મળશે, ત્યારે મોકો ચૂકશો નહીં. વધારે ભારે સેટ પસંદ કરજો.'

ભાભીની શિખામણ મુજબ મીનાબેને બાર તોલાનો દાગીનો પસંદ કર્યો ત્યારે એમણે જોયું કે સાસુનું મોં સાવ પડી ગયું હતું. સાસુ મોંથી કંઈ બોલ્યાં ન હતાં પણ એમના મનમાં ઘમસાણ ચાલતું હતું એ એમના ચહેરા પરથી ખ્યાલ આવ્યો છતાં મીનાબેને પોતાનો નિર્ણય બદલ્યો નહીં. એમને થયું મારી ભાભી સાચું જ કહેતા હતાં, અત્યારે સાસુમા મોં બગાડે છે તો પછી તો આપે જ શું? એમની આબરૂ ન જાય એટલે એ અત્યારે ચૂપચાપ દાગીનો ઘડાવી આપશે. ત્યારે મીનાબેન બાર તોલાનો સેટ વત્તા ચાર તોલાની ઘરમાં પહેરવાની ચાર બંગડી એમ સોળ તોલા સોનું મળ્યું તેથી ખુશ હતાં. દાગીનો પહેરીને એ દરેક વખતે ખુશ થતાં, પણ આજે એમને એ આખી ઘટના અચાનક યાદી આવીને પસ્તાવાથી એમનાં હૃદય-મન ભરાઈ ગયાં. એમને થયું એ સમયે મને કેમ સમજાયું નહીં કે સાસુએ દસ તોલાનો સેટ પસંદ કરવાનું કહ્યું છે તો દસ તોલાનો જ પસંદ કરાય. લગ્ન નિમિત્તે દાગીનાના જેટલા ખર્ચની વ્યવસ્થા કરી હોય એમાં સમજીને પ્રેમથી મારે સહકાર આપવાનો હોય, એમની આર્થિક સ્થિતિનો ખ્યાલ રાખ્યા વગર હું જાણે એમની લેણિયાત હોઉં અને એ મારા દેવાદાર હોય એમ વર્તી હતી. મારું મન આટલું ભિખારી હતું? સાસુની મૂંઝવણ, દુ:ખ મને કેમ સ્પર્શી નહીં! હું ત્યારે નાદાન હતી

કે સ્વાર્થી, નિષ્ઠુર હતી?

મીનાબેનને જીવ બળે છે કે સાસુને એમણે કેટલાં દુભવ્યાં! આજે મોડી મોડી આંખ ઊઘડી, પણ આજે તો સાસુ હયાત નથી – એ કોની માફી માગે? કોની સમક્ષ પસ્તાવો કરે? સાસુએ તો આખી જિંદગીમાં કદીય દાગીનાનો ઉલ્લેખ કર્યો ન હતો, મીનાબેનની ત્રુટી લક્ષમાં લીધી ન હતી. માફી માગ્યા વગર જ એ ઉદારમનનાંએ માફી આપી દીધી હતી, પરંતુ એમના મનને તો આઘાત પહોંચ્યો હશે ને! મા તુલ્ય સાસુને દુ:ખી કરવાનું પાપ મેં કર્યું ત્યારે મારા સ્વાર્થે મને ટૂંકા જીવની બનાવી દીધી હતી. મારા હૃદયમનનાં દ્વારા બંધ કરીને હું દાગીનો પહેરીને રાચતી હતી, ત્યારે ક્યાં ગઈ હતી મારી સંવેદનશીલતા, મારી ઋજુતા, મારી મૃદુતા, નમ્રતા, મારી ખાનદાની? મારા જે ગુણો માટે હું પ્રશંસા પામું છે એ ગુણોનો લાભ માતાતુલ્ય મારી સાસુને જ ન મળ્યો. ત્યારે હું કેમ આવી લોભી અને લાલચું બની ગઈ હતી?

એ સમયે, મારી જુવાનીના એ દિવસોમાં તો ભલભલી વહુઓ સાસુથી ડરતી રહેતી, સાસુ વહુઓનું શોષણ કરતી હતી. અન્યાય કરતી હતી, વહુની નાની અમથી ખામી કે ભૂલને વધારી વધારીને વહુને આરોપીના પિંજરામાં ખડી કરી દેતી હતી અને ત્યારેય વહુને તો શાંત રહેવાની, સહન કરવાની શીખ મળતી. વહુ સમક્ષ તો ત્યાગ અને સહનશીલતાનો, ધીરજનો અને સંયમનો આદર્શ મુકાતો. સહન કરવામાં ગૌરવ મનાતું ત્યારે સાસુની સત્તા ચાલતી હતી.

એ જુનવાણી જમાનામાંય મારાં સાસુ કેટલાં મૉડર્ન હતાં! એ અલ્પશિક્ષિત હતાં. એમને બહારની દુનિયાનો ખાસ પરિચય ન હતો પણ એ સુધારાવાદી હતાં. એ વ્યક્તિસ્વાતંત્રમાં માનતા હતાં. એમણે મારી કદી ટીકા નથી કરી, કે કદી ટકોર નથી કરી. મનમાંય મારા માટે દુર્ભાવ નથી સેવ્યો. તે સાઈકૉલૉજી વિષય તરીકે ભણ્યાં ન હતાં, પણ કેટલાં મોટાં સાઈકૉલૉજિસ્ટ હતાં! એમના પ્રેમભર્યાં વર્તનને લીધે ઘરમાં અમે બધાં એક થઈને જીવ્યાં હતાં. ઘરમાં શાંતિ અને સંપ હતાં. મારી નકારાત્મકતાને જરાય પોષણ નહોતું મળ્યું. હું આજે દરેક સમસ્યાનો હકારાત્મક રીતે ઉકેલ લાવું છું.



આપણે હુંપદ અને મોહ છોડી દેવાનાં

રા ગિણીબેનના દીકરા સુજય અને વહુ દીપ્તિ લગ્ન પછી ત્રણેક અઠવાડિયાંમાં જુદાં રહેવાં ગયાં. જુદાં રહ્યાં પણ બીજા શહેરમાં કે બીજા વિસ્તારમાં નહીં, આ જ શહેરમાં, આ જ વિસ્તારમાં, બાજુની સોસાયટીમાં પહેલી લાઇનમાં પગે ચાલીને જાઓ તો ય સાતેક મિનિટમાં પહોંચી જવાય એટલું અંતર.

રાગિણીબેનને હતું કે દીકરો-વહુ આટલાં નજીક છે તો રોજ નહીં તો આંતરે, દિવસે તો મળવાનું થશે જ. વળી કોઈ ઝઘડો નથી થયો, બોલાચાલી નથી થઈ, મન ઊંચા નથી થયા તેથી અમારી વચ્ચે ભરપૂર હેતભર્યો સંબંધ જળવાઈ રહેશે.

દીકરાવહુના નવા ઘરમાં એમણે યાદ કરી કરીને પોતાના ઘરમાંથી ઘણી બધી વસ્તુઓ કાઢી આપી હતી અને કહ્યું હતું, 'કોઈ વાતે મૂંઝાશો નહીં, કોઈ વસ્તુ વગર અગવડ વેઠશો નહીં, મને જણાવી દેજો. હું તરત ચીજવસ્તુ મોકલી આપીશ.'

હમણાં જ પરણેલા દીકરોવહુ પોતાનો આવડો મોટો બંગલો છોડીને ભાડાના ઘરમાં રહેવાં ગયાં તો પોતાનું ખરાબ દેખાશે, સમાજ શું કહેશે એવી શંકાકુશંકા કર્યા વિના રાગિણીબેને દીકરાવહુને અલગ ઘર ગોઠવવામાં બધો સહકાર આપ્યો. કોઈ નવી વાનગી બનાવે તો તરત એમના ઘરે મોકલી આપે.

રાગિણીબેનને એક જ અપેક્ષા રહેતી હતી કે દીકરો-વહુ અવારનવાર પોતાને મળવા આવે. મન મૂકીને વાતો કરે અને પોતાને એમના ઘેર જવાનું આમંત્રણ આપે. ભલે તેઓ અલગ રહે પણ મનથી ઐક્ય અનુભવે.

પણ ના, એવું ન થયું. શરૂઆતમાં તો રાગિણીબેનને થયું કે દીકરો-વહુ નવું ઘર ગોઠવવામાં પડ્યાં હશે, પણ એક પખવાડિયું ગયું, એક મહિનો ગયો, પણ ના સુજય આવ્યો, ના દીપ્તિ આવી, ના એમનો ટેલિફોન આવ્યો.

રાગિણીબેન ઉદાસ થઈ ગયાં, એકદમ ઉદાસ. એમના મનમાં એક જ સવાલ ઊઠે છે મેં કોઈ દિવસ એમને કોઈ વાતે રોક્યાં નથી, કોઈ વાતે ટોક્યાં નથી, તો ય કેમ આવું?

વિનયકાંત રાગિણીબેનને કહે છે, 'તેઓ ક્યાં આપણી નજીક હતા તો દૂર જવાનો પ્રશ્ન ઊભો થાય છે? પહેલા દિવસથી તારાથી, આ ઘરથી પુત્રવધૂ દીપ્તિ અળગી જ રહી છે. મન મળ્યાં જ નથી તો પછી તને મળવાનો એને ઉમળકો ક્યાંથી જાગે?'

'મનની ઊલટથી નહીં તો ફરજ સમજીને તો આવેને?' રાગિણીબેને ઘવાયેલા સૂરે કહ્યું.

વિનયકાંત બોલ્યા, 'રાગિણી.'

'રાગિણી, હવે એ દિશામાં વિચારવાનું તો છોડી દે.'

વિનયકાંતે પત્નીને સમજાવતા કહ્યું. એમને ય દીકરા-વહુનું વર્તન ખૂંચ્યું હતું. પણ શું

થાય. દીકરા-વહુ પર કોઈ જોર ચાલે એવું ન હતું તેથી તેઓ બોલ્યા, ‘દીપ્તિને ખબર નથી કે માબાપ દીકરા સાથે કેટલા ગાઢ સ્નેહથી સંકળાયેલા હોય છે. દીકરો પરદેશ હોય તો મનવાળીએ કે દીકરો પરદેશ છે, પણ આ તો આટલો નજીક હોય તોય ન આવવા દે! દીપ્તિ સંબંધોનું મૂલ્ય સમજે છે? જીવનમાં માબાપનું સ્થાન શું છે તેવું એ વિચારતી હશે? પત્ની મળે એટલે જીવનમાં માબાપનું મહત્ત્વ ઘટી જાય?’

‘નવા પરણેલાં દંપતી મસ્તીથી જીવે, કોઈ તનાવ ન રાખે એ બરાબર પણ સગાઈ, સંબંધનું મૂલ્ય તો એણે સમજવું જોઈએ ને? કદાચ એ પોતે એવી ઉત્કટ લાગણી ન અનુભવતી હોય પણ સુજયની લાગણી વિશે તો એણે વિચારવું જોઈએ ને?’

એમની સ્વતંત્રતા સચવાય, નાની નાની વાતોમાં આપણો ખ્યાલ ન રાખવો પડે માટે તેઓ આપણાથી અલગ રહેવા ગયાં એ બરાબર છે પણ તેઓ એટલાં તો દૂર ન જવાં જોઈએ કે મન પણ અલગ થઈ જાય. આત્મીયતા નષ્ટ થઈ જાય, હેતપ્રેમની હૂંફ પણ ન વર્તાય.

આપણે એક દીકરો છે એ કોઈ દૂર દૂરની ઘટના હોય. એમ ઝાંખી ઝાંખી યાદ મનમાં ઊપસવા દેવાની, પણ દીકરા સાથે મન થાય ત્યારે વાત નહીં કરવાની, મળવાનું પણ નહીં, તો પછી આપણે માબાપે શું કરવાનું? કોઈ ગેરસમજ થઈ હોય તો માફી માગીએ, ગેરસમજ દૂર કરીએ પણ આ તો કોઈ સમજ કેળવાઈ નથી ત્યાં ગેરસમજનો પ્રશ્ન જ કયાંથી ઉદ્ભવે? આપણે શું કરવાનું?

‘રાગિણી, આપણે આપણા હૃદય મન અને આપણા ઘરનાં બારણાં ખુલ્લાં રાખવાના. એમને આવવું હોય ત્યારે આવે, જવું હોય ત્યારે જાય. તું દીકરાને જિંદગીમાં બહુ મોટું સ્થાન ન આપી દે, નહીં તો દીકરાને ઝંખી ઝંખીને તું દુ:ખી થઈશ. વહુ તારી લાગણીને નહીં સમજી શકે.’

‘દીકરો જન્મ્યો ત્યારથી દીકરો આપણા જીવનમાં કેન્દ્રસ્થાને છે. આપણું સમગ્ર જીવન, આપણી બધી પ્રવૃત્તિઓ એની આજુબાજુ જ થતી રહી છે અને હવે એવું નથી, એ વાત જ કેટલી અસહ્ય છે.’

વિનયકાંત બોલ્યા, ‘હવે દીકરા-વહુને ગુડબાય કરી દેવાનું, કેમ દીકરો આપણાથી દૂર છે એનો વિચાર જ નહીં કરવાનો. મનમાં એવો પ્રશ્ન જ નહીં ઊઠવા દેવાનો રાગિણી. આપણે આપણી માનસિકતા બદલવાની છે, આપણે નવી રીતે જીવતાં શીખવાનું છે. જો તું એવું નહીં કરે તો તારી તબિયત બગડશે. વળી જેમ બીજાનું અણગમતું વર્તન ઉદારતાથી પ્રેમથી સહન કરી લઈએ છીએ તેમ આપણાં દીકરા-વહુના વર્તનને ચલાવી લેવાનું આમ કરવું તે એક તપશ્ચર્યા છે.’

આપણે માબાપ છીએ. આ ઉંમરે રાગદ્વેષથી મુક્ત થઈએ તો જ આપણા મનની શાંતિ જળવાઈ રહે, ઘરની શાંતિ જળવાઈ રહે.



ઘર એક આશ્રમ બને

નકુલભાઈ હમણાંથી પોતાના રૂમમાં જ બેસી રહે છે. અલબત્ત તેઓ તદ્દન નિષ્ક્રિય નથી બેસી રહેતા. તેમની પ્રકૃતિ પ્રમાણે તેઓ વાંચવા-લખવાનું કામ કર્યા કરતા હોય છે. તેમનાં પત્ની પૂર્ણાબહેન પતિની વિચારશીલ, અધ્યયનશીલ અને ચિંતનશીલ પ્રકૃતિ વર્ષોથી – એટલે કે લગ્ન સમયથી જાણે છે. પોતાની એ પ્રકૃતિ તેમણે સ્વીકારી લીધી એના માટે એ કદી ટકોર નથી કરતા કે ફરિયાદ નથી કરતા.

થોડા દિવસથી તો નકુલભાઈ રૂમમાંથી બહાર જ નથી નીકળતા. પૂર્ણાબહેને કહ્યું, 'આખો દિવસ તમારી રૂમમાં જ બેસી રહો છો.' પૂર્ણાબહેન એટલા શાંત સૌમ્ય સૂરમાં બોલ્યાં હતાં કે એમનું કહેવું ફરિયાદ છે કે સામાન્ય વિધાન એ નકુલભાઈ નક્કી ન કરી શક્યા. એ બોલવામાં ફરિયાદની ઉગ્રતા ન હતી પણ કંઈક અકળામણ તો જરૂર હતી.

નકુલભાઈ સંયતસૂરમાં બોલ્યા, 'હું વિચારું છું કે આપણા સમગ્ર જીવનની ફલશ્રુતિ શું?' એક આદર્શ જીવનની જે કલ્પના હતી એ મુજબ જિવાય છે?'

પૂર્ણાબહેનને કંઈક આશ્ચર્ય થયું, કારણ કે નકુલભાઈએ એની સાથે બેસીને આદર્શ જીવનની કલ્પના તો કરી ન હતી. છતાં અત્યારે તેઓ મારું જીવન એવું નથી બોલ્યા પણ 'આપણું જીવન' બોલ્યા છે. એટલે કે એમની સાથે મારો વિચાર કરે છે. એમના જીવન સાથે મારું જીવન જોડાયું છે, એ સાર્થક થઈ ગયું.

પૂર્ણાબહેનને ચાળીસ વરસ પહેલાનો એ સમય યાદ આવી ગયો, જ્યારે એમની સગાઈ થઈ હતી. એમની સગાઈ થઈ ત્યારે જ લોકો નવાઈ પામીને કંઈક ચિંતાજનક સૂરમાં બોલતા હતા કે મિયાં મહાદેવનો રાગ કેટલો આવે છે એ હવે જોવાનું રહ્યું.

આવું નકારાત્મક અનુમાન કરનાર સાવ ખોટા તો ન હતાં, કારણ કે નકુલભાઈ નાનપણથી અંતર્મુખ હતા જ્યારે પૂર્ણાબહેન બહિર્મુખ હતાં. જોકે એમની વચ્ચે કદી વિસંવાદિતા નહોતી સર્જી છે કે વિખવાદ નહોતો થયો. તેઓ સાચા અર્થમાં એકબીજાના પૂરક હતાં, રોજ સવારે નકુલભાઈ ધ્યાન, યોગ અને કસરત કરે જ્યારે પૂર્ણાબહેન આંગણમાં એમણે બનાવેલા બગીચામાં કામ કરે. ક્યારાને ગાર્ડ કરે, નકામા છોડ તણખલાં કાઢી નાખે, પાણી પાય અને સાથે સાથે ગીત-ભજન ગાય. બેમાંથી કોઈ એકબીજાની ટીકા ના કરે. સાંજના સમયે નકુલભાઈ બહાર હિંચકે બેસીને સંગીત સાંભળે, ક્યારેક સ્કેચબુક લઈને સ્કેચ કરે ત્યારે પૂર્ણાબહેન કાં તો બહાર કોઈને મળવા ગયાં હોય અથવા તો કોઈની સાથે ફોન પર ગપ્પાં મારતાં હોય છે. બેઉ પોતપોતાને મનગમતી પ્રવૃત્તિ કરતાં અને પ્રસન્ન રહેતાં. પૂર્ણાબહેનને કદી એવું નહોતું લાગતું કે પતિ એમનાથી દૂર છે અને નકુલભાઈએ કદી એવું નહોતું કહ્યું કે અમે બેઉ તો સમાન્તરે દોડતી રેખાઓ છીએ. કદી અમારું મિલન નથી થયું, કદી તદ્રૂપ નથી થયાં.

તેઓ એમના બેઉંના સંબંધ વિશે ગૌરવથી વાત કરતાં. તેઓ કહેતાં કે મંદિરમાં ઊભેલા બે સ્તંભો દૂર હોય છતાં તેમનું કાર્યએક જ હોય છે મંદિરની છતને ટેકો આપવો, એ જ પ્રમાણે અમે અન્યોન્યના જીવનને ટેકો આપીને સમૃદ્ધ કરીએ છીએ.

પૂર્ણાબહેન વિચારે છે આવું કહેનાર પતિ તો પછી આજે આવું કેમ બોલ્યા?

'જે રસ્તે ચાલ્યા એ ભૂલ હતી? શું બીજા રસ્તે અમારે જવું જોઈતું હતું?'

અત્યાર સુધી શું અમે ભટક્યા જ કર્યું છે? શું ચોતરફ અંધકાર જ હતો છતાં અમે મૂઢ કંઈ ના સમજ્યા અને અમે ભ્રમમાં રહ્યા કે વિકાસ કરીએ છીએ, અમારું ભીતર સમૃદ્ધ થાય છે.

માત્ર ભીતર જ કેમ? નકુલભાઈએ એમની પોતાની કમાણીમાંથી નાનકડો પણ બધી જ અધતન સગવડવાળો બંગલો બાંધ્યો છે, કાર ખરીદી છે, ભૌતિક દૃષ્ટિએ જોઈએ તો પણ તેઓ સમૃદ્ધ છે તો પણ નકુલભાઈના મનમાં આવો વિચાર કેમ આવ્યો?

પૂર્ણાબહેને મૂંઝાઈ ગયાં. કદીય નકારાત્મક નહીં વિચારનાર નકુલભાઈ કેમ આવું વિચારે છે? પૂર્ણાબહેનને નકુલભાઈની જેમ વાંચવા અને વિચારવાની ટેવ ન હતી પણ ધીરે ધીરે પૂર્ણાબહેન બદલાતાં જતાં હતાં. નકુલભાઈએ કદી કહ્યું ન હતું, પૂર્ણાબહેને કદી સભાન પ્રયત્ન કર્યો ન હતો, છતાં તેઓ નકુલભાઈના રંગે રંગાતાં હતાં? આજ સુધી તો નકુલભાઈ પોતે જે કંઈ વાંચ્યું હોય, વિચાર્યું હોય એની વાત કરે અને પૂર્ણાબહેને સાંભળે પણ હવે તો તેઓ ચર્ચા કરતા થયા હતા. અલબત્ત પોતાનો મત રજૂ કરીને પ્રસ્થાપિત કરવાનો ઉદ્દેશ કે આગ્રહ ન હોય પણ પોતાનું દૃષ્ટિબિંદુ તેઓ સ્પષ્ટતાથી રજૂ કરતા અને નકુલભાઈ ધ્યાનથી એમની વાત સાંભળતા. ક્યારેક તો કહેતાય ખરા, 'અરે, આ દૃષ્ટિથી તો મેં વિચાર્યું જ ન હતું. માણસે અનેકાંત દૃષ્ટિ રાખવી જોઈએ, તો એનું વિઝન વધારે સ્પષ્ટ બને. આવું વિચારશીલ દંપતી, પતિ કે પત્ની જે કંઈ બોલે એ બરાબર વિચારીને બોલે.

દૃઢપણે જે માનતા હોય એ જ બોલે. તો આજે નકુલભાઈ બોલ્યા કે જે રસ્તે ચાલ્યા એ ભૂલ હતી. તો કેવી રીતે એ ભૂલ હતી?

પૂર્ણાબહેન બોલ્યાં, 'ના, આપણે જીવ્યાં એ રીતમાં કોઈ ભૂલ નથી. આપણે સંસારી છીએ, આપણે કદી બહુ મોટી મહત્ત્વાકાંક્ષા સેવી નથી. ઘર, કુટુંબ તરફ ફરજ બજાવી છે અને શક્ય હોય તે સમાજ માટે કંઈ કર્યું છે.'

'પણ જીવનનો એ તબક્કો પૂરો થયો. પૂર્ણા, મને લાગે છે કે આપણે આપણી ફરજનું વર્તુળ વધારીએ.'

સ્થૂળ અર્થમાં બધી ભૌતિક સગવડો આપણે વસાવી છે. આપણી જિંદગીમાં ક્યારેય તકલીફ વેઠી નથી અને ભવિષ્યની વ્યવસ્થા પણ કરી રાખી છે.

પરંતુ આપણી આસપાસ જે તકલીફવાળા લોકો છે એમના માટે કંઈક કરીએ એવું મને થાય છે.

આપણે સાદાઈથી જ જીવીએ છીએ છતાં હજી જ્યાં કાપ મૂકી શકાય એમ હોય ત્યાં કાપ મૂકીએ અને એ રકમ બીજાના કલ્યાણ માટે વાપરીએ.

પૂર્ણાબહેન બોલ્યાં, 'હું તો આપણી બચત બૅન્ક કે પોસ્ટમાં મૂકીને વ્યાજ ઉપજાવું છું. એ હવે બંધ કરીશ અને બીજાના માટે વાપરીશ.'

'બસ પૂર્ણા મારા મનમાં આજ એક ઉમ્મીદ છે, આપણું ઘર એક આશ્રમ બને.'



ઊજળા થાઓ, ઊજળા કરો

જશુભાઈ જિંદગીના સાત દાયકા વટાવી ચૂક્યા છે. આ ઉંમરે હવે ન કોઈ મોહ રહ્યો છે ન રહી છે માયા. કાંઈ આશા-અપેક્ષા નથી. ભૌતિક સુખો પ્રત્યે ઉદાસીન છે. તેમની પોતાની જિંદગી પ્રત્યે કે એમના સંપર્કમાં આવનાર કોઈનાય માટે કોઈ ફરિયાદ નથી. તેઓ સ્વસ્થતાથી પ્રસન્નચિત્તે જીવે છે. જીવન પ્રત્યે તેમનો અભિગમ એક ફિલૉસૉફરનો છે. તેમના જીવનમાં ક્યાંય નકારાત્મકતા નથી.

જશુભાઈના મિત્ર કેતનભાઈને જ્યોતિષનું જ્ઞાન છે, જ્યોતિષમાં રસ છે તેથી તેઓ જાતે જ બીજાનાં જીવન અને જન્માક્ષરનો અભ્યાસ કરે. એક દિવસ તેમણે જશુભાઈ પાસે એમના જન્માક્ષર માગ્યા.

જ્યોતિષમાં જશુભાઈ પોતે ખાસ માનતા ન હતા, પરંતુ જ્યોતિષનો વિરોધ પણ નહીં. એમના પિતાએ એમના જન્માક્ષર કઢાવી રાખ્યા હતા એ એમણે ફાડીને ફેંકી દીધા ન હતા પણ સાચવીને રાખ્યા હતા. કદાચ પિતા માટેના આદરમાન અને સ્નેહભક્તિના લીધે પણ હોઈ શકે. એમણે એમના જન્માક્ષર એમના મહત્ત્વના દસ્તાવેજો સાથે મૂક્યા હતા.

જશુભાઈએ તરત પોતાના જન્માક્ષર કેતનભાઈને આપ્યા અને પૂછ્યું, 'જન્માક્ષર કેમ જોઈએ છે?'

'અરે દોસ્ત, હું જાણું છું તારી જિંદગીનો ગ્રાફ એકધારો ઊંચો નથી ગયો. જિંદગીની ચડતી-પડતીનો સ્વાદ તેંય ચાખ્યો છે. સંકટોથી ઘેરાઈ જાય ત્યારે તું બેચેન થઈ ઊઠ્યો હશે પણ તેં કદીય તારી જિંદગીને કડવી વાસ્તવિકતા કહી નથી. કાયમ તું શાંત જ રહ્યો છે, કદી ખળભળી નથી ઊઠ્યો તે ક્યા બળે તું સ્વસ્થ રહ્યો છે એ મારે જાણવું છે. તું તારી જાતને કેવી રીતે સંભાળી શક્યો એની વાત તેં તો કદી કરી નથી, પણ તારા ગ્રહો મને કહેશે એ જાણવાની મને ઉત્સુકતા છે તેથી જન્માક્ષર જોઈએ છે.'

જશુભાઈ સહેજ હસ્યા અને બોલ્યા 'સાઈઠ વર્ષની ઉંમરે ટાગોરે ગાયું હતું ને કે જિંદગીમાં આ મુકામે હું શું પામ્યો નથી એનો હિસાબ મેળવવા મારું મન રાજી નથી. હું શું શું પામ્યો નથી, કેતનભાઈ? આ એક જ જીવનમાં મને કેટલી બધી વસ્તુઓ મળી છે, કેટલા મિત્રો મળ્યા છે, એ બધાના લીધે મારી જિંદગી રળિયામણી બની છે અને હું તો માનું છું કે આપણે જ આપણા જીવનને અર્થ આપવાનો છે. ઈશ્વરે આપણા માટે જે કાર્ય નિર્માણ કર્યું હોય એ શોધીને સારી રીતે પાર પાડવાનું છે.'

'જશુભાઈ, આ ગ્રહો આપણા માર્ગદર્શક છે. આપણે શું બનવાનું છે તે ગ્રહ દ્વારા આપણને ખબર પડે છે.' કેતનભાઈ બોલ્યા.

'ભાઈ, ગ્રહને ગ્રહનું કામ કરવા દો અને આપણે આપણું કામ કરવાનું. મને તો મારી

નિષ્ફળતાએ જ ઘણું શીખવાડ્યું છે. નિષ્ફળતાની એક થપાટ વાગે અને એક પાઠ શીખવા મળે. આમ જ હું મેચ્યોર બન્યો છું.'

વાતો કરતા કરતા કેતનભાઈ જશુભાઈની કુંડળીનો અભ્યાસ કરતા હતા. એ બોલ્યા, 'જશુભાઈ, તારે બારમે રાહુ છે. રાહુની સાથે ચંદ્ર, મંગળ પણ પડયા છે. તારી જિંદગીના યુવાનીનાં વર્ષો ખૂબ જ સંઘર્ષપૂર્ણ ગયા હશે. તું એકધારું વલોવાયો જ હશે, માનસિક રીતે તેં વ્યથા અને વલોપાતમાં જ એ વર્ષો પસાર કર્યાં હશે પણ જન્મલગ્ને ગુરુ છે, એ ગુરુએ તને ઊભો રાખ્યો છે, ટકાવી રાખ્યો છે. બાકી તો તારી ચંદ્રદશા પણ બહુ દ્વિધાપૂર્ણ ગઈ હશે. તારા આઘાત વિશે વાત તો કર.'

કેતનભાઈ આટલું કહીને અટક્યા પણ જશુભાઈ તો મૌન જ છે. એ કાંઈ બોલતા નથી. કેતનભાઈ બીજી વાર બોલ્યા, 'જશુભાઈ, હું કહું છું એ સાચું છે કે નહીં? અત્યારે દેખાતા આ વૈભવની તેં બહુ મોટી કિંમત ચૂકવી છે, તારી જાતને તેં પોતે જ સંભાળી છે, હું તો કહું છું તારે આત્મકથા લખવી જોઈએ. સંસારના ઝંઝાવાતોમાં તું કેવી રીતે ટક્યો? કંઈક તો બોલ જશુભાઈ.'

જશુભાઈ બોલ્યા, 'આપણે ઈતિહાસમાં વાંચ્યું હતું ને કે રાણાસંગને એંશી ઘા પડયા હતા. એ ઘા શરીર પરના હતા, એ ગણી શકાય. પણ મારા મન પર પડેલા ઘા? એની વાત અન્યને કહેવાનો શું અર્થ?'

વ્હાલા જન વેરી થઈ બેસે એની વાત કોઈને કરાય? હું તો ડાયરી રાખતો હતો, મારી વ્યથા, ચિંતા, નિરાશા બધું ડાયરીમાં ઠાલવતો હતો. એવું કરીને હું ભાર વગરનો થતો હતો અને બીજા દિવસ માટે સંઘર્ષ કરવા તૈયાર થઈ જતો હતો.

મનમાં ચિંતા થવા માંડે કે તરત પ્રભુને પ્રાર્થના કરતો કે મને સંભાળી લે, હું ગાયા કરતો કે :

'મનમાં પ્રગટે ઘોર નિરાશા રહે ન એકે આધાર ત્યાં એક જ તારી હૂંફ એક જ તારો સહારો, રામ.'

ભગવાનને કાકલૂદી કરતો કે ઘોર રજનીમાં માર્ગ નવ સૂઝે નિજ શિશુને સંભાળ.

કેતનભાઈ, હું પ્રભુનું સ્મરણ કરતો અને સારું સાહિત્ય વાંચતો, સારું સાહિત્ય સત્સંગ છે, તેનાથી મારું મન મક્કમ રહેતું, હું નીડર બનતો. ગમે તેવી મુશ્કેલીઓ આવે પણ હું ગભરાતો નહીં. કોઈનાય માટે દુર્ભાવ સેવતો નહીં. યુવાનીમાં વેપારમાં કંઈ કેટલાય દગા મળ્યા છે, મારી સાથે છેતરપિંડી થઈ છે. મેં ઘણું ગુમાવ્યું છે પણ મેં નિરાશા અને વેરભાવનાને મારા મનમાં દાખલ થવા દીધી નથી.

મારી બાની એક શિખામણ મેં કાયમ યાદ રાખી છે. મારી બા કહેતી, 'ઊજળા થાઓ અને બીજાને ઊજળા કરો.' આ શિખામણ યાદ રાખીને મેં કદી કોઈની બહાર વગોવણી નથી કરી. કોઈ મારી સાથે એક ડગલું ચાલ્યું હોય કે વરસોનાં વરસો મારી સાથે રહ્યું હોય, દરેકની સારી વાત મેં યાદ રાખી છે, કોઈ કટુ યાદ મેં મનમાં રાખી નથી.

પરિણામે મારા જીવનમાં કાયમ માધુર્ય અને સૌંદર્ય જ સચવાયું છે. કોઈ વિષાદ કે બદલાની ભાવનાને મેં મનમાં ઊગવા જ નથી દીધી.'

'મિત્ર, અશક્યને તેં શક્ય કરી બતાવ્યું. સાચે જ તારા મનનો સ્વામી તું છે. એ તેં પુરવાર કર્યું.'

'મેં કોઈ ધાડ નથી મારી કેતનભાઈ, હું તો એક વાત સમજ્યો છું કે માણસે સભાનપણે જીવવું જોઈએ.' શરીરની તંદુરસ્તી સાચવવા જે રીતે તકેદારી રાખીએ છીએ એ રીતે જ મનની તંદુરસ્તી જાળવવા સાવધ રહેવું જોઈએ.



ઊતરતી અવસ્થા એ અંધારામાં ના અટવાઇએ

શારદાકાકી વરસોથી અમેરિકામાં વસ્યાં છે, વચ્ચે એકવાર પણ ભારત આવ્યાં નથી.

એકવાર તેઓ એમના દીકરા ગૌરવ સાથે અમારા ઘેર આવ્યાં હતાં. અમે ભારતની વાતોએ ચડ્યાં. સગાં-સ્વજનો અને મિત્રો વિશે અમે ખૂબ વાતો કરી. સમગ્ર વાતાવરણ સ્નેહ અને આત્મીયતાથી ધબકતું થઇ ગયું.

મને થયું કાકી વરસોથી ભારત આવ્યાં નથી છતાં એમને કેટલું બધું યાદ છે, કંઈ જ ભૂલ્યાં નથી.

મેં કહ્યું, 'કાકી, ઈન્ડિયાનું તમે કંઈ જ ભૂલ્યાં નથી.'

'જ્યાં જન્મી, ઊછરી અને આખું જીવન ગાળ્યું એ ભારત ભુલાય? એ તો અંદર જડાઈ ગયું છે.'

'ઈન્ડિયા જવાનું મન થતું હશે!' હું બોલી, પણ પછી મને થયું કે મારે આવું નહોતું બોલવું જોઈતું. વતનમાં જવાની કોને ઈચ્છા ના હોય?

ક્ષણાર્ધ માટે કાકી ય કંઈ બોલ્યાં નહીં. ભીતર કોઈ મનોમંથન ચાલતું હશે, પણ પછી સાવ સ્વાભાવિક સૂરમાં બોલ્યાં, 'આંખો બંધ હોય કે ખુલ્લી હોય, બધું નજર આગળ દેખાય છે. ઈન્ડિયા તો મારી અંદર છે.'

કાકી ભારતમાં હતાં એ દિવસો મને યાદ આવ્યા. એમનું વિશાળ ઘર સગાંવહાલાં અને મિત્રોથી ભર્યું ભર્યું જ હોય. કાકી બધાને પ્રેમથી જમાડે અને આગ્રહ કરીને રહેવા માટે રોકે. કાકી એક રાજરાણીના ગૌરવથી રહેતાં હતાં. એમનામાં સૂઝ, સમજ અને વ્યવહારિક કુનેહ પૂરેપૂરી, તેથી બધેથી માનપાન પામે, સગાંસ્વજનોનાં ઘેર સાંજેમાંદે અને સારા અવસરે જાય જ જાય. એમને બીજા માટે ઘસાવું ગમતું. મને થયું આવાં કાકીને અમેરિકાના ઘરમાં સૂનું સૂનું નહીં લાગતું હોય? દીકરો-વહુ જૉબ પર જાય, એમનાં સંતાનો સ્કૂલે જાય પછી કાકી ઘરમાં એકલાં જ હોય. ઘરમાં છાપાં, મૅગેઝિન આવતાં, પણ વાંચવું કાકીને ખાસ ન ગમે. ટી.વી. સામે બેસી રહેવાની ય આદત નહીં. કાકીને બહાર જવાનું ગમતું. ભારતમાં તો ડ્રાઈવરવાળી ગાડી હતી તેથી ધારે ત્યાં જઈ શકતાં, પણ અહીં તો દીકરો-વહુ લઈ જાય ત્યાં જવાનું. દીકરો-વહુ એમને ક્યાં લઈ જાય? મંદિરમાં? મંદિર જવાનું દીકરાવહુને ખાસ ગમે નહીં ને કાકીને બીજાં એવાં સ્વજનો નહીં કે ત્યાં જઈ શકે. દીકરાવહુને મિત્રવર્તુળ ખરું. કાકી એ બધાને ઓળખે, વિવેક પૂરતી વાતો કરે, પણ કાકીને એમની સાથે પ્રવાસ, પિકનિક પર જવાનું આમંત્રણ તો ના જ હોય ને! ઘેર પાર્ટી હોય તોય કાકીને તો એમના રૂમમાં બેસી રહેવું પડતું. જુવાનિયાની પાર્ટીમાં વડીલ કાકીનું સ્થાન ના હોય એ સ્વાભાવિક છે.

કાકીનો સ્વભાવ સ્નેહાળ, સેવાભાવી, ઉત્સાહી અને મળતાવડો હતો. ભારતમાં તો એમના હાથ પર ઘણી પ્રવૃત્તિઓ રહેતી. એકવાર પ્રવૃત્તિશીલ સમૃદ્ધ જિંદગી જીવ્યા પછી અહીં એમના નિરુપયોગી અને નિષ્ક્રિય થતા જતા જીવનનો થાક એમને નહીં ચડતો હોય? એમને

કંટાળો નહીં આવતો હોય? દીકરાવહુ એમની પોતાની જિંદગી જીવતાં હોય, કાકી માટે એ ખાસ વખત ના કાઢી શકતા હોય એવું ય બને, અથવા કાકીને જ્યારે વાતો કરવાનું મન હોય, બહાર જવાનું મન હોય, ત્યારે કોઈ વાતો કરનાર ના હોય. બહાર લઈ જનાર ના હોય ત્યારે કાકીને ઓછું નહીં આવતું હોય? આજ સુધી ભારતમાં તો કાકી એમની ઈચ્છા મુજબ જ બધું કરતાં આવ્યાં છે, તો અહીં એ અકળાતાં નહીં હોય? દીકરા- વહુ વ્યવહારથી ક્યારેક માઠું પણ લાગ્યું હશે, છતાં એમણે કદી કોઈની આગળ ફરિયાદ નથી કરી.

દીકરાના ઘરમાં એ પોતે કોઈને નડે નહીં, અંતરાયરૂપ ના બને એમ એમણે પોતાનો નિત્યક્રમ નક્કી કરી લીધો હતો. કોઈ ફરિયાદ વગર, અફસોસ વગર એ નવી દુનિયામાં આધુનિક જીવનશૈલી પ્રમાણે જાતે ગોઠવાતાં જતાં હતાં અને પ્રસન્ન રહેતાં હતાં. જ્યારે જુઓ ત્યારે પહેલાં જેટલાં જ સ્ફૂર્તિવાળાં અને ઉમંગી. કાકીને એકવાર મેં કહ્યું, ‘કાકી, હવે તો તમને અહીં પાકું ગમી ગયું લાગે છે. ભારત ભુલાઈ ગયું હશે.’

‘દીકરી, હું અહીં રહું છું એનો અર્થ એવો નહીં કે ભારત ભુલાઈ ગયું છે ને અહીંની જિંદગી પસંદ પડી ગઈ છે. અહીં પાકું ગમી ગયું છે. અમેરિકામાં હું શોખથી નથી રહેતી, પણ મારી સમજથી રહું છું. મારી વ્યવહારિક સૂઝ એવું કહે છે કે દીકરોવહુ રહેતાં હોય ત્યાં રહેવું ડહાપણભર્યું છે. જો હું ઈન્ડિયામાં રહેતી હોઉં ને માંદી પડું તો દીકરાને દોડાદોડ ત્યાં આવવું પડે. એની જવાબદારીભરી જૉબ છે એ સમાચાર સાંભળે કે તરત રજા ના પણ મળે. વળી ઈન્ડિયાને અમેરિકા કેટલા બધા કલાકની જર્ની છે. એ જ્યાં સુધી ઈન્ડિયા આવે નહીં ત્યાં સુધી એનો જીવ અધ્ધર રહે અને ઈન્ડિયામાં એની વગોવણી થાય કે દીકરો આવ્યો નહીં. અહીંની તકલીફો ત્યાં બેઠેલા જાણે નહીં. દીકરાવહુને આવી તકલીફમાં મૂકવાનો અર્થ ખરો? એવો ઉત્પાત, ઉપદ્રવ આપણને ના ગમે. મારી સમગ્ર જિંદગીનો વિચાર કરું તો આજ સુધી હું મારી મરજી મુજબ જીવી છું. તારા કાકાએ કદી ધણીપણું નથી કર્યું. મારી ઈચ્છાને માન આપ્યું છે. મારા જીવનમાં નર્યો સૂર્યપ્રકાશ હતો.’

હવે અવસ્થા બદલાઈ, મારો સમય પૂરો થયો. રાજ ગયું. હવે દીકરાના રાજમાં રહેવાનું છે. જો કે મને કોઈ દુ:ખ કે અગવડ નથી. હજી જિંદગીમાં અજવાળું તો છે જ, પણ એ ચંદ્રનું અજવાળું છે. શીતળ અજવાળું. એનો પ્રતાપ ના હોય, પ્રભાવ ના હોય, સત્તા ના હોય. દીકરી આ જ સંસારની રીત છે. ઊતરતી અવસ્થાએ આપણા આગ્રહો ને તરંગો છોડવાં જોઈએ. એક જ વાત ધ્યાનમાં રાખવાની કે આપણે અંધારામાં અટવાઈ ના જઈએ. ખોટા આગ્રહો રાખીને કે દીકરાને રોકટોક કરીને ખોટી વિટંબણા ઊભી ના કરીએ. કાકીની વાત સાંભળીને હું નવાઈ પામી ગઈ. એમના અભિગમમાં વ્યવહારિકતા સાથે ઊંડું ચિંતન અને અધ્યાત્મિકતા છે. સમયને સમજવો ને એ પ્રમાણે જીવવું એમાં શાણપણ છે, એક કલા છે. જીવનની એ આવશ્યકતા છે. કાકી કેટલા ગૌરવથી એક બાજુ ખસીને સમતાથી જીવે છે. સંસારમાં રહેવા છતાં પોતાની ઈચ્છાનો લોપ કરીને પ્રસન્નતાથી જીવે છે. તેમને સંન્યાસિની કહી શકાય?



દીકરાને જમાના પ્રમાણે બદલાવા દો

સુશીલભાઈએ આખી જિંદગી કાપડ મારકીટમાં નોકરી કરી હતી. હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કરીને એક કાપડની પેઢીમાં એ જોડાયા હતા. શરૂઆતમાં સામાન્ય ગુમાસ્તા તરીકે. દુકાન વાળે, પાણીની માટલીઓ ભરે, ગ્રાહકોને બીલો પહોંચાડે, ઉઘરાણી કરે; પછી ધીરે ધીરે નામું લખતાં થયા; એમની આવડત, મહેનત અને પ્રમાણિકતા જોઈને શેઠે એમને પગાર ઉપરાંત બીજા લાભ પણ આપવા માંડયા.

જુદા જુદા સ્તરે વ્યાપારના લાંબા અનુભવના કારણે એમનામાં સ્વતંત્ર ધંધો કરવાની કુનેહ, કૌશલ્ય અને ફાવટ આવ્યાં હતાં. વેપારી આલમમાં એમને પરિચયો પણ સારા હતા. તેઓ ધારત તો પોતાનો આગવો ધંધો કરી શકત પરંતુ ધનદોલતનો એમને મોહ ન હતો. એ માનતા હતા કે માત્ર ધનદોલત કમાવા માટે માણસને જન્મ નથી મળતો. માણસે હૃદય મન અને આત્માનો વિકાસ સાધવાનો છે, પૈસા તો સારી રીતે જિંદગી જીવવા માટેનું સાધન છે.

પ્રકૃતિએ સુશીલભાઈ ચિંતનશીલ અને ભાવનાશીલ હતા. એમનાં વાણી- વર્તનમાં સૌજન્યતા અને ઋજુતા વરતાતાં. તેઓ કદી કડવો શબ્દ બોલતા નહીં કે ઉગ્ર આચરણ કરતા નહીં. કોઈ એમને છેતરી જાય કે દગો દઈ જાય તોય પોતે ખોટ સહન કરી લેતા પણ પેલા દગાખોર પ્રત્યે વેરઝેર ન રાખતાં કે દુર્ભાવ ન સેવતા.

શિષ્ટ સાહિત્યના વાચને એમની સમજ અને અનુકંપાની ક્ષિતિજો વિસ્તૃત કરી હતી, નાનપણથી એમને ધર્મના સંસ્કાર મળેલા. એમનો ધર્મ માત્ર બાહ્ય આચાર કે કર્મકાંડ પૂરતો મર્યાદિત ન હતો. તેઓ ધર્મનું તત્ત્વ સમજતા. જીવન પ્રત્યેનો તેમનો અભિગમ એટલો સ્નેહભર્યો અને કરુણાસભર થવા માંડ્યો હતો કે જડ વસ્તુનેય તેઓ એવી કોમળતાથી અડકતા કે એને ઘસરકો ન પડે. ક્યારેય કોઈનોય એ ખોટો લાભ ઉઠાવતા નહીં, અન્યાય કરતા નહીં કે લાગણી દુભાવતા નહીં.

એમને એક દીકરો. સમકિત એનું નામ. ખૂબ પ્રેમ અને કાળજીપૂર્વક સમકિતને તેમણે ઉછેર્યો હતો. સમકિતનાં રસરુચિ અને ક્ષમતા પારખીને એ રીતે વિકસવાની એને અનુકૂળતા કરી આપી હતી. તેઓ કહેતા : ઈશ્વરે આપણને સંતાનનું લાલનપાલન કરવાનું કામ સોંપ્યું છે. આપણે પ્રેમ અને નિષ્ઠાપૂર્વક એ કામ કરવાનું છે.

સમકિત ભણવામાં હોશિયાર હતો. લોકો કહેતા, ‘દીકરાને એવી લાઈન લેવડાવો કે શરૂઆતથી લાખો રૂપિયા કમાય.’

ત્યારે સુશીલભાઈ કહેતા, ‘દીકરાએ કઈ લાઇનમાં જવું, શું ભણવું તે પોતે નક્કી કરશે.’ સુશિલભાઈનાં પત્ની આશાબહેન કહેતાં, ‘દીકરો તો બિનઅનુભવી અને નાનો છે. એને શું ખબર પડે કે કઈ લાઈનમાં જવાથી કેટલા ફાયદા મળે. તમે તમારા અનુભવ પરથી એને

માર્ગદર્શન આપો તો પૈસા અને પ્રતિષ્ઠા મળે એવી લાઈનમાં દીકરો જાય અને આપણીય શોભા વધે.'

સુશીલભાઈ પત્નીને સમજાવતા, દીકરાએ કઈ લાઈનમાં જવું એ દીકરો જાતે નક્કી કરશે તો એ પોતાની બધી તાકાત રેડીને એમાં ઝળકી ઊઠશે. દરેકે પોતાનો જીવનમાર્ગ પોતાની પસંદગી પ્રમાણે કંડારવાનો છે. માબાપનાં સલાહસૂચનને ત્યાં સ્થાન નથી.

ઈશ્વરે દરેકને જુદી જુદી ક્ષમતા આપી છે, વકીલ બાપનો દીકરો વકીલ નહિ પણ ડૉક્ટર બનવાની ક્ષમતા ધરાવતો હોય છે અને ડૉક્ટર બાપનો દીકરો ડૉક્ટર નહિ પણ કલાકાર બનવાનું સ્વપ્નું સેવતો હોય છે.

સંતાન કોઈ એક લાઈનમાં જાય તો જ ગૌરવ વધે અને અન્ય લાઈનમાં જાય તો પ્રતિષ્ઠા ઝંખવાય એ બધી ખોટી માન્યતાઓ છે. સમાજમાં દરેક પ્રકારના વ્યવસાયી માટે સ્થાન છે. સમાજને ડૉક્ટર પણ જોઈએ છે, દુકાનદાર, એન્જિનિયર અને વકીલ પણ જોઈએ છે અને કલાકારો પણ જોઈએ છે. કોઈ વ્યવસાય ચડિયાતો નથી કે કોઈ ઊતરતો નથી. કમાણીના ત્રાજવે વ્યક્તિને ના તોળાય. વ્યવસાયના નામ પર વ્યક્તિનું મૂલ્યાંકન ના થાય. વ્યક્તિ પોતાની ખરી તાકાત અને એકાગ્રતાથી ખીલવા પ્રયત્ન કરશે તો એ આગળ વધશે જ. પોતાની પ્રગતિથી એને સંતોષ થશે અને એનામાં બધાના માટેની કલ્યાણની ભાવના જાગશે.

આશા, તું કુદરતને જો, પૂર્ણ વિકસિત આ ગુલાબ જેટલું સુંદર લાગે છે, એટલું જ જાસુદ અનેસૂરજમુખીનું ફૂલ સુંદર લાગે છે. કુદરતી રીતે જ આપણા દીકરાને એની રીતે ખીલવા દે. આપણી ઈચ્છા, આકાંક્ષા એની પર ઠોકી ના બેસાડાય.

આપણે આપણાં સ્વપ્નાં કે આદર્શ દીકરાને વારસામાં નથી આપવાનાં. આપણી જીવનદૃષ્ટિ પ્રમાણે આપણે જીવ્યા એટલું પૂરતું છે. દીકરાને એની રીતે ખીલવાની અને જીવવાની છૂટ આપવી જ જોઈએ.'

સમકિત સી.એ. થઈને એક ફાર્મસી કંપનીમાં જોડાયો. કંપની તરફથી એની બીજા શહેરમાં નિમણૂક થઈ હતી.

સુશીલભાઈ અવારનવાર દીકરાના ઘરે જતા. દીકરો સુશીલભાઈના ઘેર આવતો. વરસો વીતતાં જાય છે. સમકિતના ઘેર દીકરો આવે છે, નામ એનું પાડ્યું સૌજન્ય.

હવે એક વાર સુશીલભાઈ સમકિતના ઘેર આવ્યા. જુએ છે તો ટિપાઈ પર બેચાર એવાં મૅગેઝિન પડ્યાં હતાં કે સુશીલભાઈને ના ગમ્યાં. તેઓ નારાજ થઈ ગયા કે મારો દીકરો આવું નિમ્ન પ્રકારનું સાહિત્ય વાંચે છે. શું કામ એ આવું હલકું સાહિત્ય વાંચે છે? એની વાંચનભૂખ સંતોષવા? તેમણે આઘાતભર્યા સૂરે દીકરાને પૂછ્યું, 'બેટા, તને ભૂખ લાગી હોય ને કાંકરા નજરે ચડે તો કાંકરા તો મોંમાં નથી ઓરી દેતો ને! ના, નથી ઓરતો તો પછી તારી પાસે સમય હોય એટલે હાથમાં જે આવે એ વાંચી કાઢવાનું? તારું કોઈ સ્ટાન્ડર્ડ નથી?'

દીકરા, તને ખબર છે કે કાંકરા ના ખવાય તેથી તું ભૂખ્યો હોય તોય તું કાંકરા નથી ખાતો તો પછી આવું હિંસક, ઉત્તેજનાત્મક, આપણા મનને ડહોળી મૂકે, આપણું ચિત્ત ખળભળી ઊઠે એવું ગુનાઈત સાહિત્ય કેમ તું વાંચે છે? એક વાર આવું વાંચવાનો ચસકો લાગી જશે પછી આવું જ વાંચવું ગમશે અને આ મન તો એવું છે કે એ જે જુએ, વાંચે કે સાંભળે એ ગ્રહણ કરી જ લે છે. ઊંચે ઊડવાના બદલે તું નીચે ગબડતો જઈશ.'

સમકિત કંઈ બોલ્યો નહિ. પિતાનું માન દુભાયું એથી એ પોતે પણ વ્યથિત થયો હતો. એને વિષાદગ્રસ્ત જોઈને સુશીલભાઈ બોલ્યા, 'બેટા, તું સમજદાર છે, તું આ વાંચ ને આ ના વાંચીશ એવું હું ના કહી શકું. પણ આજ સુધી હું એવું માનતો હતો કે મેં તારો ઉછેર એવી રીતે કર્યો છે કે તારામાં સારાખોટાની વિવેકબુદ્ધિ આવી છે. તારામાં બુદ્ધિની પરિપક્વતા છે, તેથી

કદાચ તું ટાઈમ પાસ કરવા આવું સાહિત્ય વાંચે તોય તારી પર ખોટી અસર ન પડે, પણ આ નાનકડા દીકરા સૌજન્યની મને ચિંતા થાય છે.'

આપણો સૌજન્ય નાદાન છે, એનું મન તો કોરી સ્લેટ જેવું છે. એ જે વાંચે, જે જુએ એની એના ચિત્ત પર અસર પડે જ. એની યાદશક્તિ આ ઉંમરે ખૂબ તીવ્ર હોય છે. એ આવું સાહિત્ય જુએ તો એનું માનસ કેવું થાય?

દીકરા, દરેક બાળકની ગ્રહણશક્તિ એના આરંભના પાંચ વરસમાં ખૂબ પાવરફુલ હોય છે, એટલે ઘરમાં બાળક હોય ત્યારે આપણે વડીલોએ ખૂબ સાવચેતી રાખવી પડે. ક્યાંયથી એ કશું મલિન, તુચ્છ, ક્ષુદ્ર જોવા ના પામે, સાંભળવા ના પામે એનો ખ્યાલ રાખવો પડે. ચારે બાજુનું દૂષિત વાતાવરણ જેમ શરીર બગાડે છે તે રીતે જ દૂષિત-હલકું સાહિત્ય મન બગાડે છે. મન સારાસારનું ભાન ગુમાવીને અવિવેકી બને છે. પછી તો એ સંયમ, સમતા, સહિષ્ણુતા, ધૈર્ય ગુમાવી બેસે છે ને નીચે પડતું જ જાય છે.'

સુશીલભાઈનું બોલવાનું પૂરું થયું પછી સમકિત વિનમ્ર સૂરે બોલ્યો, 'પપ્પા, તમે કહો છો તે બધી વાત સાચી છે. તમે સીંચેલા સંસ્કાર મારામાં જીવે છે પણ હમણાં એવા બનાવો જોવા અને સાંભળવા મળે છે કે હું મૂંઝાઈ ગયો છું.

કોઈક વાર મને લાગે છે કે બદલાતા સમયની સાથે જીવનમૂલ્યો પણ બદલાય છે અને હમણાં હમણાં સમય બહુ ઝડપથી બદલાવા માંડ્યો છે. લોકોના માપદંડ બદલાઈ ગયા છે. માટે માત્ર સારું સારું જોઈને બેસી ના રહેવાય.'

સુશીલભાઈ બોલ્યા, 'બેટા, લોકોના માપદંડથી ચવાઈને આપણે મહાન નથી થવું. પણ તમે એક જવાબદાર સજ્જન તો બનો, તમે તમારી સદ્વૃત્તિઓને પોષીને ઘરમાં અને બહાર તમે જ્યાં જાઓ ત્યાં શુભ મંગલ વાતાવરણ તો રચી શકો ને! જમાનો ભલે ગમે એટલો ખરાબ આવે પણ સારાનું મૂલ્ય ઘટવાનું નથી. દીકરા, જીવનમાં અમુક મૂલ્યો સનાતન હોય છે. સેંકડો હજારો વર્ષ પહેલાં એ ઊંચાં, સનાતન મૂલ્યોનો મહિમા હતો અને આજેય છે. માટે આપણે એ મૂલ્યો ભૂલવાં ના જોઈએ. આપણે સજ્જન રહેવાનું.'

'પપ્પા, તમે તમારી રીતે સાચા છો. પણ હવે માત્ર સજ્જન બનવાનો જમાનો ગયો. આ જમાનામાં આપણી ચારે બાજુ દીવાલ ચણીને શુભમંગલની આરાધના કરતાં આપણે એકદંડિયા કિલ્લામાં પુરાઈ રહીએ તો આપણે મૂરખ બનીએ. દુનિયા કયા રસ્તે જઈ રહી છે એ જાણવા અને દુષ્ટતત્ત્વને ઓળખવા માટે આવું બધું સાહિત્ય વાંચવું જરૂરી બની ગયું છે. તો જ દુનિયામાં આપણે જીતી શકીએ, ટકી શકીએ. આધુનિક જમાનાની માંગ પ્રમાણેની હોંશિયારી આપણે કેળવવી જ પડે. પપ્પા, હું શોખ ખાતર આવું ગુનાખોરીનું સાહિત્ય નથી વાંચતો પણ આ જમાનામાં સફળતાથી જીવવા આવું બધું જાણવું પડે. આપણને ખબર નથી આપણા અંગત જીવનમાં આવાં તત્ત્વોનો મુકાબલો કરવાનું આવે.'

સુશીલભાઈને થયું દીકરો જે કહે છે એમાં તથ્ય છે, પણ એણે આ જમાનાથી વાકેફ રહેવાની જે વાત કરી એનાથી મન ઉદાસ કેમ થઈ ગયું? ક્ષુદ્રતા શબ્દ સાંભળવો ય મને નથી ગમતો.

સુશીલભાઈની ઉદાસીનતા જોઈને એમનાં પત્ની આશાબહેન બોલ્યાં, 'શું કામ, શું કામ તમે આટલી બધી ચિંતા કરો છો? શંકાકુશંકા કરીને ઉદ્વેગ પામો છો? દીકરાને એની રીતે વાસ્તવિકતાનો સામનો કરવા દો ને! તમે એનામાં જે સંસ્કાર સીંચ્યા છે, જે પ્રકારે એનું ચારિત્ર્ય ઘડતર કર્યું છે એ એળે નહિ જાય.'

કોઈ પણ દીકરો કે દીકરી મા-બાપ અને પોતાના ઘરનું આંગણું છોડીને દૂર જાય ત્યારે એનામાંથી કશાકની બાદબાકી થાય છે અને કશું ઉમેરાય છે, કશુંક બદલાય છે પણ તમે શ્રદ્ધા

રાખો આપણો દીકરો એનું ઓજસ નહિ ગુમાવે. ગમે તેવા સંજોગો આવે, એ ઠોકર ખાશે પણ ઠોકર ખાતાં ખાતાં એની જિંદગી બનશે. આપણા પૌત્ર સૌજન્યની ય જિંદગી બનાવશે કારણ કે એનો પાયો તમે ચણ્યો છે.'

સુશીલભાઈ બોલ્યા, 'પણ મને તો અત્યારે ચોતરફ અંધકાર દેખાય છે. હું તારા જેવો આશાવાદી નથી.'

'કોઈ અંધકાર કાયમ ટકતો નથી, અંધકાર પછી પ્રકાશ ફેલાય છે!' પૂરી શ્રદ્ધાથી આશાબહેન બોલ્યાં.

'તું તો જબરી આશાવાદી છે. તારામાં કોઈ શંકા-કુશંકા કે ચિંતા ઊગતાં જ નથી.'

'જીવનમાં તરવા માટે આશાવાદી બનવું જ પડે. આશાનો પાલવ પકડો એટલે ચિંતામુક્ત થઈ જવાય છે. નકારાત્મક વિચારો આપણાથી દૂર ભાગે છે અને જીવનમાં બસ હરિયાળી જ હરિયાળી લહેરાઈ ઊઠે છે. આપણો દીકરો તમારા જેટલો આદર્શવાદી નથી, એ વાસ્તવવાદી છે. જમાનાની ગતિરીતિ જાણવા માગે છે અને મારી દૃષ્ટિએ એ ખોટો નથી, એનો અભિગમ સાચો છે. એ નીચે નહીં પટકાય માટે તમે એ મૂંઝાય એવી વાતો ન કરો.'

'હા, કદાચ તું સાચી છે.' સુશીલભાઈ બોલ્યા.



સમૃદ્ધિનો કાળ વૃદ્ધાવસ્થા

૨ મેશલાલે પત્ની રંજનને કહ્યું, 'આજે પંકજ મળ્યો હતો. એ મને કહે કે કાકા, મારા એક મિત્રને જવાબદાર વડીલની એની ઑફિસમાં જરૂર છે, તો તમે જશો? જો તમે જાઓ તો આર્થિક દૃષ્ટિએ બીજું બધું નક્કી કરીએ.'

'તો તમે શું કહ્યું?' ઉત્સુકતાથી રંજને પૂછયું.

'મેં કહ્યું, વિચારીને કહીશ.'

'એમાં શું વિચારવાનું? પંકજ તો આપણા દીકરા ચંદ્રેશનો મિત્ર છે. એ કંઈ ખોટું સ્થળ ઓછો બતાવે? તમે એ કહે એ જગ્યાએ બેસી જ જાઓ.' રંજને કહ્યું.

ત્રણેક વરસથી રમેશલાલ નિવૃત્ત થયા છે. ઘરે જ રહે છે, પણ એમને ફરીથી નોકરી કરવા જવું ગમ્યું નહિ. ચંદ્રેશ એમનો એકનો એક દીકરો છે. એ રમેશલાલને આદરમાનથી સાચવે છે. માબાપ પોતાને બોજારૂપ છે અને માત્ર ફરજ ખાતર એમને સાચવે છે એવું કદીય માબાપને એણે લાગવા નથી દીધું. એ તથા એની પત્ની કૃતિકા આજ્ઞાંકિત અને સ્નેહાળ છે.

છતાં પણ રંજનને સતત એવું લાગતું કે હવે એની અને એના પતિની જિંદગી ઓશિયાળી બની ગઈ છે. અવારનવાર એ રમેશલાલ આગળ વાત કરતી ત્યારે રમેશલાલ કહેતા, 'દીકરો આપણો છે, તેં એને જન્મ આપ્યો છે, લાડકોડથી એનો ઉછેર કર્યો છે, આપણે તંગી અને નાણાભીડ વેઠી છે પણ એના ઉછેર અને શિક્ષણમાં ક્યાંય કમી આવવા નથી દીધી. આપણે દીકરા અને પુત્રવધૂને પ્રેમથી સાચવીએ છીએ. વળી આ ઘર પોતાની કમાણીમાંથી ઊભું કર્યું છે. એ ચંદ્રેશને જ મળશેને! તેઓ આપણને સાચવે એ સંસારનો સ્વાભાવિક ક્રમ છે અને મેં જાતે નિવૃત્તિ નથી લીધી. હું જ્યાં નોકરી હતો એ દુકાન બંધ પડી એટલે મારે છૂટા થવું પડયું છે, તેમ છતાં હું છૂટક નામું તો લખું છું. તને હાથખરચીના પૈસા મળે છે છતાં તું ઓશિયાળાપણું કેમ અનુભવે છે. મનમાં જાતજાતની શંકાકુશંકા કરીને દીકરાવહુને પારકાં ગણે છે, આ તારી નકારાત્મકતા તને નડશે. તું ભર્યું મન રાખ.'

'તમે સમજતા નથી. ચારેબાજુ જુઓ, લોકોના અનુભવો સાંભળો, બધા એમ જ કહેતા હોય છે કે ગરજ હોય ત્યાં સુધી દીકરો ઘરડાં માબાપને સાચવે છે પછી રસ્તે રઝળતાં કરી દે છે. આ ઘર ઘર કી કહાની છે, એમાં આપણાં દીકરો-વહુ અપવાદ ન હોય. માટે હું તો કહું છું કે તમે નોકરી જ્યાં મળે ત્યાં બેસી જાઓ. તમને ખબર છે, નાનપણથી મને દૂધ પીવાની આદત છે. દૂધ વગર મને ચાલે નહિ, પણ તમારી આવક બંધ થઈ તે દિવસથી મેં દૂધ છોડી દીધું છે. તો કૃતિકાએ એક વાર પણ મને પૂછ્યું નથી કે મમ્મી, દૂધ કેમ નથી પીતાં? દૂધ તો પીવું જ જોઈએ. વળી થોડા દિવસ પર કૃતિકા મને કહે : મમ્મી, તમે ઘરમાં જ રહો છો તો ગાઉન પહેરો તો! મેં તો એને કહી દીધું કે દિવસે મને ગાઉન પહેરવો પસંદ નથી. મેં જે સાડી પહેરી હોય એનો છેડો સહેજ ખસી જાય તોય મને ગમતું નથી. ત્યારે તમારી ગુણિયલ પુત્રવધૂ મને કહે, હવે તો જમાનો બદલાયો છે, ઘરમાં રહેનારને સાડીની ઝંઝટ ગમતી નથી. તરત મેં તો

એને કહી દીધું કે મારે શું પહેરવું અને શું ન પહેરવું એ હું નક્કી કરું છું, કોઈનો અભિપ્રાય હું સાંભળતી નથી, કોઈને હું પૂછતી નથી.'

રમેશલાલ તરત જ બોલ્યા, 'બસ રંજન, અહીં જ તારું અભિમાન તને કઠોર બનાવે છે અને તારી કઠોરતા બીજાને નડે છે. કોઈ કારણ ન હોય અને તારું મન ઊંચું થઈ જાય, તારા મનની શાંતિ હણાય અને ઘરમાંય આનંદનું વાતાવરણ ન રહે એવાં વાણી-વર્તન આપણાં ન હોવા જોઈએ. રંજન, આપણે વડીલ છીએ. આપણે મન સંકુચિત કરીશું તો આપણા અને દીકરાવહુ વચ્ચે મતભેદ પડશે, ખટરાગ શરૂ થઈ જશે.'

'તમે કહેવા શું માંગો છો, એટલે હું કૃતિકાથી દબાતી રહું?' રંજને ફૂંફાડો માર્યો.

'ના. તને દબાતાં રહેવાનું હું નથી કહેતો. તું દબાતી રહે એ મને ન ગમે, અને તું કોઈને દબાવે એ ય મને ન ગમે. આપણે સૌએ હેતપ્રેમથી રહેવાનું છે, અન્યોન્યને અનુકૂળ થવાનું છે, અને રંજન, પુત્રવધૂને અનુકૂળ થવામાં આપણું શોષણ નથી થઈ જતું. ઘરમાં હેતપ્રેમથી રહેવાય.'

પતિ કહેવાનું પૂરું કરી લે એ પહેલાં રંજન બોલી, 'એટલે તમારે નોકરી નથી કરવી એમ કહોને! તમને પરાવલંબીપણાનો વાંધો નથી, નોકરી કરતા હતા ત્યારેય શેઠનું કહ્યું કરતા હતા અને અત્યારે દીકરા-વહુને આધીન રહો.' રંજનની જીભ કરવત જેવી હતી. એ બોલે ત્યારે કદી ખ્યાલ ન રાખે કે સામા માણસની લાગણી દુભાશે. રંજન તો બોલે જ જાય છે, 'નિવૃત્ત થયા એટલે નિષ્ક્રિય થઈ જવાનું? તમને કામ મળે છે તો કરોને, હાથમાં બે પૈસા આવશે તો તમારો પ્રભાવ પડશે. બધા પૈસાને પૂજે છે, ક્યાંય માણસ નથી પૂજાતો?'

રમેશલાલને પત્નીનું બોલવાનું ગમ્યું નહિ, પણ પૂરેપૂરી સ્વસ્થતાથી શાંત સ્વરે એ બોલ્યાં, 'રંજન, હું નિવૃત્ત છું પણ નિષ્ક્રિય નથી. છૂટક નામું લખવાથી જે પૈસા મળે છે એ આપણે આપણા માટે ખરચી શકીએ છીએ. દીકરા-વહુએ કદી મારી પાસે પૈસાની આશા નથી રાખી. ઉપરથી મને કહે છે : પપ્પાજી, બહુ વરસો તમે દોડધામ કરી, હવે શાંતિથી તમને મનગમતી પ્રવૃત્તિ કરો. રંજન, તું જાણે છે કે જુવાનીમાં હું મનપસંદ સાહિત્ય વાંચી શક્યો નથી. ઘરના સંજોગો એવા હતા કે મારે નાની ઉંમરથી જ કમાવાનું શરૂ કરવું પડયું હતું. આ પાછલી ઉંમરમાં હવે વખત છે તો લાઈબ્રેરીમાં જાઉં છું, મને મનગમતું વાંચું છું. નજીકની ઝૂંપડપટ્ટીમાં રોજ સાંજે જાઉં છું, ત્યાંના બાળકોને ભણાવું છું, સદ્ગુણો ખીલે એવી વાર્તાઓ કહું છું, કંઈક બનવાનાં સ્વપ્નાં એમને દેખાડું છું અને એ સ્વપ્નાં સાકાર કરવા મહેનત કરવા પ્રવૃત્ત કરું છું. મને મારી જિંદગીથી સંતોષ છે. તું પણ તારી જિંદગી એવી ગોઠવ કે જીવવાની મજા આવે. વૃદ્ધાવસ્થા તો સમૃદ્ધિનો કાળ છે.'



સ્વપરિવર્તન શ્રેષ્ઠ ઉકેલ

તાજેતરમાં નિખિલભાઈને દમનો જબરદસ્ત ઍટેક આવેલો. નિખિલભાઈ અને એમનાં પત્ની ગુલાબબહેન એક વિશાળ બંગલામાં રહે છે. પોતાની કમાઈનો આ બંગલો છે. પાછળ નોકરને રહેવા અલગ બ્લૉક છે. એમાં એક દંપતી એમના બે બાળકો સાથે રહે છે. એ દંપતીને પગાર ઉપરાંત એમના બે બાળકોના શિક્ષણનો ભાર નિખિલભાઈએ પોતાના માથે રાખ્યો છે.

નિખિલભાઈએ બે બાળકો દિયા અને રાજેશને રોજ સાંજે બોધપ્રધાન વાતો કરીને સંસ્કાર સિંચન કરે છે. દિયા અને રાજેશ પોતાનો જ બંગલો હોય એમ આખો દિવસ બંગલામાં જ હોય છે. તેથી નિખિલભાઈનો બંગલો હર્યોભર્યો લાગે છે. નિખિલભાઈ અને ગુલાબબહેન પણ ખુશ રહે છે.

નિખિલભાઈનો દીકરો તુષાર અને દીકરી દીપ્તિ પરદેશ વસ્યાં છે. તેઓ પરદેશમાં એમના વ્યવસાયમાં ડૂબેલાં છે તેથી દેશમાં ખાસ આવી શકતા નથી. ગુલાબબહેનને આંતરડાનું ઑપરેશન કરાવ્યું ત્યારે ય તુષાર કે દીપ્તિ આવ્યાં નહીં. નિખિલભાઈને હતું કે દીકરો-દીકરી દોડતા આવશે પણ આવ્યાં નહીં. નિખિલભાઈને દમનો ઍટેક આવ્યો ત્યારે ય તુષાર કે દીપ્તિ આવ્યાં નહીં તેથી નિખિલભાઈ ખૂબ ખિજાયેલા હતા. હું એમના ઘરે એમને મળવા ગઈ ત્યારે ખૂબ ગુસ્સાભર્યા સૂરે તેઓ મને કહે, ‘હું વસિયત બનાવવાનો જ નથી. મારી કરોડોની મિલકત છે. સ્વયમોપાર્જિત મિલકત છે. હું મરી જઈશ ત્યારે મિલકત લેવા દોડ્યા આવશે પણ હું કંઈ લખીને કે વહેંચણી કરીને જવાનો નથી એટલે છો તેઓ અંદરોઅંદર બાઝે. મેં મારાં છોકરાંઓને આટલાં સ્વાર્થી નહોતાં ધાર્યા. મને તો નવાઈ લાગે છે કે આ મારા છોકરા છે કે? નિખિલભાઈનો બળાપો સાંભળીને થયું કે આજકાલના મોટાભાગનાં માબાપની ફરિયાદ હોય છે કે એમના દીકરામાં દીકરાપણું નથી રહ્યું. અવજ્ઞાની કરવતથી તેઓ ક્ષણે ક્ષણ માબાપને વહેરે છે અને વહેરાવાની એ પીડા, એ વ્યથા નિખિલભાઈને કહેવામાં પ્રતિબિંબિત થતી હતી.’

બે પેઢી વચ્ચે અંતર વધતું જાય છે એ ફરિયાદ ઘર ઘરકી કહાની જેવું થઈ ગયું છે. માબાપ અને સંતાનોના સંબંધમાં કટોકટી પેદા થઈ છે. નિખિલભાઈની મનોદશા ય ભભૂકી ઊઠેલા અગ્નિ જેવી છે.

એ ઉગ્રતાથી બોલે છે, ‘મારા દેહનું દાન કરવાનું છે અને મારી પાછળ બેસણું નહીં રાખવાનુ એવું હું લખતો જવાનો છું. એટલે મારા મર્યા પછીય મારા છોકરા આ ઘરમાં આવશે નહીં, મારા મડદા પર એમનો પડછાયો ના પડવો જોઈએ.’ આટલું બોલતાં બોલતાં તો નિખિલભાઈ હાંફી ગયા. તકિયા પર એમનું માથું ઢળી ગયું. ગુલાબબહેન બોલ્યાં, ‘દીકરા-દીકરી નથી આવ્યાં એ વાતથી એમના હૃદયમન એટલાં બધાં ઘવાયાં છે કે તેઓ પોતાની જાતને સંભાળી શકતાં નથી. ડૉક્ટર કહે છે, ભૂલી જાઓ આખી વાત... પણ...’ ગુલાબબહેનની વાત સાંભળીને નિખિલભાઈ ફરી તાડૂક્યા : ‘કેમ કરી ભૂલી જાઉં આખી વાત?’ બાપ-દીકરાના સંબંધમાં કટોકટી, તીવ્ર કટોકટી સર્જાઈ છે. મને થયું આ બે પેઢી વચ્ચે સમાધાન થાય એ અતિ

આવશ્યક છે. શું કરવું સમાધાન માટે? સમાધાનની ભાવના અંદરથી ઊગવી જોઈએ. માબાપ વડીલ છે, એમણે સંતાનોને હૈયાનું અમૃત પાઈને ઉછેર્યા હોય છે, તેથી તો હજારો વર્ષથી આપણે રટતાં આવ્યાં છીએ કે ‘માતૃદેવો ભવ’, ‘પિતૃદેવો ભવ.’ દેવતુલ્ય માબાપની અવગણના થતી જોઈએ છીએ ત્યારે એક પ્રશ્ન થાય છે કે ખરેખર સંતાનો એમના માબાપની પોતાનાં સમસ્ત દિલથી અવગણના કરવા ચાહે છે? કે તેઓ સંજોગોના ગુલામ છે? તેઓ ઈચ્છતા હોવા છતાં પોતાનાં માબાપને દિલથી સાચવી શકતાં નથી. ઈચ્છા હોવા છતાં માબાપની ચાકરી કરવા દોડી આવી શકતાં નથી. સંતાનોની દૃષ્ટિથી જો આખો આ પ્રશ્ન જોવાય તો કદાચ સંતાનો પરનો રોષ મોળો પડે. સંતાનોની લાચારી સમજી શકાય અને એમનો ગુનો હૈયે ના વસે.

ઊતરતી અવસ્થાએ માબાપ પાસે અનુભવ હોય છે અને શાંતિથી વિચારવાનો સમય હોય છે. તેઓ સમજે છે કે ડંખ, ધિક્કાર, વેર, ઝનૂન કોઈ સમસ્યાનો ઉકેલ નથી લાવી શકતા. એ તો આરોગ્યને નુકસાન કરે છે. હૃદય, મન અને શરીરમાં વ્યાધિ ઊભાં કરે છે. તો પછી આ ગુસ્સો શું કામ? અને પોતાના જ સંતાન પર ગુસ્સો? વળી આ ગુસ્સો તન-મનમાં એવી આગ ભડકાવે છે કે જીવનમાં બીજા સુખ મળ્યાં હોય તે ય નકામાં થઈ જાય છે. માબાપને જિંદગી એક બોજ લાગે છે. એમની બાકીની જિંદગીની એકેએક ક્ષણ અફસોસભરી હોય છે. પણ માબાપ જો સંતાનને અપરાધીના કઠેડામાં ઊભાં કરવાનું ભૂલી જાય અને પોતાનાં બાકી વરસોનું પોતાની રીતે નવેસરથી આયોજન કરે તો? સમાન રસરુચિવાળી વ્યક્તિઓને મિત્રો બનાવે તો? સારાં પુસ્તકોનું વાચન કરે તો?

સંતાનો દૂર હોય અને જીવનમાં એકલા રહેવાની પરિસ્થિતિ ઊભી થઈ હોય તો એ પરિસ્થિતિ સ્વીકારી લે અને મનમાં કડવાશ ન થવા દે તો? કારણ કે ગુસ્સો કરવાથી પરિસ્થિતિ બદલાવાની નથી. શરીર અને મન વલોપાતના લીધે નિર્બળ પડી જશે માટે મનની સ્વસ્થતા તો કદીય ગુમાવાય જ નહીં.

મન સ્વસ્થ રાખવું અઘરું છે પણ અશક્ય નથી. જ્યાં બહુ અપેક્ષા રાખી હોય ત્યાંથી સંપૂર્ણ નિરાશા મળે તો મન ભાંગી પડે એ સ્વાભાવિક છે, પણ મન બદલી શકાય છે અને માબાપે ફિલૉસૉફર બનીને જીવવું એ જ એક ઉકેલ છે. જીવનની ક્ષણેક્ષણ પ્રસન્નતાથી જીવવી એ આપણું ધ્યેય છે. પ્રસન્નતા જળવાઈ રહે એ આપણો પ્રયત્ન હોવો જોઈએ. અણગમતા અનુભવ ભૂલી જવાના અને સ્વસ્થતાથી જીવવાનો જો મક્કમ મનથી નિર્ધાર કરીએ તો સ્વસ્થતાથી જીવી શકાય છે. નેવું વરસ કરતાંય વધારે ઉંમરના વડીલો પોતાના ઘરમાં આનંદથી જીવે છે.



જિંદગીભર અમે આપ્યું છે અને આપતાં જ રહીશું

બિપીનભાઈને એક દીકરો પાર્થ અને એક દીકરી જાહ્નવી. દીકરો-દીકરી દૂર બીજા શહેરમાં વસેલાં. અહીં તો બિપીનભાઈ અને એમનાં પત્ની ગૌરીબહેન બે રહેતાં હતાં. સાદી સ્વાવલંબી જિંદગી હતી. જીવનમાં નિરાંત જ નિરાંત હતી, પરંતુ એક દિવસ ઘરમાં જ ગૌરીબહેન લપસી પડ્યાં. થાપાનું હાડકું તૂટી ગયું. ઉંમરના લીધે હાડકાં પોલાં થઈ ગયાં હતાં. કોને ખબર હવે કેટલા ઑપરેશનો થશે અને ક્યાં સુધી ગૌરીબહેન પથારીવશ રહેશે.

બિપીનભાઈએ પાર્થ અને જાહ્નવીને કોલ કર્યા. બિપીનભાઈને ગળા સુધી ભરોંસો હતો કે દીકરો-દીકરી છે એટલે મારે કોઈ ચિંતા નથી, હૉસ્પિટલમાં રહેવું, ડૉક્ટરોને મળવું, દવા લાવવી, દોડાદોડ કરવી એ બધું મારાં સંતાનો સંભાળી લેશે. મારે કોઈ વાતની ચિંતા નહીં રહે. સંતાનો કહેશે, 'ચિંતા ના કરો, અમે આવી ગયાં છીએ.' બિપીનભાઈની ધારણા મુજબ પાર્થ અને જાહ્નવી આવી પહોંચ્યાં. આવ્યાં એવાં જ દવાખાને ગયાં. ગૌરીબહેનને પણ સારું લાગ્યું. તેઓ હસીને બોલ્યાં, 'બેટા, હવે હું ઝટ ઊભી થઈ જઈશ, દોડતી થઈ જઈશ. હજી તો મારે આપણા દીકરાઓ સાથે ક્રિકેટ રમવાનું છે. અરે, એમના લગ્નમાં નાચવાનું છે.'

પાર્થ અને જાહ્નવીનાં સંતાનો સાથે ગૌરીબહેન કાયમ ક્રિકેટ રમતાં, દોડાદોડી કરતાં, થાકવાનું તો તેઓ નામ જ ના લેતાં. મનથી તેઓ ખૂબ ઉત્સાહી હતાં. અત્યારે ય તેઓ પથારીમાં પડ્યાં છે પણ મન તો થનગનતું, ગાતું છે.

પરંતુ બે દિવસ થયા પછી પાર્થ કહે છે, 'પપ્પા, હું જાઉં છું. મારાથી વધારો રોકાવાશે નહીં.' જાહ્નવી બોલી, 'મારે ય જવું જ પડશે, મારા વગર ઘરમાં મુશ્કેલી પડતી હશે.'

'તો અહીંયા?' અધ્ધર જીવે બિપીનભાઈએ પૂછ્યું. 'અહીંયા તમે છો ને, અને પૈસા હું મોકલીશ.' પાર્થ બોલ્યો.

'બેટા, આ ઉંમરે એકલો હું. મને બહુ ટૅન્શન થઈ જાય છે. તમારામાંથી વારાફરતી એક એક જણ અહીં મારી પાસે રહો, મને હિંમત રહે. તારી માનેય હૂંફ લાગે. જુઓને તમને જોઈને એ કેવી મૂડમાં આવી ગઈ છે. બેટાઓ, દવા કરતાંય કદાચ તમારી હાજરી એની રીકવરી માટે વધારે અસરકારક છે.'

'પપ્પા, તમારી વાત સાચી, પણ અમે ય લાચાર છીએ. આપણે પ્રૅક્ટિકલ બન્યા વગર ન ચાલે. નવા જમાનાની આ માંગ છે. અમને જવાની રજા આપો.'

'પણ દીકરા સાજામાંદે તો દરદીની દૃષ્ટિથી વિચારવું પડે, દરદીની ખુશી અને ઈચ્છા જોવા પડે.' ત્યારે બીજી બધી ગણતરીઓ બાજુએ રાખવી પડે.

'પપ્પા, મમ્મીની ઈચ્છા, આશા, અપેક્ષા હવે તમારે સંતોષવાનાં. હવે તમે નિવૃત્ત છો. તમારા માથે કોઈ જવાબદારી નથી. તમારો બધો સમય મમ્મી પાછળ ગાળો અને પૈસા તો હું

મોકલીશ.'

'બેટા, રાબેતા મુજબની ચાલુ જિંદગી હોય તો હું એકલો પહોંચી વળત. આજ સુધી અમે બેઉ અમારી રીતે જીવતાં હતાં ને! તમારી પાસે કશું માગ્યું છે? કોઈ દિવસ અમારી ઈચ્છા વ્યક્ત કરી છે? કોઈ આગ્રહ કે સૂચન કર્યાં છે? પણ આ...જે...' ગળગળા અવાજે બિપીનભાઈ બોલ્યા.

દીકરોદીકરી કોઈ જવાબ આપતાં નથી, પણ એમના ચહેરા પર અણગમો છવાઈ જાય છે. જાણે કે એમના પપ્પા નાદાન, નાસમજ છે, પણ બિપીનભાઈ જરાય નાસમજ નથી.

તેઓએ સંતાનોનાં હૃદયમનનું લખાણ વાંચી લીધું. તેમને પોતાની પર જ ગુસ્સો આવ્યો કે શું કામ મેં સંતાનો પાસેથી અપેક્ષા રાખી? સાથે સાથે મનમાં સવાલ ઊઠ્યો કે અમે કદી સારું ખાધુંપીધું નથી, કોઈ શોખ પૂરા કર્યા નથી. મેં અને ગૌરીએ કાયમ સંતાનોની ખુશીનો વિચાર કર્યો છે, એમના માટે ખર્ચો કર્યો છે, એમના વિકાસ માટે એમના ઉજ્જવળ ભવિષ્ય માટે કાયમ વિચાર્યું છે. એમની નાની મોટી સફળતાથી અમે કેવું ફુલાતાં હતાં. દીકરો ભણ્યો અને દૂરના શહેરમાં નોકરી મળી ત્યારે કેટલી હોંશથી એને વિદાય કર્યો હતો. મનમાં હતું દીકરા તારા માર્ગમાં અમે કદીય નડતર નહીં બનીએ. દીકરીને અમે જ દૂર વસતા કુટુંબમાં પરણાવી છે, પણ ત્યારે ક્યાં ખબર હતી કે અચાનક અમને એમની આવી જરૂર પડશે. અમે તો સંતાનો માટે ત્યાગ કરતાં જ આવ્યાં છીએ.

આજે કદાચ ઈશ્વર જ અમારી કસોટી લેવા માગે છે. આજ સુધી તમે વિચારતાં જો ક્યારેય કંઈ છોડવાનું આવશે તો અમે જ છોડીશું. અમે કદી અમારો વિચાર નહીં કરીએ, સંતાનો નાનાં હતાં ત્યારે એમના ઉછેરમાં અમે અમારી જાતને ભૂલી ગયાં હતાં. અમે માત્ર માબાપ જ હતાં, એ સિવાય અમારું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ ન હતું. તો આજે શું કામ સંતાનો પાસે કંઈ માગવું? ભલે તેઓ જતાં. આ આપત્તિની ઘડી કાલે વીતી જશે, અમે ખુમારી નહીં છોડીએ અને પ્રેમથી, હસતાં મોંએ બિપીનભાઈએ સંતાનોને વિદાય કર્યાં.



અર્થપૂર્ણ જિંદગી

આ ત્યારે સમીર સુખસાહ્યબીભરી વૈભવી જિંદગી જીવી રહ્યો છે. નજર નાખે, દૂર દૂર સુધી કોઈ ચિંતા નથી. તેમ છતાંય એ ક્યારેક ખૂબ ઉદાસ થઈ જાય છે, શૂન્યમનસ્ક થઈ એની બાલ્કનીના હિંચકા પર બેસી જ રહે છે. નથી કંઈ વાંચતો, નથી સંગીત સાંભળતો, નથી કોઈ મિત્ર સાથે વાત કરતો. બાહ્ય દુનિયાથી સાવ અલિપ્ત હોય એમ એ સ્થિર થઈને બેસી જ રહે છે.

ત્યારે ક્યાં હોય છે એની નજર? એની નજર સમક્ષ એનાં માતા-પિતાની જિંદગી હોય છે. એના પિતા અનિલભાઈ એમનાં માતા-પિતાના એકના એક દીકરા હતા. તેઓ નડિયાદ વસ્યા હતા.

મેટ્રિક પાસ થયા પછી તેઓ અમદાવાદની કૉલેજમાં ભણવા ગયા હતા. ગ્રૅજ્યુએટ થયા પછી એમને શહેરમાં નોકરી મળતી હતી પણ તેઓ શહેરમાં ના વસ્યા. તેમના વતન નડિયાદમાં તેમને અનુકૂળ નોકરી મળી નહીં. ત્યારે નોકરીની આટલી બધી તકો ન હતી. તેમણે ધંધો કર્યો. ખૂબ મહેનત કરી પણ ખાસ ફાવ્યા નહીં, છતાં પણ તેઓ થાક્યા નહીં. નડિયાદ અને પોતાના માબાપને છોડીને બીજા શહેરમાં જવાનો વિચાર કર્યો નહીં. અનિલભાઈનાં બા-બાપુજી કહેતાં, ‘બેટા, તું કોઈ મોટા શહેરમાં જા, ત્યાં તારી જિંદગી બની જશે.’

અનિલભાઈ પૂછતા, ‘તમે મારી સાથે આવશો?’

દીકરાના પ્રશ્નના જવાબમાં માબાપ ચૂપ રહેતાં. આ ચુપકીદી સંમતિ નથી સૂચવતી એટલું અનિલભાઈ સમજી શકતા અને પોતાનાં માબાપને એકલાં છોડીને જવાનું એમને માન્ય ન હતું.

એમનાં બા-બાપુજી જીવ બાળતાં અને અનિલભાઈને કહેતાં, ‘તું લાગણીમાં ખોટો તણાય છે, તું તારું સુધારી લે, તું શહેરમાં જા અને કમાઈને સુખી થા.’

ત્યારે અનિલભાઈ કહેતા, ‘હું શહેરમાં જાઉં તો મને ભૌતિક સંપત્તિ મળે પણ તમને અહીં એકલાં મૂકીને હું સ્વાર્થી બનીને શહેરમાં ગયો એનો અપરાધભાવ આખી જિંદગી મને ડંખે.’ સમીર નાનો હતો ત્યારે ઘરમાં મમ્મી- પપ્પા અને દાદી-દાદા વચ્ચે થતી વાતચીત એ સાંભળતો. ત્યારે ય એને થતું એના ઘરમાં બીજાના ઘરમાં થાય છે તેવા ઝઘડા નથી થતાં. દાદી અને મમ્મી વચ્ચે ય કદી બોલાચાલી કે ઘાંટાઘાંટ નથી થતાં. ઘરમાં સુમેળ, સ્નેહ અને સંવાદિતા પ્રવર્તતા. આવા વાતાવરણમાં એ ખૂબ ખુશ રહેતો. સમીરનો હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો થયો અને એ ચિન્નાઈ એન્જિનિયરિંગ કૉલેજમાં ભણવા ગયો. એ ભણી રહ્યો અને એને મોટા પગારની નોકરીની ઑફર મળી. એનાં મમ્મી-પપ્પાએ એને બૅંગ્લોરની નોકરી સ્વીકારી લેવાની સલાહ આપી. ‘હું બૅંગ્લોર વસું તો તમે મારી સાથે આવીને રહેશોને!’ સમીરે પૂછયું હતું.

'અમારી વાત પછી. તું તારો માર્ગ કરી લે.' સમીરની મમ્મીએ કહ્યું હતું. સમીર સમજી શક્યો કે મમ્મી-પપ્પા નડિયાદ છોડશે નહીં. મારું મન રાખવા કદાચ થોડો સમય મારી પાસે આવીને રહેશે પણ એમનો કાયમી નિવાસ તો નડિયાદમાં જ રહેશે. તેઓ એમની સાદી સ્વાવલંબી જિંદગી નહીં છોડે.

સમીરે અનિલભાઈને પૂછ્યું, 'પપ્પા, તમને સંઘર્ષભરી જિંદગી જ ગમે છે? હું નાનપણથી જોતો આવ્યો છું તમે કેટલે વેઠયું છે? તમારો સરળ, વિશ્વાસુ સ્વભાવ તમે કેટલા દગા-ફટકા ખાધા છે! વગર તલવારે તમે જીવનસંગ્રામમાં ઝૂઝ્યા જ કર્યું છે. રાણા સંગને શરીરે એંશી ઘા હતા, તમારા કેટલા ઘા?' અનિલભાઈ બોલ્યા, 'બેટા, શરીર પર પડેલા ઘા ગણી શકાય પણ હૃદય, મન પરના ઘા શું ગણવાના? એની વ્યથા તો ઘા ખાનાર જ જાણે.'

'જીવનમાં કપરા સમયે પપ્પા, તમે કેટલું વલોવાયા હશો? હજીય તમે થાક્યા નથી? તારી જિંદગીના આરંભકાળે દાદા-દાદીને તમે છોડી ના શક્યાં પણ હવે તો દાદા-દાદી નથી છતાં શું કામ નડિયાદમાં રહો છો? મમ્મી અને તમે અહીં એકલાં રહો છો તેથી મને તમારી ચિંતા રહે છે. પ્લીઝ તમે મારી સાથે રહો.'

'બેટા, તું મારી કે તારા પપ્પાની જરાય ચિંતા ના કરીશ. અમે અમારી કાળજી બરાબર લઈએ છીએ. તું જાણે છે કે તારા પપ્પા કાયમ શિષ્ટ, સાત્ત્વિક સાહિત્ય વાંચે છે અને પછી મને એની વાતો કહે છે. આથી અમારું મન ઉત્સાહથી ભર્યુંભર્યું તાજગીવાળું રહે છે.'

તું જાણે છે કે તારા પપ્પા ડાયરી રાખે છે, એમના મનમાં ઊઠતા પ્રશ્નો, એનાથી થતો ઉદ્વેગ, નિરાશા બધું એમાં આલેખાઈ જાય છે અને તે સ્વસ્થ રહે છે. એમના વાચન, ચિંતન અને મનને એમણે હળવા રાખ્યા છે. સ્વસ્થ રાખ્યા છે.

સમીરે પૂછ્યું, 'પપ્પા, તમે તમારી યુવાનીમાં માતા-પિતા ખાતર આદર્શમાં આવીને નડિયાદ નહીં છોડવાનો નિર્ણય કર્યો અને ઊંચા પગારની નોકરી અને અન્ય સગવડોને જતી કરી એનો કદી પસ્તાવો થાય?'

'ના બેટા કદી નહીં.' અનિલભાઈએ કહ્યું.

'તમારાથી ઓછા કેલિબરવાળાને તમારાથી વધારે મોભાદાર, અમનચમનભરી જિંદગી જીવતા જુઓ તો મને ચચરે નહીં? તમે કશું ગુમાવ્યું એવું ક્ષણભર માટે ય લાગે નહીં?' સમીર પૂછતો.

'ના, સમીર, મને નાનપણથી વાંચવા-વિચારવાની આદત. હું ભણતો હતો ત્યારથી જ મેં મારી જિંદગી વિશે વિચારી રાખ્યું હતું. મારા એ વિચારમાં માત્ર હું નહીં પણ મારાં માબાપ હતાં.

બેટા, હું નાનો હતો ત્યારથી મારો મારાં માબાપ સાથે એકધારો સંવાદ ચાલતો. હું મોટો થયો, ભણ્યો, અભ્યાસ દરમિયાન ઘણા મહાનુભાવોના સંપર્કમાં આવ્યો ત્યારે મને થયું કે હું મારાં માબાપ પાસેથી જે પામ્યો છું એ જ મારી સાચી સંપત્તિ છે. જીવનનું પાથેય એમની પાસેથી મને મળી જ ગયું છે. પછી બહારના મોભાને મારે શું કરવો છે? ધનદોલતના માપદંડથી મારે મપાવું ન હતું. બેટા, હું અહીં રહ્યો તેથી તો તનેય દાદી-દાદીનો અઢળક પ્રેમ અને કાળજી મળ્યાં છે. એમના હાથે તારામાં સંસ્કાર સિંચન થયું છે. બેટા, જેમ જેમ તારી જિંદગી જિવાતી જશે અને તું બીજાના સંપર્કમાં આવીશ, બીજાની જિંદગી જોઈશ ત્યારે તને ખ્યાલ આવશે કે તારી જિંદગીની બુનિયાદ કેવી દૃઢ છે. જીવનમાં ગમે તેવી કપરી ઘડી આવે તું દૃઢતાથી સામનો કરી શકીશ. મારા સહાધ્યાયીઓ અને પરિચિતો પાસે મારા કરતાં માત્ર ધનસંપત્તિ જ વધારે છે, પરંતુ તેઓ મારા જેવું ગુણવત્તાવાળું જીવન જીવી શકતા નથી. માટે દીકરા તું અમારી ચિંતા ના કરતો અને હૃદયથી તો આપણે નજીક જ છીએ ને! તું તારો વિકાસ કર. અમારી રીતે અમે

વિકસતાં રહીએ.



જીવો તો શાનથી

પોતાનાં પૌત્ર-પૌત્રીઓને ઉછેરવા દીકરા-વહુ સાથે રહેવા દાદા-દાદી ભારતથી વિદેશમાં જાય છે, ખૂબ હોંશથી જાય છે. જીવ રેડીને પૌત્ર-પૌત્રીઓને ઉછેરે છે પણ એ બાળકો નાનાં હોય ત્યાં સુધી એમનું વિશ્વ નાનું હોય છે. ત્યારે દાદી-દાદાની આજુબાજુ જ એમનું જગત વિસ્તરેલું હોય છે, પણ તેઓ નિશાળે જતાં થાય પછી એમનું જગત મોટું થતું જાય છે, પછી દાદી-દાદાથી દૂર થતાં જાય છે. એમના જીવનમાં નવા રસ ઉમેરાતા જાય છે. દાદી-દાદાની માયા ઓછી થતી જાય છે.

કેતકીબહેનના જીવનમાં ય એવું જ બન્યું. એમનાં પૌત્રી-પૌત્ર નાનાં હતાં ત્યાં સુધી એમની જિંદગી પ્રેમથી છલકાઈ જતી હતી. ત્યારે એમને થતું હતું કે આટલું બધું સુખ તો કોઈ નસીબદારને જ મળે. પરંતુ એમનાં પૌત્રી-પૌત્ર હાઈસ્કૂલમાં પહોંચ્યાં પછી તો દાદી માટે જાણે વખત જ ન રહ્યો. કેતકીબહેન વિચારે કે સમય-સંજોગો તો બદલાતા જ રહે એ પ્રમાણે માણસે બદલાવું જ રહ્યું. આમ વિચારીને એ ધ્યાન, યોગ અને વાચનમાં સમય ગાળતાં. હા, એ સંતાનો માટે રસોઈ કરતાં, લોન્ડ્રી કરતાં, ઘરની અને યાર્ડની સફાઈ કરતાં, દીકરો અને વહુ આવે પછી પોતાની રૂમમાં ભરાઈ જતાં. કદી ટી.વી. જોવા ના બેસતાં કે દીકરા-વહુનાં મિત્રો આવે ત્યારે હાજર ન રહેતાં છતાંય પુત્રવધૂ લીના એમને તુચ્છકારથી જોતી. કેતકીબહેન નવાઈ પામતા કે વહુ કેમ ખિજાયેલી જ રહે છે. દીકરો ધ્વનિત પણ પહેલાંની જેમ પ્રેમ, આનંદ, ઉત્સાહથી વાત નથી કરતો.

હવે કેતકીબહેનને લાગ્યું કે પોતે અહીં બિનઉપયોગી છે, પોતાને કોઈ ઈચ્છતું નથી. તો હવે અહીં કેવી રીતે રહેવાય? અહીં શું કામ રહેવું જોઈએ?

એમણે દેશમાં આવવાનું નક્કી કર્યું. સાસુનો નિર્ણય સાંભળીને લીના બોલી ઊઠી, ‘હા, હવે ત્યાં દેશમાં રહો તો ધર્મધ્યાન પણ કરી શકો. આત્માનું કલ્યાણ થાય.’ લીનાના કહેવા પરથી કેતકીબહેન સમજી ગયાં કે વહુ એમને કાયમ માટે વિદાય કરવા ઈચ્છે છે.

કેતકીબહેનની તંદુરસ્તી સારી હતી. ભારતમાં એમનું ઘર હતું. સગા હતા, સ્નેહીજનો હતા. ભલે તેઓ વરસોથી અમેરિકા રહેતાં હતાં પણ દેશમાં બધા સાથે સંપર્ક રાખતાં હતાં, તેથી સંબંધ જીવંત હતો. કેતકીબહેને નક્કી કર્યું કે હવે એ કાયમ માટે ભારતમાં જ રહેશે. તો પછી ભારતથી લાવેલી પોતાની જૂની સાડીઓનું શું કરવું? ખાદી સિલ્કના પટોળા અને સાચી જરીની બારીક નકશીકામ કરેલી સાડીઓ પણ દેશમાં લઈ જઈને કોને આપવી? હવે તેઓ સાડીઓ પહેરતાં નથી. લીનાએ કહ્યું, ‘મને તો મારી પસંદગી પ્રમાણે મારી ખરીદેલી સાડીઓ ગમે. બીજાની પસંદ તો મને ગમે જ નહીં.’ હવે શું કરવું આ સાડીઓનું?

કેતકીબહેન મનોમન વલોવાયાં કરતાં હતાં. ત્યાં તેમને સાડીઓમાંથી પર્સ,

પૉર્ટફોલિયો અને ચાકળા બનાવવાનો વિચાર આવ્યો. થયું મારી અમેરિકન સખીઓને નોવેલ્ટી આઈટમ ગમશે. તો સુંદર કલાત્મક ચીજો બનાવી એમને ભેટ આપીશ? એમની યુવાનીમાં એમણે ઘણું ભરત, ગૂંથણ, સિવણ કરેલું. એ બધી સૂઝ, સમજ, કલાદૃષ્ટિ અહીં કામે લગાડી. નવો ઉધમ હાથમાં આવ્યો ને એમનામાં ઉત્સાહના પૂર જાગ્યા. તેઓ માનતાં હતાં કે માણસે વિપરીત સંજોગોમાં સ્વસ્થ રહેવું જોઈએ. મનની પ્રસન્નતા કદી ગુમાવવી ન જોઈએ, પણ પ્રસન્ન રહેવું ય એક કસોટી છે એ માટે માણસે સભાન પ્રયત્ન કરવા જોઈએ.

જ્યારથી પુત્રવધૂની આંખમાં એમણે એમના માટે જાકારો જોયો ત્યારથી તે સતત પ્રાર્થના કરતા હતા કે પુત્રવધૂ માટે મારા મનમાં દુર્ભાવ પેદા ના થાય. દીકરા પ્રત્યે ચીડ ના ચડે. સૌ માટે સમભાવ પ્રગટો.

આમે ય કેતકીબહેન છેક નાનાં હતાં ત્યારથી એક પ્રાર્થના કરતા આવ્યાં હતાં કે દશે દિશામાંથી મને શુભ વિચાર પ્રાપ્ત થાઓ. એમનાં દાદીએ એમને આ પ્રાર્થના શીખવાડી હતી.

કેતકીબહેનને રોદણાં રડવા કે ફરિયાદ કરવી ગમતી નહીં. તેઓ કોઈની પાસેથી કોઈ અપેક્ષા ન રાખતા, કે ન કાજી થઈને કોઈના કૃત્યને મૂલવતાં. લીના એમને વિદાય કરવા ઈચ્છતી હતી એ વાતને મનમાં ઘૂંટીને હૃદયમનને કડવું ન કરતાં પોતાના મનને જ એ કહેતા. આજકાલ દરેકને પોતાની રીતે એકલા રહેવું જ ગમે છે. આ ન્યુક્લિયર કુટુંબનો જમાનો છે. ઘરમાં સાસુની હાજરી ના ગમે એ સ્વાભાવિક છે. સારું થયું કે એના મનમાં ભાવ એણે વહેલા પ્રગટ કરી દીધા જેથી કરીને હું ભારતમાં જઈને મારી રીતે ગોઠવાઈ શકીશ. હજી મારું શરીર સારું છે એટલે મને કોઈ વાઁધો નહીં આવે. એની અનિચ્છા છતાં જો હું અહીં રહેત તો એને ખુશ કરવાના પ્રયત્ન કરવામાં જ હું થાકી જાત. મારું સ્વત્વ હું ગુમાવી દેત. હર પળે એના હાવભાવ જોઈ જોઈને હું ના રહી શકત. હું તુચ્છ, ક્ષુદ્ર બની જાત. નિર્માલ્ય બની જાત. મારાપણું ગુમાવી દેત. પણ આજે તો ભારતમાં જઈને મારી જિંદગી હું નવેસરથી શરૂ કરી શકું એટલી હામ-હિંમત મારામાં છે.

મને આવતીકાલનો કોઈ ડર નથી, પણ મારા ભવિષ્ય માટે હું આશાવાદી છું. પડી ભાંગેલામાં આશાનું સિંચન કરવાની મારામાં કાબેલિયત છે. દરેક માણસે પોતાના જીવનની ઈમારત પોતાની તાકાતથી ઊભી કરવાની છે. આ વાત હું મારા અનુભવથી બરાબર સમજી છું અને જિંદગીમાં જેઓ અસહાય છે, નિર્બળ છે, લાચાર છે એમનામાં હું કૌવત જાગૃત કરીશ.



દીવો પ્રગટાવવાની તમારામાં શક્તિ છે જ દીવો પ્રગટાવો અને ઉજાસ ફેલાવો

મ્યુનિસિપાલિટીના બાગમાં રોજ સાંજે કેટલાક સિનિયર સિટીઝનો ભેગા થાય છે. તેઓ બધા નિવૃત્ત છે. દિવસના ચોવીસે ચોવીસ કલાક એમના હાથમાં છે. જીવનમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયા છે. નથી એમને પૈસાની તંગી કે નથી બીજી કોઈ દોડધામભરી જવાબદારી. જીવનમાં નિરાંત જ નિરાંત છે.

તો ય પેલા અશ્વિનભાઈ આવે કે તરત ફરિયાદો શરૂ કરી દે, હવે થાકી જવાય છે. ડૉક્ટર કહે છે, 'ચાલો'. વૉકિંગ ઈઝ ધ બેસ્ટ એક્સરસાઈઝ પણ મારાથી તો ચલાતું જ નથી, દીકરો કહે છે, ઉપર અગાશીમાં જઈને ચાલો, પણ દાદર ચઢાય તો અગાશીમાં જાઉં ને!

સેવંતીભાઈ બોલ્યા, 'મારો દીકરો મને બહુ સારી રીતે સાચવે છે. જ્યાં જવું હોય ત્યાં લઈ જાય છે. મારી રૂમમાં અલગ ટી.વી. છે. મારે જે પ્રોગ્રામ જોવો હોય તે જોઈ શકું છું. પણ ક્યારેક બહુ કંટાળો આવે છે. થાય છે ઘડપણમાં આપણી સગવડો સચવાય, મનોરંજન મળે એટલું પૂરતું નથી. આપણે સમાન રસરુચિવાળા મિત્રો ય જોઈએ છે એટલે તો હું અહીં આવું છું.'

કાર્તિકભાઈ કહે, 'મને અહીં આવવું ગમે છે એટલે નિયમિત આવું છું, પણ ક્યારેક થાય છે જાણે સમયનો પૂરેપૂરો ઉપયોગ નથી થતો. હા તંદુરસ્તી માટે ખુલ્લી હવામાં ફરવું સારું છે. મિત્રો સાથે વાતો કરીએ એટલે કંઈક જાણવા મળે, પણ ઊંડે ઊંડા થાય છે કે આપણી પ્રવૃત્તિ એવી હોવી જોઈએ કે શરીર અને મન તંદુરસ્ત રહે ઉપરાંત આપણો આંતરિક વિકાસ થાય, આપણે સમાજને કંઈક નક્કર આપી શકીએ.'

'આપણી પાસે તો એવી કોઈ વિશેષતા નથી કે આપણે સમાજને કંઈ આપી શકીએ. આપણે સામાન્ય ગ્રૅજ્યુએટ છીએ. એ જમાનામાં સહેલાઈથી નોકરી મળતી હતી તો નોકરી કરી ખાધી અને ઘર-કુટુંબનું પૂરું કર્યું પણ સમાજને આપવાનું પાસે કંઈ નથી.' અશ્વિનભાઈ બોલ્યા. આપણે ધારીએ તો સમાજને ઘણું નહીં તો થોડું કંઈક તો આપી શકીએ. આના માટે દૃષ્ટિ જોઈએ. હમણાં મને બાબુભાઈ રામીનો પરિચય થયો. થર્ડ સ્ટાન્ડર્ડ સુધી ભણેલા બાબુભાઈ એકદમ સીધાસાદા મધ્યમવર્ગના માણસ છે. જૈન દેરાસરમાં ગોઠી તરીકે અને જૈન ઉપાશ્રયમાં મુનીમ તરીકે નોકરી કરી છે. જીવનમાં અનેક ચડતીપડતી જોઈ છે. એકવાર તો હતાશ થઈને કાંકરિયા તળાવમાં પડીને આપઘાત કરવા ગયા હતા, પરંતુ નંદુભાઈ પહેલવાને એમને બચાવી લીધા. બાબુભાઈનું જીવન તો બચી ગયું પણ એ ઊર્ધ્વગતિ પામ્યું. બાબુભાઈ આધ્યાત્મિક વાંચન તરફ વળ્યા. સંતોના સંપર્કમાં આવ્યા અને શ્રી મોટા સમર્પિત થયા. એમનું સાહિત્ય વાંચીને એનો સાર સંક્ષિપ્તમાં સંકલન કરીને પુસ્તકરૂપે પ્રકાશિત કરે છે. વર્ષો સુધી જૈન

ધર્મની અસર એમણે ઝીલી છે. માણસ માટે કરુણાનો ભાવ એમના હૈયે છે. એ ધાર્મિક પુસ્તકો માત્ર વાંચતા નથી પણ ધર્મ જીવે છે. આજે ૮૦ વર્ષની ઉંમરે તેઓ પોતાનાં કપડાં જાતે ધૂએ છે. આખા દિવસમાં એક ડોલ પાણી વાપરે છે. એક ડોલ પાણીમાં નહાવાનું અને કપડાં ધોવાનાં. વાળ જાતે કાપે છે. હજામતની બે બ્લેડ બે માસ ચલાવે છે. ખાદીના ધોતી-ઝભ્ભો ઈસ્ત્રી વગરના પહેરે છે અને બેત્રણ વરસ ચલાવે છે. રોજ સવારે ચાર વાગે ઊઠી જાય છે. પોતાના રૂમની સફાઈ જાતે કરે છે. સાદો ખોરાક લે છે. કલાકો સુધી વાંચન, લેખન કરે છે. અંતરિયાળ ગામડાની નિશાળોમાં જઈને પુસ્તકો ભેટ આપે છે. વકતૃત્વ હરીફાઈ યોજે છે. વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. ‘કાર્તિકભાઈ એમની વાત પૂરી કરી લે એ પહેલાં તો એમના ગાર્ડન મિત્રો બોલી ઊઠ્યા, ‘આ બાબુભાઈને એકવાર આપણા મંડળમાં બોલાવો. એ આવશે ને?’ ‘અરે એ તો એકદમ નમ્ર નિખાલસ અને સરળ માણસ છે. હું કાલે જ એમને લઈ આવીશ.’ કાર્તિકભાઈ બોલ્યા.

બીજા દિવસે બાબુભાઈ આવ્યા. ખાદીનો ઝભ્ભો, ધોતી અને માથે ટોપી. એકવડો બાંધો. આમના જેવા દેખાતા માણસ આપણી આજુબાજુ કોડીબંધ મળી આવે, પણ એમના જેવું પરગજુપણું? બીજાને સહાય કરવાની તત્પરતા? સ્નેહભર્યું આવું હૃદય, આવો સમભાવ?

થોડાં વરસો પહેલાં રસ્તે જતા બાબુભાઈને એક ભાઈ મળ્યા. કાનપુરમાં એ ભાઈની મુસ્લિમ લત્તામાં સીવવાના સોયદોરાની દુકાન હતી. ખૂબ સારી ચાલતી હતી એ દુકાન, પણ બાબરી ધ્વંસ પછી ફાટી નીકળેલાં તોફાનોમાં એ ભાઈની દુકાન લૂંટાઈ ગઈ અને મકાનમાલિકે એ દુકાનનો કબજો લઈ લીધો. કમાણીનું સાધન ગયું. એ ભાઈ અને એમનો પરિવાર નિરાધાર થઈ ગયો. અમદાવાદ તેઓ કામની તલાશમાં આવ્યા. કેટલાય ઠેકાણે ફર્યા પણ નોકરી મળી નહીં. ઓળખાણ વગર કોણ નોકરી આપે? બાબુભાઈ પણ એ માણસને ઓળખતા ન હતા, પણ એની વાતમાં એમને સચ્ચાઈ લાગી અને એ માણસને એક જૈન પેઢીમાં નોકરી અપાવી. એ નોકરી નામું લખવાની હતી. પેલા ભાઈએ દુકાન ચલાવેલી પણ નામું લખતાં ન આવડે. બાબુભાઈએ એને નામું લખતાં શીખવાડ્યું અને એની નોકરી ટકી ગઈ. એક દિવસ સાવરણી વેચનાર એક મુસલમાન ભાઈ મળ્યા. એમની દીકરીનું હૉસ્પિટલનું બિલ ચૂકવવાનું હતું, બાબુભાઈએ તરત એને બિલની રકમ આપી. એ ભાઈને ધંધામાં પણ સહાય કરી, બાબુભાઈ બહુ મોટા સંપત્તિવાન નથી પણ યથાશક્તિ સહાય કરવા કાયમ તૈયાર રહે છે. ગાર્ડનમિત્રોને બાબુભાઈનું જીવન સાર્થક લાગ્યું અને એમનેય એવું સાર્થક જીવન જીવવાની પ્રેરણા મળી.



પોતાની લાડાઈ પોતાની તાકાત પર જ લડાય

લતાબહેનને બે દીકરા, મોટો આકાશ અને નાનો બાદલ. બેઉ ડૉક્ટર. આકાશ અમેરિકા વસ્યો અને બાદલ ઈન્ડિયામાં.

બાદલને એક દીકરો અને દીકરી હતી. જ્યારે આકાશને લગ્ન પછી દસ વર્ષ સુધી કોઈ બાળક ન થયું.

ત્યારે આકાશ બાદલને કહે, 'તારા બે બાળકમાંથી એક તું મને આપી દે.', ત્યારે બાદલની પત્ની ઈના કહેતી, 'એક શું કરવા બેઉં લઈ જાઓને. અહીંના બંધિયાર વાતાવરણમાંથી છૂટે. અમે તો ખોટાં બંધનોમાં મરી જઈએ છીએ.'

ત્યારે આકાશ કહેતો અહીંનાં બંધનો તો હેતપ્રેમનાં બંધનો છે. એ બંધનો છે તો જીવન સુંદર, મધુર અને સાર્થક છે. હું તો ભૂલમાં અમેરિકા સેટલ થઈ ગયો છું. હું તો અહીંની આત્મીયતા વગર તડપું છું અને તમે તો મમ્મીને ય મારે ત્યાં રહેવા દેતાં નથી.

બાદલ અને એની પત્ની બેઉ મહત્ત્વાકાંક્ષી હતાં. એમણે મોટી હૉસ્પિટલ બાંધી હતી. બેઉ ઈચ્છતાં હતાં કે શહેરમાં એમની હૉસ્પિટલ પ્રખ્યાત થતી જાય. એમનું નામ સોનેરી અક્ષરે ચમકે. તેથી બેઉ હૉસ્પિટલમાં રચ્યાંપચ્યાં રહેતાં હતાં ને ઘર તથા બાળકોની જવાબદારી લતાબહેનનાં માથે હતી. બાદલે હૉસ્પિટલ માટે ક્યાંયથી લોન નહોતી લીધી. પિતાની સંપત્તિ અને આકાશની મૂડી પર એની ઈમારત ચણાઈ હતી.

પિતા હયાત ન હતા પણ બાદલ ઈન્ડિયામાં રહેતો હોવાથી એ જ બધી સંપત્તિનો વહીવટ કરતો હતો ને આકાશ કદી એમાં માથું મારતો ન હતો.

હવે દસેક વર્ષ પછી આકાશના ઘેર બાળક આવ્યું, પણ બાળકને જોતાં જ આકાશનું હૈયું ચિરાઈ ગયું. બાળક મંદબુદ્ધિનું હતું.

આકાશ સાવ પડી ભાંગ્યો. મેડિકલ પ્રૅક્ટિસ કરવામાં, કમાવામાં એને રસ ન રહ્યો. દીકરાનું નામ એણે અમર પાડયું હતું. અમરના વિકાસ માટે એ ખૂબ પ્રયત્ન કરતો હતો પણ ધાર્યું પરિણામ આવતું ન હતું તેથી એ બધી હામહિંમત ગુમાવી બેઠો. એને અમેરિકા અકારું લાગ્યું. પોતાના દેશમાં, પોતાના ઘેર, પોતાના પ્રિયજનોનાં સંગે રહેવા એ તરસી ઊઠયો અને એણે લતાબહેનને કોલ કર્યો, 'મમ્મી, હું ત્યાં આવું છું કાયમ માટે.'

'હા બેટા, આવ.' આંસુભીના કંઠે લતાબહેને કહ્યું. બાદલે વાત જાણી કે આકાશ કાયમ માટે ઈન્ડિયા આવે છે ત્યારે રુક્ષ અવાજે એ બોલી ઊઠયો, 'એના રહેવાની સગવડ કરીને આવે.'

'એટલે?' લતાબહેને મૂંઝવણભર્યાં અવાજે પૂછયું.

'એ ક્યાં રહેશે? એની બૈરી, છોકરો ફૂટપાથ પર સૂઈ રહેશે!' એ લોકોને રહેવા ઘર તો જોઈશે ને?'

'આ ઘર તારું છે એટલું જ આકાશનું છે.'

'ના. આ ઘર મારું, ફક્ત મારું છે. તમે મારી મા છો અને મારી ઈચ્છા છે ત્યાં સુધી જ અહીં રહી શકશો.'

'પણ આ ઘર તારા પપ્પાએ બંધાવ્યું છે, અમે જિંદગીના બીજા મોજશોખ જતા કરીને કટકે કટકે આ ઘર બાંધ્યું છે. તમારા બેઉનો આ ઘર પર સરખો હક પહોંચે.'

'મમ્મી, એવી ભ્રમણામાં રહેશો નહીં. આ આખું ઘર મારા નામે છે, મારા પપ્પાએ રાજીખુશીથી મને આપ્યું છે.'

લતાબહેન જાણે કે એમના પતિએ એમના મૃત્યુ અગાઉ વિલ બનાવ્યું ત્યારે વિચાર્યું હતું કે બાદલ ઈન્ડિયામાં, અમારી ભેગું જ રહે છે અને અમારી ભેગું જ રહેવાનો છે, તો આ ઘર એને આપું તો મારી હયાતી ના હોય ત્યારેય લતાને આદર-પ્રેમથી સાચવે અને આકાશ તો જ્યારે આવશે ત્યારે મહેમાન તરીકે આવશે. બાદલ લાગણીવાળો છે એના ભાઈને સાચવી લેશે. આમ અનહદ ભરોસો રાખીને બંગલો તથા બાકીની સંપત્તિ એમણે બાદલના નામે કરી હતી. તેઓ માનતા હતા કે આકાશ તો અમેરિકામાં મબલખ કમાય છે. એને ઈન્ડિયાના રૂપિયાની શી જરૂર છે? વળી એને તો બાળક નથી. એની કમાણીમાંથી એ કેટકેટલી સંસ્થાઓમાં દાન આપે છે, જરૂરતમંદોને મદદ કરે છે. અરે, એ તો બાદલને ય કહે છે, તારે જે જોઈએ એ નિઃસંકોચ મંગાવજે. એને મારી સંપત્તિની કોઈ ભૂખ નથી. મારે મિલકત બાબતે મારે ઝાઝું વિચારવાની જરૂર નથી.

બાદલ પરના અતિશય વિશ્વાસના કારણે એમણે લતાબહેનનાં નામ પર કશું રાખ્યું ન હતું. લતાબહેનનાં અફસોસનો પાર નથી. એ રડે છે, અરેરે બાદલ તારી પર કેટલો વિશ્વાસ રાખ્યો હતો! અત્યારે તારો સૂરજ મધ્યાહ્ને છે અને આકાશના જીવનમાં ચોમેર અંધકાર અને નિરાશા છે ત્યારે તેં જ મોં ફેરવી લીધું?

અરેરે! અમારી જ સમજ કાચી, બીજા લોકોના આટઆટલાં અનુભવો જાણતા હતા કે માણસનું મન ગમે ત્યારે બદલાય, ગમે ત્યારે મિલકતના પ્રલોભનમાં આવીને એ દગો દઈ શકે છે. સજ્જન દેખાતા માણસનું મન ક્યારે ન્યાયબુદ્ધિ છોડી, બધો વિવેક ભૂલી જઈને દ્રોહ કરે એનું કોઈ અનુમાન થઈ શકતું નથી માટે સંપૂર્ણ વિશ્વાસ મૂકીને જાતે જ ભિખારી ના બની જવું.

લતાબહેન રડતાં રડતાં આજીજી કરતાં બોલ્યાં, 'ભાઈ, આકાશની સ્થિતિનો તો તું વિચાર કર. કેવી વ્યથામાં એ જીવે છે.'

ઈના લાગણીહીનતાથી બોલી, 'બીજાનો વિચાર પછી કરવાનો, સૌથી પહેલાં અમારા માન-મોભા પ્રતિષ્ઠાનો વિચાર કરવાનો, અમને ફાલતું, દુખિયારા માણસનાં મોં જોવા ના ગમે, કોઈના દુઃખની કથાઓ સાંભળવા બેસીએ તો આવડી મોટી હૉસ્પિટલ ના ચલાવી શકીએ.'

લતાબહેને રડતા હૈયે આકાશને બધી વાત કહી ત્યારે એ બોલ્યો, 'મમ્મી, તું જરાય રડીશ નહીં. જેણે મને વિપત્તિ આપી છે એ મને હિંમત પણ આપશે. મને સંભાળી લેશે. બાદલનું મને જરાય ખરાબ નથી લાગ્યું. મારી લડાઈ હું મારી રીતે લડીશ. તું ઈશ્વર પર ભરોસો રાખ.'

લતાબહેન બોલ્યાં, 'તારા શબ્દોએ મને હિંમત આપી છે, દીકરા. તારી લડાઈમાં તું એકલો નથી. હું ઈન્ડિયા છોડીને ત્યાં આવું છું, આપણો અમર ચોક્કસ નોર્મલ બનશે, આપણી તપશ્ચર્યા નિષ્ફળ નહીં જાય.'

લતાબહેન અમેરિકા પહોંચ્યાં.



તમારા સાંનિધ્યથી હું ન્યાલ થઈ ગયો

મૂળજીદાદા ચિંતામાં છે, ખૂબ ચિંતામાં છે, એમની ઉંમર લગભગ નેવું વરસની છે. 'આ ઉંમરેય ચિંતા અને અશાંતિ? એમને શું ચિંતા છે? શું ચિંતા હોઈ શકે? સંસ્કારી એરિયામાં વિશાળ પ્લોટ પર આલીશાન બંગલો છે, પોતાની કમાણીમાંથી આ બંગલો બનાવ્યો છે. આ બંગલાની કિંમત આજે સહેજે દસ કરોડ બોલાય છે. એમનો મોટો દીકરો જીતુભાઈ, એની પત્ની નીલિમા અને બાળકો સાથે મૂળજીદાદા સાથે રહે છે, સ્નેહઆદરપૂર્વક એમની સેવા કરે છે અને એમનો વ્યાપાર સંભાળે છે.'

જીતુભાઈથી નાનો ભાઈ અજય ડૉક્ટર છે. એ અમેરિકા સ્થાયી થયો છે, અજયની પત્ની પ્રતિમા વકીલ છે, બેઉની મબલખ કમાણી છે, પણ તેમણે કદી મૂળજીદાદા એટલે કે એમના પિતાની દિલથી ખબર નથી પૂછી તો પછી સેવાની વાત જ ક્યાં? ત્રીજો દીકરો પરેશ એન્જિનિયર છે. એ બૅંગ્લોર વસ્યો છે, એના વૈભવનો ય કોઈ પાર નથી. એ એનાં પત્ની-બાળકો સાથે પોતાના જીવનમાં મસ્ત છે. એને ય પોતાના પિતાની કંઈ પડી નથી.

મૂળજીદાદાને ત્રણ દીકરાઓ પછી એક દીકરી રેણુ છે, જે મંદબુદ્ધિની છે, શારીરિક રીતે વિકલાંગ છે, એનાં લગ્ન નથી થયાં. અત્યારે રેણુ પંચાવન વર્ષની છે. મૂડમાં હોય તો પોતાના કામકાજ વ્યવસ્થિત કરે છે. પણ એનામાં જીદ અને ગુસ્સો બહુ છે. એનાં સૂઝસમજ ખીલ્યાં નથી તેથી એને એકલી નથી મુકાતી.

જીતુભાઈ અને નીલિમાએ આખી જિંદગી રેણુને સાચવી છે. પ્રેમથી એને કેળવવા પ્રયત્ન કર્યો છે, બીજા બે ભાઈઓ અજય અને પરેશે કદી બહેન રેણુની કાળજી રાખી નથી. બેચાર દિવસ માટે ય પોતાના ઘેર નથી લઈ ગયા.

મૂળજીદાદા માનતા હતા કે એમની સમગ્ર મિલકતનો હકદાર તો મોટો દીકરો જીતુભાઈ છે.

તેઓ પોતાની સમગ્ર મિલકત જીતુભાઈને આપવા ઈચ્છે છે, પણ જે તેઓ પોતાની મિલકત માત્ર જીતુભાઈને જ આપે અને બીજા બે દીકરાઓને ના આપે તો તેઓ આ સહી ના શકે. એ બે દીકરાઓ પોતાનો હક રજૂ કરે, કોર્ટમાં જાય અને જીતુભાઈને ઉપાધિમાં મૂકી દે. સ્નેહાળ, સરળ અને ફરજનિષ્ઠ જીતુભાઈની શાંત જિંદગી ઉપાધિભરી થઈ જાય.

તો શું કરવું? પોતાની ઉંમર થઈ છે, વસિયતનામું બનાવી લેવું અત્યંત જરૂરી છે પણ મિલકતની વહેંચણી કઈ રીતે કરવી? દૂર રહેતા પેલા બે દીકરાઓ જેમણે કદી માબાપ કે નાની બહેનની કાળજી કરી નથી, છતાંય પોતાનો હક છોડવા તૈયાર નથી.

મૂળજીદાદા અકળાઈ ઊઠયા એમની મૂંઝવણનો કોઈ પાર ન રહ્યો એમને ડાયાબિટીસ છે, હાઈ બ્લડપ્રેશર છે, એમને રેણુની ચિંતા સતાવે છે. દૂર રહેલા દીકરાઓ રેણુનું

ધ્યાન નહીં રાખે. તેઓ માત્ર મિલકતના સગા છે તો બધું જીતુના માથે નાખવાનું?

એમણે જોષીને બતાવ્યું તો જોષીએ કહ્યું, 'તમે જીવશો, દીકરી તમારી પહેલા જશે માટે દીકરીની ચિંતા ન કરો.' મૂળજીદાદાનું મનોબળ દૃઢ છે, મગજ સક્રિય અને સાબૂત છે, જીવવાની એમની ઈચ્છા ઉત્કટ છે. તેઓ હજી લાંબું જીવશે એની એમને ખાતરી છે. ક્યારેક એ વિચારે છે કે અત્યારે દીકરી મને ભારરૂપ લાગે છે પણ એ નહીં હોય ત્યારે મને બધું સૂનું લાગશે. પછી જીવવાનો કોઈ ઉદ્દેશ નહીં હોય, અર્થ નહીં હોય. આવું કંઈક બને એ પહેલાં વસિયતનામું બનાવી લેવું જોઈએ. ઈશ્વર મારો ખ્યાલ રાખે છે. દીકરી રેણુના કારણે મારી તબિયત સારી રહે છે, પણ રેણુ અત્યાર સુધી સારી રીતે સચવાઈ એ તો જીતુ અને નિલીમાના કારણે જ. તે બેઉના કારણે મારી જિંદગી નિર્વિઘ્ન પસાર થઈ શકી એ કેમ ભુલાય? આનો બદલો દીકરા અને વહુને મળવો જ જોઈએ.

આજકાલ તો દીકરા-વહુ કેવાં કૃતઘ્ન અને નિષ્ઠુર હોય છે એની વાતો રોજ સાંભળવા મળે છે, ત્યારે મારા આ સ્નેહાળ અને ફરજપરસ્ત વહુ અને દીકરા માટે હું શું કરું?

રાતદિવસ મૂળજીદાદાને આ પ્રશ્ન કોરી ખાય છે.

એક દિવસ જીતુભાઈએ મૂળજીદાદાને વિનયથી પૂછ્યું ત્યારે મૂળજીદાદાએ એમને કહ્યું, 'બેટા મારું જે છે તે બધું હું માત્ર તને જ આપવા ઈચ્છું છું પણ તારા બે ભાઈઓ...'

'બાપુજી, મારા બે ભાઈઓ તમારા દીકરા છે. તમારી મિલકત ઉપર એમને ય મારા જેટલો જ હક પહોંચે.'

'બેટા, એમનો હક પહોંચે તો એમને મારી તરફ કોઈ ફરજ નહીં? આ રેણુ શું એમની બહેન નથી? શું કર્યું છે એમણે અમારા માટે?'

'બાપુજી, એમની ફરજ એમણે યાદ રાખવાની. તમે તમારી મિલકતના સરખા ભાગ પાડો અને ચિંતા મુક્ત થાઓ. તમે ન્યાય કરો.'

'એમને સમાન ભાગ આપવામાં તો તને અન્યાય થાય.'

'બાપુજી, આટલાં વરસો મને તમારું સ્નેહાળ સાંનિધ્ય મળ્યું, જરૂર પડે સલાહ મળી, મારાં સંતાનોને તમારી ગોદમાં ઊછરવા મળ્યું. એ બધાં લાભ તો અમૂલ્ય છે. મને ઘણું બધું મળ્યું છે, જે મારા બે ભાઈઓને નથી મળ્યું.'

દીકરાની વાણી સાંભળી મૂળજીદાદાના હૈયે અપરંપાર શાંતિ થઈ. એમણે ઈશ્વરનો આભાર માન્યો અને વસિયતનામું બનાવ્યું. ત્રણને સરખા ભાગે વહેંચી આપ્યું.



ઉંમરમાં વરસો ઉમેરાય એમ એ નવજીવન મેળવે છે

'ધ કેરી મેમોરિયલ' લાઈબ્રેરીમાં અવારનવાર હું એ બાઈને જોતી. અમારી નજર મળે એટલે તરત હસે. એ હસવામાં
અૌપચારિકતા નહીં પણ આત્મીયતા અનુભવાય. છલકાતો સ્નેહ અનુભવાય. હા, એનું નામ પોર્શિયા હતું.

ક્યારેક અમે વાતો કરવા બેસતાં. એકવાર એ મને કહે, તમે તો મારી ભાષામાં વાત કરો છો, પણ મને તમારા દેશની ભાષા નથી આવડતી. તમારા દેશમાં હું આવું તો મારી દશા બહેરા-મૂંગા જેવી થાય.

મેં કહ્યું, 'અમારા દેશમાં અંગ્રેજી જાણનાર તમને ચોરેચૌટે મળી રહે, માટે જરા ય હિચકિચાટ વગર ઈન્ડિયા આવજો.'

'તો તો હું ઈન્ડિયા જરૂર આવીશ. મને જેટલો વાંચવાનો શોખ છે એટલો જ ફરવાનો શોખ છે.'

'તમને વાંચવાનો પહેલેથી આટલો શોખ?' મેં પૂછ્યું.

'વાંચવાની હોંશ ઘણી પણ સમય કે અનુકૂળતા ક્યાં મળ્યાં હતાં? મારાં મા-બાપ કોણ હતાં ને ક્યાં રહેતાં હતાં એ હું ખાસ જાણતી નથી, એટલું જાણું છું કે તેઓ ખૂબ ગરીબ હતાં તેથી અનાથાશ્રમ જેવી સંસ્થામાં મને મૂકી દીધી હતી. તેઓ એ પછી કદી મને મળવા આવ્યાં નથી.'

એ સંસ્થામાં પ્રાથમિક શિક્ષણ પૂરું થાય પછી છોકરાઓ આગળ ભણવા જઈ શકતા, પણ સંસ્થા બધાનો ખર્ચો વેઠી ના શકે માટે છોકરીઓને પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને કામ કરવા જવું પડતું.

બાર વરસની ઉંમરથી હું કોટન મિલમાં લુમ્સ પર કામ કરતી. મિલમાં મેં સાત વર્ષ કામ કર્યું. જે કામ કરવાનું હોય એ હું ઉત્સાહ અને રસથી કરતી. મેં ઈચ્છ્યું એ બધું મને મળ્યું છે. હું જોબ પર જતી ત્યારે મારી જ ઉંમરની એક છોકરીને ભણવા જતી જોતી ત્યારે મને થતું કે હું ય આની જેમ હાઈસ્કૂલમાં જઈશ.

ભગવાનની કૃપા તો જુઓ. બરાબર ૬૯ની ઉંમરે મને તક મળી ને હું હાઈસ્કૂલ જવા માંડી. બે વર્ષમાં હું ગ્રૅજ્યુએટ થઈ ગઈ. ત્યારે મારી એક પૌત્રી લોવેલની કૉલેજમાં જતી હતી. મેં કહ્યું, હું તો હાર્વર્ડમાં જઈશ. મેં હાર્વર્ડમાં પ્રવેશ મેળવ્યો ને ત્યાંથી ગ્રૅજ્યુએટ થઈ.'

'તમારી અત્યારે ઉંમર કેટલી?' મેં પૂછ્યું.

'આ મે મહિનામાં હું નેવું વરસની થઈશ. પોર્શિયાએ કહ્યું અને હું નવાઈથી જોઈ જ રહી. એના હાથમાં ન હતી લાકડી કે કેડથી એ જરાય વળેલી ન હતી. કાને બરાબર સાંભળતી હતી. ચહેરો કરચલીવાળો હતો છતાં મોહક અને આકર્ષક હતો. એની યાદશક્તિ જરાય શિથિલ થયેલી ન હતી.'

એ કહે, મેં મારી આખી જિંદગી વિકના સાતે સાત દિવસ કામ કર્યું છે. મિલનું કામ છોડી દીધા પછી મેં મારી કેટરિંગ સર્વિસ ચાલુ કરી. એ કામમાં ય મઝા આવતી. મારા છોકરાઓ મને મદદ કરે.'

'તમને કદી કામનો કંટાળો નહોતો આવતો? જીવનમાં કદી નિરાશ, હતાશ નથી થયાં.'

'ના. મને કદી કંટાળો ના આવે. ગમે એટલું કામ આવી પડે પણ હું પહોંચી વળીશ એવો આત્મવિશ્વાસ. તેથી ચિંતા ય ના થાય. હું એમ જ વિચારું કે ઈશ્વર આપણને મદદ કરવા તૈયાર જ છે. આપણો હાથ એના હાથમાં છે. આના કારણે મને જીવન કદી મુશ્કેલ નથી લાગ્યું.'

એક વાત કહું, જો તમે મુશ્કેલીઓ જોઈને રડવા માંડો કે નિસાસા નાખો તો જિંદગી ખરેખર મુશ્કેલ બની જાય. જો પુરુષાર્થી માણસો વિપત્તિ સામે ઝૂઝીને વિજયી બની શકે તો આપણે કેમ નહીં? આપણામાં મક્કમતા જોઈએ. જુઓ, મારે ગ્રૅજ્યુએટ થવું તું તો થઈને.

હમણાં હું કમ્પ્યૂટર શીખું છું. બસમાં ક્લાસ ભરવા જાઉં છું, ક્યારેક કાર લઈને જ જાઉં, દીકરો મને કમ્પ્યૂટર લાવી આપવાનો છે.

મને ગ્રીક સાહિત્યમાં રસ છે, તો અઠવાડિયામાં બે દિવસ ગ્રીક સાહિત્યના લેક્ચરમાં જાઉં છું. હવે મારી પાસે સમય જ સમય છે તેથી મને ગમતી બધી પ્રવૃત્તિઓ કરું છું. દરેક પ્રભાતનું ઉત્સાહથી હું સ્વાગત કરું છું.' એક નવયૌવનાની જેમ એ નવ દસકા વિતાવી ચૂકેલી બાઈ બોલતી હતી.

મને થયું ઓહો આ ઉંમરે આટલી બધી હોંશ, ધગશ! આરામ કે નિવૃત્તિની વાત તો એના મોંએ આવતી જ નથી. એનું મન આટલું ઉત્સાહપૂર્ણ છે, તેથી શરીર થાકતું નથી. સ્ફૂર્તિલું રહે છે. એની ઉંમરમાં વરસો ઉમેરાય છે એમ એનામાં નવજીવન પ્રગટે છે. એ પોતાની શક્તિ અને સિદ્ધિ માટે પૂરી સભાન છે. એ કહે, 'મારા સંતાનો મને મારાં સ્મરણો લખવાનું કહે છે એટલે હમણાં હાથથી લખવા માંડ્યા છે. મને ટાઈપ કરતા નથી આવડતું પણ એ ય હું શીખી લઈશ.'

હવે આ ઉંમરે શીખીને શું કરવાનું એવું તો એના મનમાં કદી આવતું જ નથી. એ તો કહે છે, 'તંદુરસ્ત શરીર, તાજગીભર્યું મન હોય અને નવું શીખવાની તક મળે પછી બીજું શું જોઈએ?' આપણા ભારતમાં પણ કઠીનાઈ સામે સંઘર્ષ કરીને કંઈક મેળવનારા છે જ.



પ્રેમાળ, સમજદાર અને ખુલ્લા મનના દાદાજી

આયુષી ડૉક્ટર છે, એના અને શિવાંગના પ્રેમલગ્ન છે. બેઉ મેડિકલમાં સાથે ભણતાં હતાં ત્યારે જ લગ્નનું નક્કી કર્યું હતું. ડૉક્ટર થઈ ગયા પછી શિવાંગે જ્યારે આયુષી સાથે લગ્ન કરવાની વાત ઉચ્ચારી ત્યારે ઘરમાં એ વાત કોઈએ ઉમળકાથી વધાવી ન હતી. હા, દીકરો ડૉક્ટર થઈ ગયો છે, મોટો છે, એના જીવન અંગેના નિર્ણય લેવા એ સ્વતંત્ર છે એવું જાણીને ઘરમાં બીજાં મૌન રહ્યાં હતાં, પણ એના દાદા તો તીખા સૂરે બોલ્યા હતા, ‘ઓ હો... આપણો દીકરો તો બહુ હોંશિયાર થઈ ગયો, બૈરી ય જાતે ગોતી લાવ્યો, આપણને એક વારે પૂછતો ય નથી. જાતે નક્કી કરીને આપણને ખબર આપે છે. ભાઈ, લગ્નમાં અમારે આવવાનું છે કે નહિ?’

શિવાંગ કંઈ બોલતો નથી. એનું સંયુક્ત કુટુંબ છે, ઘરમાં દાદાનું જ ચાલે છે. શિવાંગના પપ્પા કેતનભાઈને પણ કોઈ નિર્ણય લેવાની સત્તા નથી. ત્યાં પૌત્ર આવડો મોટો નિર્ણય જાતે લે એ દાદાથી શી રીતે સહન થાય? ઘરમાં આજ સુધી દાદાની ઈચ્છા વિરુદ્ધ કોઈ વર્ત્યું નથી. દાદા માત્ર કડક જ ન હતા પ્રેમાળ પણ એટલા જ હતા. શિવાંગને એમણે લખલૂટ લાડ કર્યા છે. અત્યારે ય તેઓ આવડા મોટા શિવાંગને કહે છે, ‘બેટા, માથે તેલ ઘસી આપું? તેલ તો મગજનો પાવર વધારે.’

આવા વત્સલ દાદા દુભાયા, પોતે એમને દુભવ્યા તેથી શિવાંગ અપરાધભાવ અનુભવવા માંડ્યો. એણે આયુષીને પણ વાત કરીને કહ્યું : ‘તારે ખૂબ શાંતિ, સમતા, ધીરજ અને સહનશીલતા દાખવવા પડશે.’

‘પણ આપણાં લગ્ન તો થશે ને!’ આયુષીના હૈયે તો ધ્રાસ્કો પડી ગયો હતો.

‘હા, લગ્ન થશે. દાદાએ લગ્નની ના નથી કહી, પણ એમનો સ્વભાવ થોડો ઉગ્ર છે, એમનાં રીસ અને રોષ શમે નહિ ત્યાં સુધી તારે વાગ્પ્રહાર માટે તૈયાર રહેવું પડશે. એમને પૂછ્યા વગર મેં તારી પસંદગી કરી, તેથી એમની લાગણી ઘવાઈ છે. હવે જુદાં જઈએ તો એમને જબરજસ્ત ઠેસ પહોંચે. એક દિવસ એ મારું મોં ના જુએ તો આકુળવ્યાકુળ થઈ જાય છે. માટે આપણે ભેગાં રહેવું પડશે. તને મંજૂર છે ને?’

આયુષી બોલી : ‘હું જુદા થવાનું વિચારતી નથી. ગમે તેવી પરિસ્થિતિ ઊભી થાય તો ય વહાલસોયા દાદાજીને અને ઘરને છોડવાનું હું કદી વિચારી ય ના શકું. દાદાજીની લાગણીને હું સમજી શકું છું.’ લગ્ન કરીને આયુષી ઘરમાં આવી તે દિવસથી એણે એના વિવેક અને પ્રેમભર્યા નમ્ર વર્તનથી બધાંના દિલ જીતી લીધાં. એને દીકરો આવ્યો ત્યારે એ બોલી, ‘દાદાજી, દીકરાનું નામ તમારે પાડવાનું છે.’

'મારે? અરે ગાંડી, આ જમાનામાં તો મા-બાપ નામ પાડે છે, દાદા નહિ.' હરખાતા હૈયે દાદા બોલ્યા હતા.

'દાદાજી, જેને તમારા જેવા પ્રેમાળ દાદા ન હોય એવાં મા-બાપને દીકરાનું નામ પાડવું પડે, પણ આ દીકરાનું નામ તો તમે જ પાડો.' અને દાદાએ નામ પાડ્યું હતું અદ્વૈત. આયુષીએ તો દાદાના હાથમાં દીકરાને સોંપી દીધો હતો અને દાદા એના ઉછેર પ્રત્યે ખૂબ ધ્યાન આપતા હતા. આયુષી કે શિવાંગે ક્યારેય અદ્વૈતના ઉછેરમાં માથું માર્યું ન હતું. એમ કરતાં અદ્વૈત બાર વર્ષનો થયો. અદ્વૈતનાં હૃદય, મન, શરીર અને બુદ્ધિનો વિકાસ જોઈને ઘરનાં બધાં ખુશ થાય છે. અદ્વૈતને દાદા રોજ સવારે પ્રાર્થના કરાવે છે અને દેરાસર લઈ જાય છે, ત્યાં વિધિસર પ્રભુના દર્શન કરાવે છે. ચાલુ દિવસે તો આ ક્રમમાં કોઈ વાંધો નથી આવતો. અદ્વૈત પ્રાણાયામ અને ધ્યાન પણ કરે છે.

આયુષી અને શિવાંગ પણ વિચારે છે કે દીકરામાં શ્રદ્ધા કેળવાય એ જરૂરી છે. જીવનમાં માત્ર તેજસ્વી બુદ્ધિથી કામ નથી ચાલતું. સંઘર્ષની કપરી પળોમાં શ્રદ્ધા જ માણસને ટકાવી રાખે છે. જાતમાં શ્રદ્ધા, શુભ મંગલ તત્ત્વમાં શ્રદ્ધા માણસને કદી નિરાશ નથી થવા દેતી. માણસ શ્રદ્ધાના જોરે તો પોતાની રાખમાંથી ય બેઠો થઈ જાય છે ને આગળ વધે છે. પણ હમણાં અદ્વૈતને પરીક્ષા છે, એને વાંચવાનું હોય છે, તો ય દાદાજી દેવદર્શનના નિત્યક્રમમાં જરાય બાંધછોડ નથી કરતાં. રોજ દેરાસર જવાનું એટલે જવાનું, ત્યાં બધી વિધિ કરતાં અડધો કલાક થઈ જાય છે. આયુષીને સવારના પહોરમાં સમયનો આ બગાડ ખૂંચે છે, એને થાય છે કે એ અદ્વૈતને કહે કે તું જ્યાં બેઠો હોય ત્યાંથી એટલે કે ઘરમાં બેસીને મનોમન ઈશ્વરનું સ્મરણ કરે તો ચાલે. તું દેરાસર જઈને વખત ના બગાડ. અરે, ઈશ્વરમાં તને પાકી શ્રદ્ધા છે તો આપોઆપ ઈશ્વરનું સ્મરણ થઈ જાય. ઈશ્વર પળેપળ તારી સાથે જ છે. ઈશ્વરની કૃપા યાચવા દેરાસર જવાની શી જરૂર? બાહ્ય કર્મકાંડ તો ઈશ્વરે નથી ઈચ્છતા. તમે નીતિથી ચાલો તો ઈશ્વર ખુશ જ રહે. પણ આયુષી પ્રગટપણે અદ્વૈતને આવું કહી શકતી નથી. એને ડર છે કે કદાચ દાદાને દુઃખ થાય. વળી આજ સુધી અદ્વૈતે પણ દાદાનું કહેવું જ સાંભળ્યું છે. એને મારા કહેવા પર વિશ્વાસ ના પણ બેસે તો શું કરવું?

જો દાદાજી એને સમજાવે કે ધાર્મિક તહેવારમાં આખો દિવસ આપણે ધાર્મિક ક્રિયામાં પસાર કરીએ છીએ, પણ ચાલુ દિવસે થોડો સમય જ ધાર્મિક ક્રિયાકાંડ કરીએ છીએ. એ રીતે જ પરીક્ષાના દિવસોમાં પણ આપણે એવી રીતે સમય ગોઠવવાનો કે વધારે સમય ભણવામાં ગાળી શકાય. દાદાજી સમજાવે તો અદ્વૈત સહજતાથી આ વાત સ્વીકારી શકશે. પણ દાદાજીને આ વાત કોણ ગળે ઉતારે? ડરતાં ડરતાં, અચકાતા સૂરે આયુષીએ દાદાને કહ્યું અને અચરજ તો જુઓ દાદાએ તરત વાત સ્વીકારી લીધી. દાદા શ્રદ્ધાળુ હતા, પણ અંધશ્રદ્ધાળુ નહિ. સમજદાર હતા હઠાગ્રહી નહીં. એમને આયુષીનું દૃષ્ટિબિંદુ સમજાયું અને તરત સ્વીકારી લીધું. આવા દાદાજી હોય ત્યાં જનરેશન ગેપ નથી નડતો.



ઘરમાં પ્રેમથી કામ લેવાય ધાકથી નહીં

'ચાલો બેટા, જમવા.' ડાઈનિંગ ટેબલ પાસે દીકરાવહુની રાહ જોઈને બેઠેલા વિદુલાબહેને કહ્યું.

દીકરાએ જોયું માએ થાળીઓ, વાટકી તૈયાર રાખ્યા છે. અમે બેસીએ એટલે તરત પીરસવા રાંધેલી વાનગીઓ ટેબલ પર મૂકી છે, અને પોતે ભૂખી રહીને દીકરાવહુની રાહ જોઈ રહી છે.' હકીકતમાં દીકરો નીરજ અને એની પત્ની નુતિ બહાર જમીને આવ્યાં હતાં.

તેઓ બહાર ફરવા ગયાં હતાં અને નુતિએ કહ્યું, 'આપણે હોટલમાં જમવા જઈએ ત્યારે નીરજે કહ્યું હતું, મમ્મી રાહ જોતી ભૂખી બેસી રહેશે. નુતિ આ સાંભળીને તરત બોલી હતી, અત્યાર સુધી રાહ ન જુએ, જમી લીધું હશે.'

નીરજ કંઈ બોલ્યો ન હતો અને તેઓ હોટલમાં જમીને મોડાં મોડાં ઘેર આવ્યાં. ઘરે આવીને જોયું તો મા રાહ જોઈને ભૂખી બેઠી હતી. માનો નિયમ છે કે ઘરમાં બધાંને જમાડીને જમે. રસ્તાના કૂતરાને પણ ખાવાનું પહેલા આપે પછી પોતે જમે.

નીરજ-નુતિ ઘેર આવ્યાં ત્યારે વિદુલાબહેન રાહ જોતાં બેસી રહ્યાં હતાં. આ જોઈને નીરજને પોતાની પર ગુસ્સો આવ્યો કે ભૂખી રહીને રાહ જોતી માને પોતે કેવી રીતે કહે કે અમે જમીને આવ્યાં છીએ. આવું સાંભળીને માને કેટલું દુઃખ થાય? તેથી એ બોલ્યો, 'હા, મમ્મી તું થાળી પીરસ. હું હાથ ધોઈને આવું છું.'

આ સાંભળીને નુતિ બોલી, 'નીરજ, તું તો મારી સાથે હોટેલમાં જમ્યો છેને!'

'હા, પણ પૂરું નથી જમ્યો. ઘરનું ખાધા વગર મને સંતોષ ના થાય.'

વિદુલાબહેન અતિશય લાગણીશીલ હતાં પણ ભોટ ન હતાં. એમનામાં બુદ્ધિ અને પૂરેપૂરી સમજ હતાં. તેઓને ખ્યાલ આવી ગયો કે નીરજે માનું મન રાખવા, માન સાચવવા થાળી પીરસવાનું કહ્યું છે.

દીકરો ભોંઠો ના પડે માટે એક પણ પ્રશ્ન પૂછ્યા વગર વિદુલાબહેને ચૂપચાપ થાળી પીરસી. દીકરો આવીને ખુરશી પર બેઠો. એટલે વાત્સલ્યભર્યા સૂરે ધીમેથી કહ્યું, 'બેટા, તું જમીને આવ્યો હોય તો ના જમીશ.' દીકરો જોઈ રહ્યો. મા કેટલી ઉદાર અને ક્ષમાશીલ છે. મા અમારી ચિંતા કરે છે પણ એને શું મળે છે? અમે કેવી બેજવાબદારીથી વર્ત્યા? જાણે અમને માની કદર જ નથી. એ મા છે તો ભલેને ભૂખી બેસી રહે, એની પરવા કરવાની અમારે જરૂર નથી. મા એના વાત્સલ્યની કેટલી મોટી કિંમત ચૂકવે છે. મૂંઝાયેલા નીરજે પોતાની જાત પરની અકળામણ મા પર કાઢી.

નીરજ બોલ્યો, 'મમ્મી, તને કેટલીવાર કહ્યું છે કે અમારી જમવા માટે રાહ ના જોવી. તારે તારા નક્કી સમયે જમી લેવું જોઈએ. આ ઉંમરે તું મોડી જમે ને માંદી પડે પણ તું સાંભળતી જ નથી.'

વિદુલાબહેને કહ્યું, 'મેં તને કંઈ કહ્યું? કોઈ ઠપકો આપ્યો?'

'તેં કંઈ કહ્યું નથી તેથી જ દુઃખ થાય છે? મમ્મી, તું કેમ તારો પ્રભાવ પાડતી નથી?'

'કોની પર પ્રભાવ પાડું દીકરા? અને પ્રભાવ પાડનાર હું કોણ?'

'મમ્મી, તું આ ઘરની વડીલ છે. તારે અમારી પર પ્રભાવ પાડવાનો. લોકોના ઘરમાં તો વડીલોની કેવી ધાક હોય છે!'

હું તારી મા અને તમારાથી વયમાં હું મોટી તેથી વડીલ ખરી. હું મા એટલે મારું કહેવું ઘરનાં સાંભળે એ પ્રમાણે કરે એવી આપણી ભારતીય સંસ્કૃતિની પ્રથા છે પણ દીકરા મને પરાણે મારું ધાર્યું તમારી પાસે કરાવવું ના ગમે, એવું કરાવવાનો અર્થ શું?

'ઘરમાં શિસ્ત જળવાઈ રહે, વ્યવસ્થા સચવાય.'

વિદુલા હસીને બોલી, 'શિસ્ત જળવાય એ સારી વાત છે પણ એ બહારથી ના લદાય, ધાકથી શિસ્તનું પાલન ના થાય. વ્યક્તિને એના અંદરથી ઊગવું જોઈએ કે એણે ઘરનાં બીજા સભ્યોનો પ્રેમથી ખ્યાલ રાખવાનો છે. એના એકના લીધે બીજા તકલીફમાં ના મુકાય એ જોવાની એની ફરજ છે.' પણ બીજાને ફરજની એવી સભાનતા ના હોય તો ઘરના વડીલે કરાવવી જોઈએ?

'બેટા તું શું કરવા અધીરો થાય છે?'

બીજામાં ધીરે ધીરે સભાનતા આવી જશે. બેટા તું ચિંતા કરવાની ટેવ છોડી દે. 'મમ્મી, આ ચિંતા કરવાની ટેવ તો તારા તરફથી વારસામાં મળી છે. તું અમારા બધાની કેટલી ચિંતા કરે છે. આણે ખાધું કે નહિ, કેમ ઓછું ખાધું, બીજું કંઈ ખાવું છે, તબિયત સારી નથી, ખાવાનું બરાબર નથી થયું. ઓહો, મમ્મી તું કેટલી બધી ચિંતા કરે છે, અત્યારે ય એટલે જ તું ભૂખી બેઠી છે ને!'

'આને ચિંતા ના કહેવાય, કાળજી કહેવાય. હું ઘરની વડીલ છું. મારે બધાનું ધ્યાન રાખવું જોઈએ.'

'તને એક વાત કહું, મમ્મી તું ભલે આને પ્રેમભરી કાળજી કહે, પણ બીજાને માથાકૂટ લાગે, પંચાત લાગે. એને આવી પૂછપરછ ના ગમે. તારી પૂછપરછ એને એની સ્વતંત્રતા પર તરાપ લાગે, માટે તું નવો જમાનો ઓળખ, નવી રીતે જીવતા શીખ, તો જ સાથે રહેવાય.' નીરજે કહ્યું. પોતાની સ્નેહાળ માને આવી કટુ વાત કહેતા એને દુઃખ તો થતું હતું પણ એણે નુતિનો સ્વભાવ જાણી લીધો હતો. એણે જોયું હતું કે સ્વકેન્દ્રી નુતિ સાસુનો સ્નેહ સમજી શકતી નથી. એનામાં એવી સંવેદનશીલતા જ નથી, કોઈ વાર એના હાથે પોતાની મમતામયી માનું અપમાન થાય, દિલ દુખાય એના કરતાં માને સ્પષ્ટ શબ્દોમાં ચેતવી દેવી જોઈએ એમ માનીને નીરજે માને કડવી વાસ્તવિકતા કહી. એના દિલમાં દુઃખ હતું પણ જીભે રુક્ષતા હતી.

તે દિવસથી વિદુલાબહેન ચૂપ થઈ ગયો છે, તદ્દન ચૂપ. કંઈ પૂછતા નથી, કહેતાં નથી. એ ચૂપચાપ કામ કર્યે જાય છે. મમ્મીને સાવ થીજી ગયેલ જોઈને નીરજનો જીવ બળવા માંડ્યો. એણે પૂછ્યું, 'મમ્મી, તું ચિડાયેલી છે?'

'ના.'

'તો બોલતી કેમ નથી?'

'થાક લાગે છે.' કંટાળાભર્યા અવાજે વિદુલાબહેન બોલ્યાં.

'થાક લાગે જ ને, વિના કારણે બધાની ચિંતા કર્યા કરે છે. મમ્મી, તું ટૅન્શન છોડી દે. રસોડાની જંજાળ છોડી દે અને નિરાંતે જીવ.'

'હું રસોડામાં ના પેસું તો અવ્યવસ્થા સર્જાય અને આળસુની જેમ બેસી રહીને શું કરવાનું? કામ કરવું મને ગમે છે.'

'તું નોકરની જેમ કામ ખેંચે રાખે છે. તારી આ સાદાઈ અને નમ્રતાને લીધે તારો પ્રભાવ નથી પડતો. તું બીજાની પર હુકમ ચલાવીને કામ લે. તારી સત્તા ચલાવ તો તારો રુઆબ પડે.

બીજા ડરે.'

'બેટા, બીજાને ડરાવીને કામ કરાવવાનું મને ના ગમે. આ ઘર છે, ઘરમાં પ્રેમથી કામ લેવાય, ધાકથી નહિ. હવે તું મારા કામમાં વચ્ચે ના આવીશ.'

નીરજને આવી ઉદાર મા પર અઢળક હેત ઊભરાઈ આવ્યું.



વડીલોને જ્ઞાન અને અનુભવોનો હવે શું ખપ નથી?

શાલ્વિન ખૂબ રસથી એની દાદી પાસે વાર્તા સાંભળી રહ્યો હતો. ત્યાં એની મમ્મી સૌદામિનીનો ઘાંટો સંભળાયો : 'ચાલ વાંચવા બેસી જા. માથે પરીક્ષા તોળાઈ રહી છે તો ય બિચારાને ભાન નથી પડતું. આ વાર્તાઓ પરીક્ષામાં ખપ નહિ લાગે.'

દાદી ભાવવાહી અવાજ અને અભિનય સાથે પૌત્ર શાલ્વિનને રાણા પ્રતાપની વાત કહી રહ્યાં હતાં અને શાલ્વિન તલ્લીનતાથી સાંભળી રહ્યો હતો. શાલ્વિન દાદી પાસે રોજ વાર્તા સાંભળતો. ક્યારેક ઈતિહાસની વાર્તા, ક્યારેક કોઈ વૈજ્ઞાનિક કે સાધુસંતની વાર્તા તો ક્યારેક હનુમાન-ભીમભાઈની તો ક્યારેક બિરબલ કે મિયાં ફૂસકીની તો ક્યારેક ચતુર કાગડાની કે લુચ્ચા શિયાળની કે ચકાચકીની. ક્યારેક પંચતંત્રની તો ક્યારેક ઈસપની વાર્તાઓ ખૂબ રોચક ઢબથી દાદી કહેતાં.

યૌવનકાળમાં દાદી પ્રાથમિક નિશાળમાં ભણાવતાં હતાં. એમની પાસે વાર્તાઓનો ખજાનો હતો. દીકરો જ્યારે જે વાર્તા કહે તે વાર્તા તેઓ સંભળાવતાં. એકની એક વાર્તા શાલ્વિન કેટલીય વાર કહેવડાવતો અને દાદી જાણે પહેલી જ વાર એ વાર્તા કહેતાં હોય તેમ તદ્રૂપ થઈને કહેતાં. શાલ્વિનને વાર્તાના બધા સંવાદોય અક્ષરશઃ યાદ હોય તેથી દાદીની સાથે એય સંવાદો બોલતો. એનું સમગ્ર શરીર જાણે વાર્તામય થઈ ગયું હોય એમ એના હાવભાવ બદલાતા અને આખું શરીર અભિનય કરવા માંડતું.

સૌદામિની આ જોતી અને અકળાઈ ઊઠતી. એને સમજાતું નહીં કે એકની એક વાર્તા શાલ્વિનને આટલા રસથી સાંભળવી કેમ ગમે છે? દાદીય થાકતાં નથી. ગુસ્સાથી સૌદામિની બબડી : 'શાલ્વિન તો નાનો છે પણ દાદીય એની સાથે આઠ-દસ વર્ષના થઈ જાય છે. દીકરા સાથે રમે છે. ગીતો ગાય છે. વાર્તા કહે છે અને નાટકિયા સંવાદો બોલે છે. એમને તો ઠીક છે, કંઈ કામકાજ કરવું નહિ ને શાલ્વિન સાથે રમવું. એની જિંદગી પૂરી થવા આવી પણ શાલ્વિનને તો ભણીગણીને આગળ વધવાનું છે. એને આવા ચેનચાળામાં સમય બગાડવો ન પોસાય.'

સૌદામિનીના ચહેરા પર અણગમો તરી આવ્યો. દાદીએ આ જોયું એટલે સંયતસૂરમાં બોલ્યાં, 'સૌદામિની, આ વાર્તાઓ માત્ર મનોરંજન નથી પણ ગમ્મત સાથે જ્ઞાન છે. એમાં બોધ છે, સંસ્કાર છે, ચતુરાઈ છે, સેંકડો વર્ષની સંસ્કૃતિની સુગંધ છે. જે બાળકના લોહીમાં ભળી જાય અને એનું વ્યક્તિત્વ સમૃદ્ધ બને. આ તો જીવનશિક્ષણના પાઠ છે.'

ભવિષ્યમાં જીવનમાં ગમે તેવી કપરી કસોટીની પળ આવે ત્યારે આવી વાર્તાઓએ સીંચેલું સંસ્કારબળ એને ટટ્ટાર રાખે, ઘોર નિરાશાની ઘડીએ એને રસ્તો સુઝાડે. તકલીફોથી એ ઘેરાઈ ગયો હોય તોય હતાશામાં ન ઢસડાય, પણ પુરુષાર્થ કરીને સફળ બને.

સૌદામિની એકદમ તોછડાઈથી બોલી, 'કેવી વાહિયાત વાતો કરો છો તમે? વાર્તાઓ સાંભળવાથી એનું કલ્યાણ થવાનું છે? છોકરું વાર્તારસમાં ખેંચાઈ જાય અને તમને વળગતો

આવે છે પણ તમે તો વડીલ છો, કંઈક તો સમજો તમે શિક્ષિકા હતાં. લોકોનાં છોકરાંઓને જિંદગી આખી ભણાવ્યાં. હવે તમારા પૌત્રને તો મન દઈને ભણાવો, એને લેસન કરાવો, રિવીઝન કરાવો, પરીક્ષાની તૈયારી કરાવો અને વાર્તા કહેવાનું બંધ કરો.'

દાદી બોલ્યાં, 'સૌદામિની, આ છોકરો હજી તો ચોથા ધોરણમાં છે. એ સ્કૂલમાં એકાગ્ર ચિત્તે ભણે છે. તેને વર્ગમાં શિક્ષકે શિખવાડેલું બધું યાદ રહી જાય છે. તે નિયમિત રીતે લેસન કરે છે અને મારી પાસે ભણે છે. પણ આખો દિવસ ભણાવવાથી એને ભણવામાંથી જ રસ ઊડી જશે. ભણવાની સાથે રસભરી વાતો ય થાય તો એનું મગજ વધારે ચાલશે. એ તાજગીસભર રહેશે. આપણાથી આઠ-દસ પાઠમાં બાંધી ન દેવાય. પુસ્તકની વિગતો ગોખી કાઢી અને પરીક્ષા પાસ કરી નાખી એને કેળવણી ન કહેવાય. કેળવણી તો બાળકનો સર્વાંગી વિકાસ સાધે.'

'તો લોકો મૂરખા છે કે પરીક્ષાની આટલી બધી તૈયારી કરાવતા હશે? પોતાનું સંતાન પરીક્ષામાં પાસ થાય માટે મા-બાપ કેટલો ખરચ કરે છે, કેટલીક દોડાદોડ કરે છે એ તમે નથી જોતાં?'

'હું જોઉં છું, બધું હું જોઉં છું. પરીક્ષાનું મહત્ત્વ હું જાણું છું. પરીક્ષાનું મહત્ત્વ છે પણ એ આગળના ધોરણોમાં, નહિ કે અત્યારના સ્તરે. અત્યારથી જ દીકરાને પરીક્ષાનો ડર બતાવીને હાથમાં પાઠ્યપુસ્તક પકડાવી રાખીશું તો ભણવામાંથી જ મન ઊઠી જશે. અત્યારનાં વરસો તો એના ચારિત્રઘડતરનાં છે. એનામાં નીડરતા, સંવેદનશીલતા, વિચારશીલતા કેળવાય, આત્મશ્રદ્ધા દૃઢ થાય અને મહેનત કરવામાં એ પાછો ન પડે એવી પ્રેરણાત્મક વાતો કરવાની હોય. હું એને જે બધી વાર્તાઓ કહું છું એમાંથી એને પોતાના જીવનને સામર્થ્યવાન અને ઉદાત્ત બનાવવાની પ્રેરણા મળે છે. એનામાં સાહસવૃત્તિ ખીલે છે, ચતુરાઈ વધે છે, બુદ્ધિ તેજ બને છે.'

દાદી હજી આગળ કહેતાં હતાં, પણ એમની વાત અધવચ્ચેથી કાપી નાખતાં સૌદામિની બોલી, 'એ બધા ગુણોની વાતો પછી કરજો, પણ અત્યારે એને ભણાવો. એનો પાયો કાચો રહી જશે તો આગળ ઉપર એ કઈ લાઈનમાં જશે? અત્યારથી એને સ્કૂલના વિષયોમાં જ મહેનત કરવાની ટેવ પાડવાની છે. એ મોટી મોટી ડિગ્રીઓ લેશે તો જિંદગીમાં એને તક મળશે અને ખૂબ કમાઈ શકશે.

મારા શાલ્વિનને તો મોટો બંગલો બાંધવાનો છે અને વિમાનમાં ઊડવાનું છે. નહિ કે એના બાપની જેમ બે ઓરડીના ફ્લૅટમાં પડી રહેવાનું અને સ્કૂટર પર દોડવાનું છે.' સૌદામિની તુચ્છકારથી બોલી.

સૌદામિનિનો સ્વભાવ આવો જ છે. આવેશમાં આવીને એ બિનજરૂરી કડવી વાતો કહી કહીને આખું વાતાવરણ ડહોળી નાખતી. એ એટલી બધી અભિમાની હતી કે પોતે જે કહે છે એ જ સાચું છે એમ માનીને વિવેક ભૂલી જઈને સાસુનેય ગમે તે સંભળાવી દેતી.

શાલ્વિનના મોંએ હમણાં સૌદામિનીએ જે રીતે બે ઓરડીનો ફ્લૅટ અને સ્કૂટરનો ઉલ્લેખ કર્યો તેથી દાદી કકળી ઊઠ્યાં એ સાદાઈમાં માનતાં હતાં તેથી એમને પોતાની સામાન્ય સ્થિતિનો કોઈ અફસોસ ન હતો. એ ભૌતિકવાદના મોહમાં ફસાયાં ન હતાં. એ બાહ્ય સંપત્તિ કરતાં આંતરિક સંપત્તિને વધારે જરૂરી માનતાં. એમના દીકરાને એમણે એ રીતે જ કેળવ્યો હતો. પોતાનો પૌત્ર શાલ્વિનમાં માત્ર બુદ્ધિ જ નહીં પણ હૃદયમનના ગુણો ખીલે એ બાબતે જાગૃત હતાં.

સૌદામિનીની વાત સાંભળીને એમને થયું, બાળકને નાનપણથી જ ભૌતિકતાના પંથે દોડતો કરી દેવાનો! જ્ઞાન માટે નહિ પણ ખૂબ કમાવા ભણવાનું? માણસને કમાતાં શીખવાડે

એ જ શું સાચું શિક્ષણ? પણ માણસની ભીતરને ખાલીખમ રાખે એ ભણતર શું કામનું?

સૌદામિનીની ખૂબ ધન કમાવવાની આ લાલસા નાનકડા બાળકને ક્યાં લઈ જશે? આવી લાલસા એવા મનને ઈર્ષા અને અભિમાન જેવા નકારાત્મક ભાવોથી ભરી દેશે. આવી ગાંડી દોડમાં એની સદ્વૃત્તિઓ કરમાઈ જશે. જીવનના સાહજિક આનંદો એ ગુમાવી બેસશે.

ભૌતિક સંપત્તિ પાછળની દોડમાં જો એ પાછળ પડી જશે તો એનામાં નિરાશા અને લઘુતાગ્રંથિ આવી જશે. એની બુદ્ધિ કુંઠિત થઈ જશે અને એનો વિકાસ અટકી જશે.

દાદી ચિંતામાં પડી ગયાં કે સૌદામિનીને પોતાને જ ખ્યાલ નથી કે એ એના પોતાના હાથે જ પોતાના વહાલસોયા દીકરાનું અહિત કરી રહી છે. સાચું શિક્ષણ તો એ કહેવાય જે બાળકનું હીર બહાર લાવે. સૌદામિની પરીક્ષાને વધારે પડતું મહત્ત્વ નથી આપી રહી? દાદીને થયું કે પરીક્ષામાં મેળવેલી સફળતા બાળકની ક્ષમતા માપવાનો શું સાચો માપદંડ છે? પરીક્ષામાં મેળવેલા માર્ક્સ પરથી બાળકની બુદ્ધિનો સાચો આંક નીકળે? સમાજે ઊભાં કરેલાં પોલાં ધ્યેય અને માબાપાની મહત્ત્વાકાંક્ષા, સ્વપ્નાંઓ નાજુક નિર્દોષ બાળકના જીવનને છિન્નભિન્ન કરી નાખે છે, અકાળે એને પુખ્ત બનાવી દે છે. જીવનની હળવાશને હણી નાખે છે. ક્યારેક જિંદગી બાળક માટે બોજરૂપ બની જાય છે. એવી જિંદગીથી છૂટવા ક્યારેક એ અવિચારી માર્ગ લે છે. દાદી વિચારે છે કે સૌદામિનીને કહું કે ખૂબ બધી ડિગ્રીઓ ભેગી કરવાની ઘેલછા દીકરામાં જગાડતાં પહેલાં તું એક ક્ષણ થોભ અને વિચાર કર કે તું જે રસ્તે દીકરાને ચડાવવા ઈચ્છે છે ત્યાં જીવનને ઉન્નત કરતા ગુણોની મહેક છે? એકાંગી કેળવણી પામેલાં બાળકો મોટાં થઈને જીવન સાથે લયમાં નથી રહી શકતાં. અંદરથી તેઓ ખાલીખમ રહે છે. નાની અમથી મુશ્કેલી સામેય તેઓ લડી નથી શકતાં. તેમની જિંદગી રસકસ વગરની બની જાય છે. દાદી સૌદામિનીને ઘણું બધું કહેવા ઈચ્છે છે પણ તેઓ જાણે છે કે સૌદામિનીના સાંભળવાની ધીરજ નથી. શાંત રહીને વિચારવા જેટલો વિવેક નથી. તે તો વગર વિચારે આક્ષેપોની ઝંડી વરસાવશે અને કદાચ પછી પોતેય સંયમ ગુમાવીને ઘાંટા પાડીને બોલવા માંડશે તો વિસંવાદ મોટા ઝઘડાનું રૂપ લઈ બેસશે અને તો તો શાલ્વિન મૂંઝાઈ જાય. ઘાંટાઘાંટથી સાંભળીને શાલ્વિન દાદીને લપાઈને બેઠો છે અને તેથી જ કદાચ સૌદામિની સાચાખોટાનો વિવેક ભૂલીને દલીલો કરવા માંડી છે. શાલ્વિન દાદી તરફ ઢળે એ સૌદામિનીને મંજૂર નથી. તેથી જ એ વધારે ઉશ્કેરાય છે, ગુસ્સે થાય છે. પ્રાથમિક શાળાની શિક્ષિકા સાસુને સૌદામિની અતિ સામાન્ય ગણે છે. તેમના માટે એને જરાય માન-આદર નથી. તેમના શાણપણમાં એને વિશ્વાસ નથી.

દાદી આ વાત બરાબર જાણે છે. એમને થયું નાચતું, કૂદતું, ખીલતું બાળક એની મમ્મીનો ગુસ્સો જોઈને ભયથી કુંઠિત થઈ જાય, અને એની ઈશ્વરદત્ત શક્તિઓ અણવિકસિત રહી જાય. એના કરતાં હું ચૂપ થઈ જાઉં તો વાતાવરણ બગડતું અટકે. દલીલો કરીને સૌદામિનીનું પરિવર્તન નહીં કરી શકાય.

આમ વિચારીને દાદી શાંત થઈ ગયાં. કંઈ બોલતાં નથી પણ એમના મગજમાં તો પ્રશ્નોના ઘણ ઠોકાય છે. એમને થાય છે કે સૌદામિની મા તો બની છે પણ બાળકને કેવી રીતે કેળવવું એ જાણતી નથી. બાળક તો ઈશ્વરનું આપેલું અમૂલ્ય વરદાન છે. એનો શતદલની જેમ સર્વાંગી વિકાસ થાય એ જોવાની માબાપની ફરજ છે. એ ફરજ ઉત્તમ રીતે બજાવી શકાય માટે સૌદામિનીને કેળવવાની મારી ફરજ નથી? સૌદામિની મને મમ્મી કહે છે અને હું એની વડીલ છું તો જ્યાં એ ભૂલ કરતી હોય ત્યાં એને ચેતવવાની મારી ફરજ નથી? પણ એ ફરજ બજાવતાં ઘરમાં હોળી થઈ જાય એનું શું?

આમ ડરનાં માર્યાં દાદી ચૂપ રહે છે, પણ દીકરાને તો એ વાત કહે જ છે. ત્યારે દીકરો

કહે છે, ‘મમ્મી, હવે તું વાનપ્રસ્થાશ્રયી કહેવાય. ઘરની કે શાલ્વિનના ઉછેરની બાબતમાં એક્ટીવ ઈન્ટરેસ્ટ લેવાનું છોડી દે.’

શું હવે સુજ્ઞ વડીલોએ ચૂપ જ રહેવાનું છે. એમનો કાર્યકાળ પૂરો થયો? ભલે તેઓ લાંબું જીવે પણ હવે ઘરમાં એમનો ખપ નથી?



સંતાનને પોતાનો વ્યવસાય પસન્દ કરવા દો

આ વરસે અનુનય ગ્રૅજ્યુએટ થયો. કનુભાઈને હતું એમનો દીકરો હવે એમના ધંધામાં જોડાશે. એમણે હરખાતા હૈયે એમનાં પત્ની પ્રભાબહેનને કહ્યું, 'શુભ મુહૂર્ત જોવડાવો એટલે દીકરાનો રાજ્યાભિષેક કરીએ. એ ધંધો સંભાળી લે અને ધીરે ધીરે હું નિવૃત્ત થઈ જાઉં.'

પ્રભાબહેન બોલ્યાં, 'હા, પછી આપણે નિરાંતે જીવીએ અને મનગમતી પ્રવૃત્તિઓ કરીએ. હું ય એના લગ્ન થાય પછી ઘર એની વહુને સોંપીને હળવી થઈ જાઉં. હુંય નિવૃત્તિ ઝંખું છું.'

માબાપની વાતો સાંભળીને અનુનયને સહેજ ધક્કો લાગ્યો. એ એના માબાપની ઉત્સાહપ્રેરક વાતોમાં હેતથી સૂર પુરાવવાના બદલે સંકોચ સાથે બોલ્યો, 'મમ્મી-પપ્પા, મને સમજાતું નથી કે કેવી રીતે હું મારી વાત તમને કહું પણ તમે માફ કરી દેજો. હું પપ્પાના વ્યવસાયમાં જોડાવાની ઈચ્છા નથી રાખતો. મારે હજી આગળ ભણવું છે અને મારી કેડી સ્વયં કંડારવી છે. પપ્પા, થોડા મહિનાથી અવારનવાર તમે બોલતા હતા કે હવે તો દીકરો મારો ઑફિસે આવતો થશે ને હું છૂટો. ત્યારે મને ધ્રાસ્કો પડતો હતો કે જ્યારે તમે મારી ઈચ્છા જાણશો ત્યારે તમને કેટલું દુઃખ થશે. મારું મનોમંથન ચાલ્યા જ કરતું, હું વલોવાયા કરતો કે હું શું કરું, પણ કોને ખબર કેમ તમારા વ્યવસાયમાં જોડાવાની મને ઊલટ જાગતી જ નથી.'

દીકરાની વાત સાંભળીને કનુભાઈ એક ક્ષણ તો હબક ખાઈ ગયા. અનુનય એમનો એકનો એક દીકરો – એ જો એમનો વ્યવસાય ના સંભાળે તો વરસો સુધી કરેલી પોતાની મહેનતનું શું?

પણ અનુનયે જે મક્કમતાથી એની વાત કરી એ પરથી કનુભાઈને લાગ્યું કે અનુનય એનો વિચાર ફેરવશે નહીં.

અનુનય નાનો હતો ત્યારથી એના નિર્ણયો એને લેવાની સ્વતંત્રતા આપી હતી. ક્યારેક એ ખોટો નિર્ણય લેતો હોય ત્યારે પ્રભાબહેન એને સલાહસૂચન આપવાનું કહે, પણ કનુભાઈ કહેતા આજે ભલે એ ખોટો નિર્ણય લે, ભૂલ કરે તે કરવા દે. ભૂલમાંથી જ એ શીખશે. આમ કનુભાઈએ કદી દીકરાને માર્ગદર્શન પણ આપ્યું નથી.

પણ આજે દીકરો નહીં ધારેલી વાત કરી રહ્યો છે. કનુભાઈ કંઈ ના બોલી શક્યા અને બાપદીકરાની વાત ત્યાં જ અટકી પડી. પણ વાત અટકી એટલે શું પ્રશ્ન પતી ગયો? એમની મૂંઝવણ ટળી ગઈ?

કનુભાઈ વિચારે છે, કારકિર્દી તો સમસ્ત જિંદગીને સ્પર્શતો નિર્ણય છે. કઈ કારકિર્દી પસંદ કરવી એનો નિર્ણય તો દીકરાએ જ કરવાનો હોય. મનપસંદ કારકિર્દી એ પસંદ કરે તો જ એની બધી શક્તિ, એનું બધું સત્ત્વ એ કામે લગાડી શકે અને એનું નામ ઝળકી ઊઠે. એને પોતાનું જીવન સાર્થક થયું લાગે. માટે મારે તો એના નિર્ણયને આશીર્વાદ સાથે સહકાર

આપવાનો હોય. એક બાપ તરીકે મારી આ ફરજ છે.

તો પછી મારા વિસ્તારેલા આ બિઝનેસનું શું? જ્યારે જ્યારે હું એક ડગલું આગળ વધ્યો છું, અને કંઈ હાંસલ કર્યું છે ત્યારે મારા હૈયે કેટલો હર્ષ રહેતો હતો કે આ જમાવેલો ધંધો મારા દીકરાને સોંપીશ, મારો દીકરો ભણી રહેશે અને બીજી જ ક્ષણે એ મારકીટમાં પ્રવેશશે અને એ મોટો શેઠસાહેબ બનશે. લાખો-કરોડોની એ ઊથલપાથલ કરશે. કેવું સોનેરી સ્વપ્ન હું જોતો હતો! કેટલી અધિરાઈથી હું રાહ જોતો હતો કે ક્યારે દીકરાને મારા આસન પર બેસાડીને રાજતિલક કરું, ત્યારે દીકરો તો વ્યવસાયમાં પગ મૂકવાની જ ના પાડે છે. મારા વ્યવસાયનું એને કોઈ આકર્ષણ નથી.

કેટકેટલી આશા હૈયે ધરીને મેં કારોબાર જમાવ્યો અને દીકરો એને અડશે જ નહીં! એની પર નજરે નહીં નાખે? જિંદગીભરના મારા પુરુષાર્થનું ફળ દીકરો ભોગવે એ માટે હું કેટલો આતુર છું ને દીકરાને કંઈ પડી નથી, એને મારી લાગણીઓનું કોઈ મૂલ્ય નથી... અને કનુભાઈને ત્રીસ વરસ પહેલાંનો એ સમય યાદ આવી ગયો. ત્યારે કનુભાઈના પિતાને આવો જ પ્રશ્ન થયો હતો. કનુભાઈને ચિત્રકાર થવું હતું. મૅટ્રિક પાસ થયા પછી એમણે એમના પિતાને કહ્યું હતું, ‘મારે ચિત્રકાર થવું છે, હું જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં દાખલ થવા ઈચ્છું છું.’

એમના પિતા તાડૂક્યા હતા, ‘ચિતરડા શીખવા કૉલેજમાં જવાનું? તારે ક્યાંય ભટકવા નથી જવાનું. એવા ચાળે ચડીશ તો ભીખ માંગીશ.’

‘પપ્પા, ચિત્રકારો ભીખ નથી માંગતા, પણ ધન કમાય છે, યશ કમાય છે અને દૂર દૂર સુધી એમનું નામ થાય છે.’

‘નામ થતું હશે બેચાર જણનું, બાકી બીજા તો એય ફાંફાં મારે છે, નિસાસા નાંખતા અહીંતહીં હવાતિયાં મારે છે. આપણે એવા રવાડે નથી ચડવાનું, કાલથી તું આપણી ઑફિસમાં આવવા માંડ. મારા હાથ નીચે તું તૈયાર થઈ જાય તો મારે શાંતિ.’

કનુભાઈને પિતાની વાત જરાય ના રુચિ. પણ પિતાની વાતનો વિરોધે ના કરી શક્યો. પિતાનું કહેવું અવગણીને એમની લાગણી દૂભવવા એ નહોતા માંગતા. એમના પિતા ખૂબ લાગણીવાળા તો હતા જ પણ સાથે સાથે એ શિસ્તના માનનાર હતા. એમનું માનસ પરંપરાગત પિતાનું માનસ હતું. એ માનતા હતા કે દીકરાએ એમની ઈચ્છાનું એક આજ્ઞા માનીને પાલન કરવું જોઈએ. દીકરો જો એમનો બોલ ઉથાપે તો એ બેબાકળા, બાવરા બની જાય, એ દુઃખી દુઃખી થઈ જાય અને કનુભાઈ પિતાને દુઃખી કરવા નહોતા માંગતા. તેથી છાતી પર પથ્થર રાખી, પોતાના અરમાનોને ટૂંપો દઈને એ એમના પિતાના વ્યવસાયમાં જોડાઈ ગયા હતા!

ત્યાર પછી પ્રગટ રીતે પોતાની મહેચ્છા, મહત્ત્વાકાંક્ષા વિશે એમણે એક શબ્દય ના ઉચ્ચાર્યો. પણ એમની ભીતર કશુંક થીજી ગયું. મહિનાઓ સુધી એ ઉદાસ રહ્યા પણ કર્તવ્યમાં ક્યાંય ચૂક આવવા દીધી ન હતી.

એ જમાનો આદર્શવાદનો હતો. બાપ ખાતર દીકરો પોતાની ખુશીઓનું બલિદાન દેતાં જરાય અચકાતો નહીં. પિતાની ઈચ્છા માથે ચડાવી રાજગાદી છોડીને વનવાસ સ્વીકારનાર દશરથપુત્ર રામ એ જમાનાનો આદર્શ દીકરો ગણાતો.

કનુભાઈ પણ આદર્શ દીકરા હતા. ચૂપચાપ એમણે પિતાની ઈચ્છા માથે ચડાવી અને પિતાના વ્યવસાયમાં જોડાઈ ગયા. ચિત્રકાર થવાની અદમ્ય ઈચ્છા છોડીને પિતાની ઑફિસમાં જવા માંડ્યું રંગોની દુનિયાથી દૂર પૈસા અને પ્રોડક્ટની દુનિયામાં આવી ગયા. તેઓ નફોતોટો ગણતા થઈ ગયા.

કનુભાઈ મહેનતુ અને સૂઝ-સમજવાળા હતા. ધંધામાં એમની પકડ આવતી ગઈ અને પિતા દીકરા પર વારી ગયા. દીકરા પર ખૂબ સંતોષથી પ્રશંસાનાં પુષ્પો વેરતાં ગયાં. પણ

કનુભાઈની ભીતરમાં એક ખટક તો રહી જ ગઈ કે મારે જીવવું હતું એ રીતે હું જીવી શક્યો નહીં.

કનુભાઈએ અમર ચિત્રકાર વાનગોગની જીવનકહાની વાંચી હતી. એમને થતું સાચા કલાકાર થવું હોય તો વાનગોગની જેમ પોતાનાં સુખચેન, પ્રાણપ્રતિષ્ઠા બધું હોડમાં મૂકવું જોઈએ. તો જ અદ્ભુત કલાનું સર્જન થાય. કનુભાઈ આગળ બીજું બધુ ગૌણ છે. હું પોતે જ નિર્બળ, પામર, કાયર કે મારાં સ્વપ્નાં સાકાર કરવા કોઈ હિંમત દાખવી શક્યો નહીં.

કનુભાઈ ક્યારેક વિચારતા કે નાનપણથી મારામાં અમુક આદર્શોનું સિંચન થયું હતું એ આદર્શોમાં હું અટવાઈ ગયો. મેં મારા પિતાને મારી વાત સમજાવવા કોઈ પ્રયત્ન ના કર્યો ને આજ્ઞાંકિત દીકરો બનવામાં મેં મારું સ્વત્વ ગુમાવી દીધું. મારે બનવું હતું એ હું બની શક્યો નહીં. એ વાત હું ભૂલી શકતો નથી.

આજે હું જીવું છું પણ કેવું? ભલે લોકો મને સફળ માને પણ મારી દૃષ્ટિએ હું ખરેખર સફળ છું? પિતાની દૃષ્ટિએ એમની કસોટીમાં હું પાસ છું. પણ એનો શું અર્થ? અને વરસો પછી… આજે ફરી એક વાર કનુભાઈની કહાની છે. એમનો દીકરો એમણે ખડા કરેલા વિશાળ બિઝનેસ સામ્રાજ્યમાં પગ મૂકવાની ના પાડી રહ્યો છે. ઘડીભર કનુભાઈ ખળભળી ઊઠયા. પણ બીજી જ પળે સ્વસ્થ થઈ ગયા. સ્નિગ્ધ ઉષ્માભર્યા અવાજે બોલ્યા, ‘દીકરા, તું જે લાઈન પસંદ કરીશ એ માટે મારા અઢળક આશીર્વાદ છે, કાયમ મેં તારું શુભ-મંગલ વાંછીને તારા રસ્તે તને જવા દીધો છે. આજે પણ તું કોઈ પણ દ્વિધા વગર મક્કમ પગલે આગળ વધ. હું ને તારી મમ્મી તને પૂરો સહકાર અને સાથ આપીશું.’

પિતાના સ્નેહે અનુનય ગળગળો થઈ ગયો. આર્દ્ર કંઠે એ બોલ્યો, ‘પપ્પા, તમારો લોહીપસીનો એક કરીને જમાવેલો તમારો આ કારોબાર… કેટલાં સ્વપ્નાં મારા માટે તમે જોયાં છે. એ બધું અવગણીને હું તમને કેટલો મોટો આઘાત આપી રહ્યો છું.’

‘ના, બેટા, ના. તું મને આઘાત નથી આપી રહ્યો. આ કારોબાર મારો છે. મારા પિતાને સંતોષ આપવા મેં પુરુષાર્થ કર્યો છે. આ બધાની તું ચિંતા ના કર.’

‘પપ્પા, દીકરા તરીકે મારું કર્તવ્ય હું ચૂકું છું અને એક વત્સલ પિતા તરીકે તમે એ લક્ષમાં લેતા જ નથી પણ તેથી કરીને…’

‘ઓ દીકરા, કોનું શું કર્તવ્ય એવી ચર્ચા છોડ. મારી એક વાત સાંભળ. તું મારો દીકરો છે ને હું તારો બાપ છું. પણ મારો, તારો અને આખા જગતનો જે પિતા છે, જે આપણો સર્જનહાર છે એ તને જે સુઝાડે એ તું કર. બેટા, તારા આત્માનો અવાજ સાંભળ અને એ પ્રમાણે કર તો જ તારું સમગ્ર અસ્તિત્વ શતદલની જેમ પૂર્ણરૂપે ખીલી ઊઠશે. તારા જીવનની ક્ષણેક્ષણ સુંદર, સુંદરતર, સુંદરતમ બનશે. તારું જીવન સાર્થક થઈ જશે, સાથે સાથે મારું અને તારી મમ્મીનું પણ…’

ભાવવિભોર થઈને અનુનય સાંભળી જ રહ્યો. સહેજ અટકીને કનુભાઈ બોલ્યા, ‘દીકરા, મનગમતા માર્ગને અનુસરતાં કોઈ ભૌતિક પ્રાપ્તિ થાય કે ન થાય, ધન મળે કે ના મળે તો પણ જીવનમાં તને કોઈ ઊણપ નહિ વરતાય. ઉદાસીનતા તારી આસપાસ પણ નહીં ફરકે. જીવનમાં આનંદ જ આનંદ હશે. માટે જરાય હિચકિચાટ વગર તારું હૈયું દોરે એ વ્યવસાય તું કર.’



સમૃદ્ધિને વધારાવા તૈયાર થાઓ વૃદ્ધત્વને કહો Stop

પ્રિયય યંગ ફ્રેન્ડ્ઝ,

આ આખું પ્રકરણ તમને ઉદ્દેશીને લખ્યું છે. કેમ? આ પુસ્તક તો વરિષ્ઠ નાગરિકો માટે છે તો તમારા માટે કેમ આ આખું પ્રકરણ?

મિત્રો, અત્યારે તમે યુવાન છો, પણ ક્યારેક તો તમે ઉંમરની વૃદ્ધિના કારણે રોજિંદા વ્યવસાયમાંથી નિવૃત્ત થવાના, એના માટે અત્યારથી જ માનસિક રીતે તૈયારી કરી લો તો તમારી નિવૃત્તિને ખરા મનથી તમે સત્કારી શકશો.

વિશ્વની દરેક વ્યક્તિ કહે છે, 'આજીવન હું યંગ રહીશ, કદીય હું વૃદ્ધ નહીં થાઉં,' પ્રશ્ન થાય છે કે વૃદ્ધાવસ્થા શું એટલી બધી વસમી છે? મિત્રો, વૃદ્ધ થાઓ એટલે નિવૃત્તિ આવે એ સંસારનો સ્વાભાવિક ક્રમ છે પણ વૃદ્ધાવસ્થાને જીવનનો સંધ્યાકાળ ન સમજો પણ એક નવી સવાર સમજો. નિવૃત્તિ એ જીવનનો અંત નથી પણ સ્વતંત્રતાનો આનંદ છે.

મિત્રો તનથી યુવાન દેખાવું સહેલું છે, હેરસ્ટાઈ લેટેસ્ટ ફૅશનની હોય અને પહેરવેશ શૂઝ અને બેલ્ટ સ્ટાઈલીશ રીતે પહેરો તો બાહ્ય રીતે તો ચોક્કસ યુવાન દેખાશો, પણ સાચેસાચ યુવાની જાળવી રાખવી હોય તો મનથી યુવાન રહો. તનના ઘડપણ કરતાં મનનું ઘડપણ વધારે ખતરનાક છે. મનનું ઘડપણ માણસને નિરુત્સાહી અને નિરાશ બનાવી દે છે.

આપણી યુવાની જીવન પ્રત્યેના આપણા અભિગમ પર આધાર રાખે છે. એક વાત ખાસ યાદ રાખવાની કે વૃદ્ધાવસ્થા કોઈ રોગ નથી, વૃદ્ધત્વ તો કુદરતી પ્રક્રિયા છે, એ ટાળી શકાતી નથી પણ તમે પળેપળ જાગ્રત રહો, સાવચેત રહો તો એની ગતિ મંદ પડે છે. તમે જેવું વિચારશો તેવા થશો. વૃદ્ધ થવું કે યુવાન રહેવું એ તમારે નક્કી કરવાનું છે.

જેમ જેમ વય વધે, તેમ તેમ જીવન પ્રત્યેના આપણા અભિગમને પૂરી સમજ સાથે બદલતા રહેવું જોઈએ. ઉંમર વધવાની સાથે જો કોઈ શારીરિક મર્યાદા સર્જાય તો વાસ્તવવાદી બનીને સંપૂર્ણ મનથી એનો સ્વીકાર કરો. જીવનમાં જે કોઈ પરિવર્તન આવે તેને હકારાત્મક દૃષ્ટિથી જુઓ. નાનપણથી જ પૉઝિટિવ દૃષ્ટિ કેળવાવી જોઈએ. એ માટે સાત્ત્વિક સાહિત્ય વાંચો, સાહિત્ય માણસને સંસ્કારે છે, ઉન્નત કરે છે, વિસ્તૃત કરે છે.

જીવનમાં આપણે શું મેળવ્યું અને શું ગુમાવ્યું એના સરવાળા બાદબાકી કરવામાં સમય ક્યારેય વ્યતિત ન કરો. આપણે સમજવું જોઈએ કે આપણે શું ખાધું, પીધું, શું પહેર્યું, ઓઢ્યું એમાં જીવનની સાર્થકતા નથી. પરનિંદા કે આત્મપ્રશંસામાં મશગૂલ રહેવું એ જીવન નથી. ધનસંપત્તિનો સંચય કરવો એ જીવન નથી. પણ આપણે કમાયેલી ધનદોલતને પરોપકારમાં ખર્ચવામાં જીવનની સાર્થકતા છે.

વૃદ્ધાવસ્થામાં પોતાની જાતને સંકેલીને આંતરચેતના તરફ આપણું મોં વાળવાનું છે. સમાજને તમારા શાણપણ, પરિપક્વતાનો નિઃસ્વાર્થપણે લાભ આપો.

વૃદ્ધાવસ્થાને સૌંદર્યમંડિત બનાવવા માટે યુવાવસ્થાનું સ્વસ્થ રીતે આયોજન કરવું જોઈએ. કેટલીક વાર માણસ વૃદ્ધાવસ્થાએ પહોંચે ત્યારે નથી એની પાસે હોતું આંતરિક

આનંદનું મૂળ કે નથી હોતું બાહ્ય પરાવલંબન જેના વડે તે અનુકૂલન સાધી શકે. તે લાચાર અને અરક્ષિત હોય છે.

માટે મનને નાનપણથી કેળવો, મન મક્ક હોય અને જીવન વિશેની પાકી સમજણ હોય તો સહજ રીતે પૂર્ણપણે જીવન માણી શકે છે. આવા માણસની ગરિમા અનન્ય હોય છે.

દરેક આત્મા મૂળભૂત રીતે દિવ્ય છે. આ આંતરિક દિવ્યતાને મન પરના નિયંત્રણ દ્વારા, કર્મ દ્વારા પ્રગટ કરી શકાય. કર્મકાંડ ગૌણ વસ્તુ છે. મુખ્ય તો જીવનપ્રણાલિ સૌથી અગત્યની છે.

સંકલ્પ કરો કે (૧) હું લાંબું આયુષ્ય ભોગવીશ અને ગૌરવભર્યું વૃદ્ધત્વ હાંસલ કરીશ. વૃદ્ધાવસ્થા તો જીવનની ચરમસીમા છે. (૨) હું નિરોગી રહીશ, પ્રસન્ન રહીશ. સ્વનિર્ભર અને સ્વસ્થ રહીશ અને પ્રવૃત્તિ કરીશ. (૩) જીવનનું મૂળભૂત તત્ત્વ આનંદ છે. હું વિલાસમાં નહીં ઉલ્લાસમાં જીવીશ. હું સંઘર્ષ અને મુશ્કેલીની પળોમાંય ગભરાઈશ નહીં. નિરાશ નહીં થાઉં. હું જાણું છું કે સંઘર્ષ અને સંકટના સમયે પણ આપણે જાગ્રત રહીએ તો વિકાસ થાય જ છે. દરેક અવસ્થામાં સમસ્યાઓ તો હોય જ છે, દરેકના જીવનમાં નાની મોટી તકલીફો તો આવે જ છે, માટે આળસ ત્યજીને વિકાસ સાધીશ.

આપણું જીવન એક વિકાસયાત્રા છે, મનુષ્યનું સર્જન સ્વયં મનુષ્ય છે, એક સંપૂર્ણ મનુષ્ય. દેખાડો, દંભ, અભિમાન, અસંતોષ, સ્વાર્થ, વેરઝેર જેવી કલુષિત લાગણીઓને હૃદયમાં સ્થાન નહીં આપું.

આપણા પ્રાચીન ઋષિમુનિઓએ મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું કલ્પીને આયુષ્યના ચાર વ્યવસ્થિત ભાગ પાડ્યા છે. તેઓ કહે છે, મનુષ્ય પોતાની માનસિક તેમજ શારીરિક શક્તિથી, સભાન રહીને કુદરતના નિયમોનું પાલન કરે તો એ પૂરા સો વર્ષ જીવી શકે.

આપણે સૌ સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત રહેવા ઈચ્છીએ છીએ.

તો શું કરવું તંદુરસ્તી જાળવવા? તમે જ્યારે માંદા પડો ત્યારે તમારી માંદગી વિશે ઊંડાણથી વિચારો, કે તમને આ માંદગી કેમ થઈ? માંદગી દ્વારા તમારું શરીર તમને કંઈક કહી રહ્યું છે તે સાંભળો. માંદગીને માત્ર શરીરના સ્તરે ન જોતાં તેના મૂળને મનના કે લાગણીના કે સમજના સ્તરે તપાસો. માત્ર દવાથી સાજા નથી થવાતું. થોડાં વરસો પહેલાં લોકો ગુરુ કે મનોચિકિત્સક પાસે દોડતા હતા પણ અત્યારે સૌને સમજાયું છે કે આપણે જે જોઈએ છે એ આપણી પાસે આપણી અંદર જ છે. માટે યોગ, પ્રાણાયામ, રેકી અપનાવો. તમારા અંગત જીવનમાં પરિવર્તન લાવો. સતત ચિંતન કરો, પ્રયોગ કરો, સંશોધન કરો કે તમારા માટે શું યોગ્ય છે. બીમારીનું રૂપ જોઈને ગભરાઈ ન જાએ કે ચિંતા ન કરો.

ડૉક્ટરનું નિદાન બરાબર ન લાગે તો તમે જાતે જ વિચારપૂર્વક તમારી ચિકિત્સા નક્કી કરો. એલોપથી ટ્રીટમેન્ટ પૂરતી સક્ષમ ન લાગે તો આયુર્વેદિક, હોમિયોપથી, કુદરતી સારવાર પસંદ કરો. આપણું ધ્યેય જીવવાનું છે. જીવંત રહેવું એક કલા છે, સાધના છે.

મિત્રો, નિરાશ ન થાઓ. કદી વ્યસન ન કરો. પ્રેમાળ, સદાચારી મિત્રો બનાવો, ગુસ્સો ન કરો, નારાજ ન થાઓ, શોખ કેળવો, હસતા રહો, સંયમ અને સમતા રાખો.

પૌષ્ટિક આહાર લો. નિયમિતપણે ઊંઘો, આધ્યાત્મિકતા જાગે તેવા પુસ્તકોનું અધ્યયન કરો. સત્સંગ કરો. એક વાર આધ્યાત્મિક માર્ગ પર પગ મૂકો પછી એક પણ ક્ષણ સુસ્ત નહીં હોય. કશું સ્થગિત નહીં હોય. નિયમિત કસરત કરો.

ધનસંચય કરવો જીવન નથી. બૅન્ક બૅલેન્સ વધતું જાય ત્યારે મનનું બૅલેન્સ ન ખોરવાય તેની કાળજી લો. મન મનુષ્યના બંધન કે મોક્ષનું કારણ છે. મિત્રો, મન એટલું મક્કમ બનાવો કે કોઈપણ ઘટના તમારી માનસિક શાંતિ હણી ન શકે.

મિત્રો, તમે સકારાત્મક વિચારો, આવા વિચારો કરતી વખતે તેનું માનસિક ચિત્રણ, વિઝ્યુલાઇઝેશન કરવું આવશ્યક છે. પરિણામે આપણી ઈચ્છા મુજબનું આપણું વ્યક્તિત્વ ઘડાય છે.

જીવનમાં વૃદ્ધાવસ્થા કે માંદગી અણધારી નથી આવતી. વૃદ્ધાવસ્થા વ્યથા અને વલોપાતમાં જ વીતે નહીં તે માટે પહેલેથી આયોજન કરો. જેથી તમને લાચારી કે પરવશતા ન લાગે. કંટાળો ન આવે એ રીતે જીવો. તમે નસીબદાર છો, તમને લાંબું આયુષ્ય મળ્યું છે, ઊતરતી અવસ્થાને સુખ અને અહોભાવથી સજાવો અને જીવંત રહો.

સ્વાસ્થ્ય એ અણમોલ સંપત્તિ છે, એ ગુમાવાય નહીં એનો ખ્યાલ રાખજો. ભૂલથીય એ ગુમાવો તો તે આધ્યાત્મિક અને પ્રકૃતિના મારગે પરત મેળવજો. આનંદરહિત સગવડોમાં જીવન નથી. કોઈ આફત આવશે એની શંકા કરીને ચિંતા ન કરો, ઉદ્વેગમાં ન રહો, પણ આયોજન કરો. સકારાત્મક શુભમંગલ વિચારો આપણાં મનને અને શરીરને સ્વસ્થ રાખે છે. માટે તમારી તકલીફો અને નબળાઈઓને વાગોળ્યા કરવાના બદલે તમારામાં રહેલી વિશિષ્ટતાઓ અને આત્મવિશ્વાસને દૃઢ કરો તો જીવન વધારે સારું બનશે. સ્કીલ ડેવલપ કરો. આત્મવિશ્વાસ પર કરચલી ન પડવી જોઈએ. યુવાની ટકાવી રાખવા ઈચ્છતા હો તો નિરંતર વિકાસશીલ રહો.



સાવધાન, માબાપને ભૂલશો નહીં

વ ડીલજનોનાં સંતાનો,

આ સુંદર પૃથ્વી પરનું તમારું આગમન સંપૂર્ણપણે તમારાં માબાપને આભારી છે. તમારું પ્રફુલ્લિતપણે પાંગરવું, તમારો આ વિકાસ તમારાં માતાપિતાની આકરી તપશ્ચર્યાનું ફળ છે.

એટલા માટે આપણી ભારતીય સંસ્કૃતિમાં માતાપિતાને દેવતુલ્ય ગણવામાં આવે છે, અને તેમને પ્રણામ કરવામાં આવે છે. માટે જીવનમાં સુખી થવું હોય તો ક્ષણ માટે ય માતાપિતાની અવગણના ન કરશો.

કાયમ યાદ રાખો કે તમને જન્મ આપનાર માબાપ બિનુપયોગી જડ ફર્નિચર નથી કે એમને એક બંધિયાર રૂમમાં નાખી મુકાય કે કચરો નથી કે કચરાપેટીમાં નાખી દેવાય. કેટલાક બહેકી ગયેલા, અવિચારી, ગુમાની સંતાનો માબાપની ઉપેક્ષા કરે છે. તેઓ જાણતાં નથી કે એક દિવસ તેઓ વૃદ્ધ, અશક્ત થશે ત્યારે તેમનાં સંતાનો દ્વારા તેઓ પણ અપમાનિત થશે. માણસે બાળપણમાં જે જોયું હોય એ એના હૃદયમાં જડાઈ ગયું હોય છે.

જે માબાપે રાંકને રતન ગણીને ગળે વળગાડ્યું હોય, એ માંસના લોચા જેવા તદ્દન પરવશ (બાળકને) તમને અસીમ વાત્સલ્ય અને પ્રેમભરી કાળજીથી પ્રતિભાશાળી વ્યક્તિત્વમાં તમારું રૂપાંતર કર્યું હોય એ દેવતુલ્ય પૂજનીય માબાપને સદાય આદરમાનથી સાચવજો. એમનાં કરચલીવાળા, ખોડંગાતા વિકલાંગ શરીરથી શરમાશો નહીં. એ જીવતા જાગતા દેવને સ્નેહભર્યા આદરથી સાચવજો. એમની હાજરી તમારા સુશોભિત ઘરને વધારે રળિયામણું બનાવશે. એમનું સાંનિધ્ય હૂંફ અને એમના અનુભવો તમને માર્ગદર્શન આપશે, તમને સમૃદ્ધ બનાવશે. એમની શીખ ધ્યાનપૂર્વક સાંભળો. કેટલાક મગરૂબ સંતાનો અહંકારથી બોલે છે. અમે માબાપને રાખીએ છીએ, કેવી તુચ્છ અને હાસ્યાસ્પદ વાત! તમે કદી એવી ભૂલ ન કરશો. માબાપની આંખોની ચમક અને એમનો માનસિક જુસ્સો ક્ષીણ થતો લાગે ત્યારે પણ એમની અનુભવવાણી સાંભળો. એમની માનસિક પરિપક્વતા તમને જીવનસંઘર્ષ માટે તૈયાર કરશે. વાર્ધક્યની ગરિમા દિવ્ય અને ભવ્ય હોય છે.

વૃદ્ધાવસ્થામાં વડીલોનાં મન આળાં થઈ ગયાં હોય છે. વાતવાતમાં તેઓ ધીરજ ગુમાવી બેસે છે, તેઓને ગુસ્સો આવે છે, તેઓ નારાજ થઈને ઘાંટા પાડે ત્યારે તમે ઊંચા સાદે બોલશો નહીં પણ પ્રેમથી એમને સાંભળજો અને એમના કહ્યા મુજબ કરજો.

મિત્રો, તમારા વર્તનમાં સાહજિકતાની સાથે આદર હોવો જોઈએ. દંભ કે લૂખી અૌપચારિકતાથી દૂર રહેજો. તમારા મનમાં ય વેરઝેર કે કડવાશ ન રાખશો. માતાપિતાને કદી હાંસિયામાં ધકેલવા પ્રયત્ન ન કરશો. એમની ઈચ્છા પરિપૂર્ણ કરવા તત્પર રહેશો. એમની આશા-આકાંક્ષાની કદી અવગણના ન કરશો.



વૃદ્ધત્વને અમૃતમય બનાવીએ

આદરણીય વયોવૃદ્ધ માતાપિતા,

સાદર વંદન.

આપના દીર્ઘાયુષ્ય માટે હાર્દિક અભિનંદન. ભીતરતમમાંથી અપાયેલા મારા અભિનંદનથી આપ ખુશ થયાંને! આપણે જોઈએ છીએ કે કેટલાય નવલોહિયા યુવાનો ક્યારેક કોઈ જીવલેણ રોગથી, ક્યારેક ભયંકર કોઈ અકસ્માતમાં જીવ ગુમાવી દે છે, યુવાવસ્થામાં જ તેઓ મૃત્યુ પામે છે. વૃદ્ધાવસ્થાની નિરાંત તેઓ ભોગવી શકતા નથી. આપણને એમના માટે જીવ બળે છે, એમના આત્માને શાંતિ મળે માટે આપણે પ્રાર્થના કરીએ છીએ.

આપણને લાંબું આયુષ્ય આપનાર કુદરતનો, ઈશ્વરનો આભાર માનીએ છીએ.

આ ઢળતી ઉંમરે દિવસના ચોવીસે ચોવીસ કલાક તમારા હાથમાં છે. સંસારની ક્યારેક અણગમતી જવાબદારીઓ અને એના કારણે કરવી પડતી દોડધામમાંથી મુક્ત છો. હવે તમે મનને રુચે એવી પ્રવૃત્તિઓ કરી શકો છો અને પ્રસન્ન રહી શકો છો. સંજોગો બદલાયા છે. તમે તમને અનુકૂળ રીતે તમારી દિનચર્યા ગોઠવી શકો છો. તમારો અભિગમ સરળ અને સાદગીભર્યો, સ્વાવલંબી હશે તો તમે કોઈનાય ઓશિયાળા નહિ રહો. કોઈ તમને અપમાનિત નહીં કરી શકે. ગમે તેવી વિકટ પરિસ્થિતિ સર્જાય, સ્વજનોનો સાથ છૂટી જાય ત્યારે ય તમારી આત્મશ્રદ્ધાને આંચ ન આવવા દેશો. આશાવાદી બનજો. જીવનમાં ક્યારેક મૂંઝવતી પરિસ્થિતિ સર્જાય કે કોઈ સમસ્યા સર્જાય ત્યારે ય ગભરાશો નહિ. દરેક સમસ્યાનો ઉકેલ હોય છે જ. માટે કાયમ હકારાત્મક વિચારશો.

સંતાનો સાથે મતભેદ ઊભા થાય તો તેને મનભેદ સુધી ન પહોંચવા દેશો. સંતાનો એમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કે બીજા કોઈ કારણસર દૂર રહેવા માગતા હોય તો રાજીખુશીથી એમની સાથે સંમત થઈને અનેકાનેક શુભેચ્છાઓ સાથે વિદાય આપજો. સંતાનો પરિપક્વ ઉંમરના છે. એમની જિંદગીના નિર્ણયો લેવા એમને સ્વતંત્ર રાખજો. તમારા વિચારો કે આદર્શો, સિદ્ધાંતો કે સ્વપ્નાં એમની પર ઠોકી બેસાડવા પ્રયત્ન ન કરશો. તમારા મનમાં ગાંઠ પડવા ન દેશો. મનમાં ડંખ ન રાખશો કે ચિંતા કે અફસોસ ન રાખશો. તમારી ફિલૉસૉફી ચાલશે, ફાવશે, ગમશેની જ હોવી જોઈએ. તમે કોઈ અપેક્ષા ન રાખશો કે સંતાનોના ઓશિયાળા ન રહેશો. તમારું સ્વાસ્થ્ય જાળવશો.

તંદુરસ્તી સૌથી મોટી સંપત્તિ છે. વૃદ્ધાવસ્થામાં શરીર કથળતું જાય છે, રોગપ્રતિકારક શક્તિ ઘટતી જાય છે અને પરિણામે ગમે તે રોગના ભોગ બનવાનો ખતરો ઊભો થાય છે. માટે આહારની બાબતે સાવચેત રહો.

શુદ્ધ હવા, શુદ્ધ આહાર અને શુદ્ધ પાણી એ ત્રણ બાબતે સાવધાની રાખશો તો પૂરાં સો વર્ષ જિવાશે. લાગણીમાં તણાશો નહીં. મનનું સમતુલન જાળવજો, શ્રદ્ધા રાખજો.

મક્કમ મન અને ખુમારીથી જીવો. તમારી પ્રાકૃતિક મર્યાદા સમજીને વાતવાતમાં માઠું ન લગાડો. આગ્રહ કે જીદ ન કરો. તમે કઈ વાતને કેટલું મહત્ત્વ આપો છો તેની પર તમારા

સુખનો આધાર છે. ભૌતિક સંપત્તિની જરૂર છે પણ એના કરતાંય જીવનમાં હેતપ્રેમની વધારે જરૂર છે.

તમારું હૃદય અને શરીર જે કહે એ ધ્યાનથી સાંભળો. મૅનેજ યોર mind અને જીવનને વધુ સુંદર બનાવો. પુરુષાર્થ કરો અને પછી ઈશ્વરને સોંપી દો. શ્રદ્ધા જીવનનું બળ છે.

હળવી કસરત કરવાનું કદી ભૂલશો નહીં. માત્ર સપાટી પર ન જીવો, પણ તમારાં હૃદયમનની ગતિને તપાસતા રહો. આંખ, કાન, મન અને મગજનાં દ્વાર ખુલ્લાં રાખો. સદ્ભાવ રાખો, બોલવા-ચાલવામાં મીઠાશ રાખો. સરળતા અને નિખાલસતા જાળવો.

વૃદ્ધાવસ્થામાં યાદશક્તિ ઘટતી હોય તેવું લાગે છે. વ્યક્તિ કે સ્થળનાં નામ ઝટ યાદ ન આવે તો બહાવરા ન બનશો. ઉંમર થાય એમ અંગઉપાંગની કાર્યક્ષમતા અસર પામે એની ચિંતા નહીં કરવાની. તમારી જાતને વારંવાર કહો કે, હું સારી રીતે યાદ કરી શકું છું. આત્મવિશ્વાસને ડગવા ન દો. ધ્યાન, યોગ, પ્રાણાયામ, રેકીમાં મન પરોવો. સતર્ક રહો.

યુવાન સંતાનોનું વિશ્વ, એમના અગ્રતાક્રમ બદલાઈ ગયા છે. એમને સમજો અને એમને અનુકૂળ થવા પ્રયત્ન કરો. એમની પર બોજારૂપ ન થાઓ. તમારા નાનામોટા આગ્રહો છોડી દો. નકારાત્મકતાથી દૂર રહો.

સમાજને ઉપયોગી થાય એવી પ્રવૃત્તિ કરો. સમાજ સેવાનું પારાવાર કામ તમારી રાહ જોઈ રહ્યું છે, યથાશક્તિ તેને સહાયભુત થવા પ્રયત્ન કરો, અન્યને સુખી કરવાના ઉત્સાહમાં તમારા દુઃખો ભૂલી જશો અને અસીમ શાંતિનો અનુભવ કરશો. વર્તમાનમાં જીવો અને હાથમાં લીધેલી પ્રવૃત્તિ સાથે એકરૂપ થાઓ. તમારું નિરાગ્રહી મન અને નિરપેક્ષ હૃદય તમને તદ્દન નવી જિંદગીનો પરિચય કરાવશે.

હૃદયરોગ, ડાયાબિટીસ, ડિમેન્શિયા જેવા રોગ નહીં થાય. વૃદ્ધ વયની વ્યક્તિ પણ સંપૂર્ણ નિરોગી રહી શકે છે. જીવનશૈલી, જીવન પ્રત્યેનો અભિગમ અને સ્વસ્થ રહેવાની તમન્ના પર આધાર રાખે છે.

બહારની દુનિયામાં પગ સ્થિર કરવા આપણે આપણી સ્વાભાવિક સરળતા, સાહજિકતા, આનંદવૃત્તિ ગુમાવ્યા હતા એ પાછા મેળવવાના છે. બહારની દુનિયામાં ભલે દોડધામ ન થાય પણ હવે એ યાંત્રિક દોડધામને stop કહી દો અને ભીતર દૃષ્ટિવાળો આધ્યાત્મિક પ્રગતિ સાધો.

અનાસક્તિભાવ કેળવવા પરંતુ ઘરમાં કામમાં મદદરૂપ થવાનું ન ભૂલશો, કોઈ કામને નીચું છે કે મારે યોગ્ય નથી એમ ન વિચારો. પોતાના ઘરનું કામ ઉત્સાહથી કરો.

વડીલમિત્રો, તમારે તમારી કરકસરની વિભાવના થોડીક બદલવી પડશે. તમારી પાસે પૂરતી બચત હોય તો બચત પરના વ્યાજને સતત ગણતા રહેવાને બદલે એ વ્યાજને વાપરતાં અચકાશો નહીં.

તમે મોજથી જીવો પણ જીવો ત્યાં સુધી મનથી યુવાન રહો.



ગેટ **happy** નાઉ

આદરણીય સિનિયર મિત્રો,

નમસ્કાર.

આપણે સૌ જાણીએ છીએ કે ઉંમરનો વધારો વાર્ધક્ય-વૃદ્ધાવસ્થા કહેવાય. યૌવનાવસ્થા પછી વૃદ્ધાવસ્થા આવે. કોઈ વૃદ્ધાવસ્થા ઈચ્છતું નથી.

થોડા દસકાઓ પહેલાં માણસ એના આયુષ્યનાં પચાસ વર્ષ પૂરાં કરે અને એકાવનમા વર્ષમાં પ્રવેશ કરે એટલે એ માણસે વનમાં પ્રવેશ કર્યો એમ ચિંતાતુર અવાજે કહેવાતું, વનપ્રવેશ એટલે મૃત્યુની નજીક પહોંચવું એવું સમજાતું હતું પણ આજે એવી ભીતિ સેવાતી નથી. ડૉક્ટરો કહે છે કે શરીરમાં ડીજનરેટીવ પ્રક્રિયાને કારણે વૃદ્ધાવસ્થા આવે છે. વૃદ્ધાવસ્થા કોઈ રોગ નથી. એ તો શરીરમાં આવતું સ્વાભાવિક પરિવર્તન છે. માણસે એને સાહજિકતાથી સ્વીકારવું જોઈએ. હા, તમે ધારો તો ડીજનરેટીવ પ્રક્રિયાની ગતિ મંદ પાડી શકો.

આજે તો સામાન્ય સ્તરનો માણસ પણ એના શરીર, રોગ અને સારવાર વિશે જાણે છે. તે પોતાના શરીર અને વૃદ્ધાવસ્થા વિશે જાગૃત છે. તે અનેકવિધ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરે છે અને જીવંત રહે છે. પોતાના વાર્ધક્યને ભવ્ય, દિવ્ય, ગૌરવવંતુ અને ઝળહળતું બનાવે છે.

વૃદ્ધાવસ્થા એટલે નિવૃત્તિનો કાળ પણ જિંદગીની આ અવસ્થા તકલીફો અને સમસ્યાથી મુક્ત નથી. ક્યારેક જીવનનો લય ખોરવાઈ જાય છે, શરીર પરની કરચલીઓ અને અંગઉપાંગની કાર્યક્ષમતા ઘટતી જોઈને મન અશાંત થઈ જાય છે.

પરંતુ બાહ્ય પરિવર્તનની સાથે સાથે અનુભવસમૃદ્ધિ અને માનસિક પરિપક્વતા વધે છે તેની પર પણ ધ્યાન આપો. જ્યારે તમે પરિપક્વ બુદ્ધિથી વિચારશો ત્યારે મનમાં ક્રોધ, અકળામણ કે ઈર્ષા જેવા નકારાત્મક ભાવો નહીં જાગે.

મનની પ્રસન્નતા જાળવવા માટે શરીર અને મનમાં આવતા પરિવર્તનને સમતોલ દૃષ્ટિથી જુઓ. દરેકના માટે મૈત્રીભાવ કેળવો, મૈત્રીભાવ કેળવાશે તો હૃદયમાં શાંતિ અનુભવાશે. અધિરાઈ, સ્વાર્થ, મમત્વ, જીદ અને ઈર્ષા નષ્ટ થશે.

ચિંતકો કહે છે યુવાનીને ઉંમર સાથે સંબંધ નથી. મનથી યુવાન રહેવા મનગમતી પ્રવૃત્તિમાં સતત જોડાયેલા રહો. ચિત્તની પ્રસન્નતાને નષ્ટ ન થવા દો.

કોઈ રોગ થાય તો ડૉક્ટરને પૂછ્યા વિના દવા ન લો. કુદરતી કે ઘરગથ્થુ ઉપચાર કરો.

તમારી શક્તિઓને વ્યર્થ ઉશ્કેરાટમાં વેડફી ન મારો. ધાર્યું ન થાય તો ય સમતા રાખો, ધીરજ રાખો. ફરીવાર પ્રયત્ન કરો. મૌન અને શાંતિમાં ઘણું બળ રહ્યું છે. વ્યર્થ પ્રલાપો કરવામાં કે ભૂતકાળ વાગોળવામાં શક્તિ અને સમય ન વેડફો.

શતાયુ થવા માટે એલોપથી, હોમિયોપથી, આયુર્વેદિક, યુનાની દવાઓ ડૉક્ટરને પૂછીને લો. નિસર્ગોપચાર, એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, સૂર્યકિરણ ચિકિત્સા, શિવામ્બુ ચિકિત્સા, મેગ્નેટ થેરાપી, જલોપચાર, યોગ, પ્રાણાયામ, જે માફક આવે એ સારવાર અપનાવો.

નિસર્ગવાદ માને છે કે દુનિયા નિયમથી ચાલે છે. સાજા રહેવું કે માંદા થવું એ માણસના હાથમાં છે. માણસ પોતાના મનની સંભાળ રાખે તો શરીર આપોઆપ સાજું – રોગમુક્ત રહે. કેટલાય રોગોનું ઉદ્ભવસ્થાન મન હોય છે, માટે અંતરમન અને બાહ્યમન વચ્ચે સંઘર્ષ ન થવા દો. તમારી ચિંતા આંતરમનને સોંપી દો. એ બધો ઉકેલ શોધી કાઢશે.

કસરત કરો અને સુપાચ્ય આહાર લો. જીભના સ્વાદ માટે નહીં પણ શરીરના પોષણ માટે હળવો પૌષ્ટિક આહાર લો. તીખાં તમતમતાં સ્વાદિષ્ટ ફરસાણો અને ઘીથી લથબદ મિષ્ટાન ન લો. પાછલી ઉંમરમાં મેદસ્વી શરીર તકલીફરૂપ થાય છે. જો કે ખોરાકનું પ્રમાણ વગર સમજે ઘટાડી નાંખવું કે ભૂખ્યા રહેવાની જરૂર નથી. ખોરાકની જેમ જ ઊંઘ પણ શરીર માટે જરૂરી છે. યોગ્ય પ્રમાણમાં પાણી લેવું ય જરૂરી છે.

શારીરિક રીતે સક્રિય રહેવાથી સ્નાયુ મજબૂત બને છે અને હૃદયની સ્વસ્થતા જળવાઈ રહે છે. હાડકાનાં રોગ નથી થતા. મનને પ્રસન્ન રાખવા સમાન રસરુચિવાળા મિત્રો બનાવો. આપણાં મન, બુદ્ધિ, આત્મા કદી વૃદ્ધ નથી થતાં. દીવો જૂનો થઈ શકે પણ એની જ્યોત કદી જૂની નથી થતી.

મિત્રભાવે કેટલાંક પ્રેમભર્યાં સૂચનો

(૧) તમારી મિલકતનું વીલ બનાવો. તમારી મિલકત અલ્પ પ્રમાણમાં હોય તો ય તમારી હયાતી ન હોય ત્યારે કોને કેટલી મિલકત મળે તેનું લખાણ અવશ્ય કરો. વીલ ગમે એટલી વાર બનાવી શકાય છે. તમારું છેલ્લું વીલ પ્રમાણભૂત ગણાશે.

(૨) તમારા જીવતાં જ તમારી બધી મિલકત તમારા વારસદારોને ન સોંપી દેશો. સંતાન તમારી સાથે તમારા બંધાવેલા નિવાસસ્થાનમાં રહે પણ નિવાસસ્થાન પર માલિકી હક્ક તમારો જ રાખવો.

(૩) તમારી સ્વયમોપાર્જિત મિલકતનો જેટલો હિસ્સો તમારે જેને આપવો હોય તેને આપવા તમે સ્વતંત્ર છો.

(૪) વીલમાં તમારા જીવનસાથી માટે ગણતરીપૂર્વક પ્રબંધ કરજો, જેથી એમને કોઈની પર આધાર રાખવો ન પડે.

(૫) તમે બહાર જાઓ ત્યારે તમારા ખિસ્સામાં તમારું પૂરું નામ, સરનામું, ટેલિફોન નંબર, તમને કોઈ રોગ હોય તો તેની વિગત, ફૅમિલી ડૉક્ટરનો કોન્ટેક્ટ નંબર લખેલી ચિઠ્ઠી અવશ્ય રાખો.



વસિયત અવશ્ય બનાવો

વસિયત અરબી ભાષાનો શબ્દ છે. એનો અર્થ થાય છે વારસાપત્ર. અંગ્રેજીમાં વસિયતને વીલ કહે છે. તમે જિંદગીપર્યંત જે ધનસંપત્તિ પ્રાપ્ત કરી હોય તે તમારી હયાતિ ન હોય ત્યારે મનોવાંછિત યોગ્ય વ્યક્તિને અપાય અથવા તો એ સંપત્તિ તમારી ઈચ્છા મુજબ વપરાય એ માટે તમે જે લખાણ કરો એ વીલ કહેવાય.

તમારા મૃત્યુ પહેલાં તમારા વસિયતની વિગત બહાર પાડવી જરૂરી નથી. વસિયતનું લખાણ પૂરેપૂરું કોઈને વંચાવવાની જરૂર નથી.

તમારા મૃત્યુ પછી તમારા વારસદારોને મિલકત પ્રાપ્ત કરવામાં કોઈ તકલીફ ન પડે અને અંદરોઅંદર ઝઘડા ન થાય. વારસો મેળવવા ખોટા ખર્ચમાં ઊતરવું ન પડે માટે વસિયતનામું કરવું અતિ આવશ્યક છે. તમે તમારી ઉપાર્જન કરેલી મિલકતનો ઈચ્છામાં આવે એટલો હિસ્સો જેને તમારે આપવો હોય એને આપી શકો છો.

વીલમાં મિલકતની યાદી દર્શાવવી, કેટલાં ઘર છે, એનો પ્લોટ કેવડો છે, બાંધકામ કેટલું છે, જમીન કેટલી છે, બૅંક, લૉકર્સ, ડિપૉઝિટ – સર્વ વિગતો જણાવવી.

તમે ધારો એટલી વાર વીલ બદલી શકો છો, તારીખ પ્રમાણે જે વસિયત છેલ્લું બનાવ્યું હશે એ વસિયત કાયદેસર અમલી બનશે. એ પહેલાં તમે બનાવેલાં બધાં વસિયત રદબાતલ ગણાશે. વીલમાં બનાવ્યા તારીખ લખવી અતિ આવશ્યક છે. વીલમાં બે સાક્ષીઓની સહી જોઈશે. સાક્ષીની ઉંમર જેનું વીલ બનાવ્યું હોય એના કરતાં ઓછી હોય એ ઈચ્છનીય છે. જે તારીખે વીલ બનાવ્યું હોય એ તારીખે જ સાક્ષીઓની સહી લેવી. બે સાક્ષીમાંથી એક સાક્ષી ડૉક્ટર કે વકીલ હોય તો સારું. ડૉક્ટર સાક્ષી હોય તો વીલ બનાવનારે પૂરા સાનભાનથી વીલ બનાવ્યું છે એની ખાતરી થઈ જાય અથવા તો ગમે તે બે ને સાક્ષી બનાવો.

વીલમાં પોતાના મૂડીરોકાણ કે અન્ય લેવડદેવડની નોંધ ખૂબ સ્પષ્ટતાથી વિગતવાર લખવી. કેટલાંક લોકો એવું માને છે કે મૃત્યુના ભણકારા સંભળાય ત્યારે વીલ બનાવવું એ યોગ્ય માન્યતા નથી. કારણ કે મૃત્યુ ગમે ત્યારે આવી શકે છે અને વીલ બનાવીએ તો મૃત્યુ પામીએ એવો અંધવિશ્વાસ ન રખાય. હવે તો વીલ બનાવનાર વ્યક્તિ પોતાના અવાજમાં વીલ ટેપ કરાવે છે, ક્યારેક ઓડિયો વીડિયો બેઉ ઊતરે છે. જેથી કોઈ ગેરસમજ રાર્જાય નહીં.

બની શકે તો વીલ કોર્ટમાં રજિસ્ટર્ડ કરાવવું હિતાવહ છે. વીલ કોર્ટમાં રજિસ્ટર્ડ કરાવવું ખૂબ સરળ છે. કોઈ વકીલની સલાહ પ્રમાણે કામ કરવું. જો કે વીલનો અમલ અંતે તો વ્યક્તિના વારસદારોની નિષ્ઠા પર અવલંબે છે. તમારી સ્વયંમોપાર્જિત મિલકત પર તમારા સંતાનોનો હક અબાધિત છે.

કેટલીક વાર એવું બને છે કે તમે વીલ બનાવી લીધું પછી તમારા વારસદારોનો

વ્યવહાર બદલાઈ જાય ત્યારે તમે તમારા વીલમાં ફેરફાર કરી શકો છો. પોતાની મૂડીરોકાણ કે અન્ય સંપત્તિની વહેંચણી અંગે પુનઃ વિચારણા કરી શકો છો.

વીલના વહીવટદાર તરીકે પણ પોતાના કોઈ વિશ્વાસુ માણસની નિમણૂક કરો. આ વહીવટદાર વીલ બનાવનાર કરતાં ઉંમરમાં નાનો હોય એ ઈચ્છનીય છે.

પરંતુ તમારા જીવતાં જ તમારી બધી મિલકત વારસદારોને સોંપવાની ભૂલ ન કરશો.

શક્ય હોય તો મેડિક્લેઈમ પૉલિસી કઢાવો. અત્યારે દાક્તરી સારવાર મોંઘી ને મોંઘી થતી જાય છે. માટે વધતા જતા તબીબી ખર્ચાને પહોંચી વળવા મેડિક્લેઈમ પૉલિસી કઢાવવી.

નોમિની એટલે શું?

માણસ જ્યારે મિલકત property ખરીદે છે ત્યારે ફૉર્મમાં એક કે બે વ્યક્તિનાં નામ નોમિની તરીકે લખે છે. જેથી એ મિલકત એની ઈચ્છિત વ્યક્તિને મળી શકે. નોમિનીમાં બે વ્યક્તિનાં નામ લખવા સલાહભર્યું છે, કારણ કે જે વ્યક્તિનું નામ નોમિની તરીકે લખ્યું હોય એ કદાચ મૃત્યુ પામે તો બીજી વ્યક્તિના નામ પર મિલકત ટ્રાન્સફર થઈ શકે.

વીમાની પૉલિસીમાં પૉલિસી ધારક મૃત્યુ પામે તો નોમિની ક્લેઈમ કરી શકે છે. પૉલિસીધારકનાં લગ્ન ન થયાં હોય તો એનાં માતાપિતાનું નામ લખવામાં આવે છે. માણસ એની ઈચ્છા મુજબ નોમિની બદલી શકે છે. જો કોઈ વ્યક્તિનું અકસ્માતમાં મૃત્યુ થયું હોય ત્યારે થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ એણે નીમેલી નોમિનીને મળે છે. બૅન્કના એકાઉન્ટમાં, લોકરમાં, ફિક્સ ડિપૉઝિટમાં નોમિની હોય છે. કોઈપણ વ્યક્તિને નોમિની નીમી શકાય છે. નોમિની કુટુંબનું સભ્ય હોય એ જરૂરી નથી. નોમિની ન નીમ્યો હોય તો કોર્ટમાં કાયદેસર કાર્યવાહી કરીને વારસાઈ સર્ટિફિકેટ મેળવવું પડતું હોય છે. આ બધી કાર્યવાહીમાં વકીલની જરૂર પડે છે અને સમય લાગે છે.

મેડિકલ વસિયતનામું

વ્યક્તિ પોતાના મૃત્યુ બાદ એના દેહનું દાન કરવાનું કે એના અંગઉપાંગનું દાન કરવાનું જણાવતું લખાણ કરી જાય છે. એ લખાણ મુજબ એના અંગઉપાંગનું દાન કરવામાં આવે છે.

